કુમાર

સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું માસિક • વર્ષ ચોત્રીસમું • અંક પાંચમો • સળંગ અંક ૪૦૨



કુરંગ : ફોટો કલાકાર ચિતરંજન આચાર્ય



કાંટો

ચિત્રકાર : પ્રદ્યુમ્ન તન્ના

કુમાર

મે ૧૯૫૭

અંક ૪૦૧

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો ‘કુમાર’ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

તજવો ના સંગાથ!

• પદ •

રુદિયાની ઓળખ જેની સાથ,
એનો તજવો ના, તજવો ના સંગાથ;
મેળવિયો હેતે જેનો હાથ,
એનો તજવો ના, તજવો ના સંગાથ.

દુનિયાની પારના ઓ ઊજળા હો દેશ, તો યે
રજ આ ધરતીની ના તજાય;
આવે સૂરજ—ચાંદાના નભથી સંદેશ, તો યે
ઘરનો દીવો ના હોલવાય: —રુદિયાની•

નાનકડા ઘરનો વાંકોચૂંકો હો ઊંબરો, પણ
ડુંગર પર વાસ ના વસાય;
ઊંચે રે ઊંચે ગાજે મેળો વાદળિયો, તો પણ
ઊંધી ગાગર રે ના ભળાય: —રુદિયાની•

પેલી ગમ પથરાયાં હો વનરાવન ગાઢ, તો યે
આંગણની છાંય ના હરાય;
વાટે ઘાટે નીરખ્યાં હો લોચનિયે વ્હાલ, તો યે
નિજનાં ના વેગળાં કરાય: —રુદિયાની•

હસિત બૂચ

ના જાણે

• ગાન •

ના જાણે, ના જાણે,
મન આ સુખ તે શી રીત માણે? ના જાણે•
કમલફૂલની પાંખડીએ રમતાં જલમોતી જોવાં,
મન મોહે અંજલિએ ધરવા, પણ અડતાં શું ખોવાં,
પલકપલકને દોર પરોવ્યાં ખરી પડે અણજાણે: ના જાણે•
ભૂતકાલના ભયભુલવણે કાળજું થરથર કંપે,
ભાવિના અંધારણે એ ક્યાં જઇને રે જંપે,
વ્યર્થ આજનાં વહી જાય આ વરસ્યાં નીર નવાણે: ના જાણે•

પિનાકિન્ ઠાકોર

વિયોગ

• દ્રુતવિલંબિત •

પ્રથમ પ્રીતિતણો હજી ભાર જ્યાં
નયનથી ઊતર્યો નહિ ત્યાં જ તો
મિલનની ક્ષણ સ્વલ્પ વીતી ગઇ!
—ઊગી ન ત્યાં જ શી બીજ ઢળી ગઈ!
અવશ મૌન તણો ય નશો યદિ
દૂર થયો હત તો વળી શબ્દ બે
વહી વિદાય દઇ શકતે ય તે:
ફક્ત નિમ્ન કરી દગને વધુ
બસ બધું પતવી દીધ ઇંગિતે!
વિરમી સ્હેજ અહીં ચરણો અમ
(સ્થિતિ લહી, સહી) ચિહ્ન મૂક્યા વિના
વહી ગયા વળી ભિન્ન દિશા વિષે!

હેમન્ત દેસાઈ

યુનિવર્સિટીમાં રહીને તમે સૌ જ્ઞાન પ્રાપ્ત કરો છો અને એવું સમજો છો કે એ જ્ઞાન તમારા ભાવી જીવનને લાભ કરી દેશે. ખરું જોતાં જ્યાં યુનિવર્સિટી-જ્ઞાન પૂરું થાય છે ત્યાં વિદ્યાનો આરંભ થાય છે. યુનિવર્સિટી-શિક્ષણ પૂરું કર્યું એનો અર્થ એટલો જ કે હવે તમે સ્વપુરુષાર્થે વિદ્યા પ્રાપ્ત કરી શકો. હવે તમે નિજાધાર બન્યા, નિરાધાર ન રહ્યા.

વિદ્યાર્થીઓ અંગે મારી એવી ફરિયાદ છે કે એમને સ્વતંત્ર રીતે કોઈ પણ વાત પર વિચારવા જ નથી દેવામાં આવતા. વિદ્યાર્થીઓ માટે આ એક મોટું જોખમ છે. તમે સૌ અલગ અલગ સંઘો (યૂનિયન) રચો છો. આવા સંઘોમાં રહેવા માટે ખાસ વિચારપ્રણાલીનું અનુસરણ કરવું પડે છે. હું પૂછું છું કે સિંહોનું કદી કોઈ યૂનિયન બને છે ખરું? મારો આશય એવો નથી કે તમારે કોઇની સાથે સહકાર જ ન કરવો. સારી વાતોમાં જરૂર સહકાર કરવો જોઇએ, પણ વિચારોને સ્વતંત્ર રાખીને સત્ય દર્શન માટે એમાં આવશ્યક ફેરફાર કરવા માટે તૈયાર રહેવું જોઇએ. એને જ સત્યનિષ્ઠા કહે છે.

તમે આંખ અને પગનો ભેદ સમજો: આંખ આખી દુનિયાનું નિરીક્ષણ કરવા માટે ખુલ્લી હોવી જોઇએ; એને સ્વૈરસંચાર કરવાની પૂરી સ્વતંત્રતા હોવી જોઇએ. પણ પગને તો નિયત માર્ગે જ ચાલવું જોઇએ; તો જ પ્રવાસ થઈ શકે. વરસાદનું બધું પાણી અલગ અલગ દિશામાં જ્યાંત્યાં વહી જાય તો તેથી નદી ન બને. નદી બનવા માટે તો ચોક્કસ દિશા જોઇએ.

વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછું કાંઇ ને કાંઈ નિર્માણકાર્ય તો કરતા જ રહેવું જોઇએ. નિર્માણકાર્ય વિના શંકા વિનાનું નક્કર જ્ઞાન પણ પ્રાપ્ત નથી થતું. પ્રયોગ દ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન નિઃસંશય હોય છે. હું વિદ્યાર્થીઓને પૂછું છું કે તમને રોટી બનાવતાં આવડે છે? તો તેઓ કહે છે, કે રોટી બનાવવી એ તો છોકરીઓનું કામ છે! જે લોકોએ કામમાં આ જાતના ભેદ પાડયા છે, એમણે જ્ઞાનને પુરુષાર્થહીન બનાવ્યું છે.

શ્રીકૃષ્ણ બચપણમાં હાથેથી કામ કરતા. મહેનતમજૂરી કરતા. એથી જ ગીતામાં આટલી સ્વતંત્ર પ્રતિભાનું દર્શન આપણને થાય છે. આપણે કેવળ 'ઢચલાબંધ' વિદ્યા નથી પ્રાપ્ત કરવી, 'તેજસ્વી' વિદ્યા પ્રાપ્ત કરવી છે. જે વિદ્યામાં કર્તૃત્વશક્તિ નથી, સ્વતંત્ર રીતે વિચાર કરવાની બુદ્ધિ નથી, જોખમ ખેડવાની વૃત્તિ નથી, એ વિદ્યા નિસ્તેજ છે.

આચાર્ય વિનોબા

નીરોગી થવા અને રહેવાની એક સાદી ક્રિયા

પ્રાણાયામ

લેખક · હસુભાઇ શુકલ

ભાષામાં સામાન્યરીતે વપરાતા કેટલાક શબ્દો કેવા અર્થપૂર્ણ હોય છે! એવા બે શબ્દો છે. 'પ્રાણવાન' ને 'નિષ્પ્રાણ'. કોઈ લેખકના તેજસ્વી સાહિત્યને, કોઈ ઉત્તમ, સ્થાયી અસર કરનારી કલાકૃતિને કે કોઈ જોશીલા હલાવી મૂકનાર વ્યાખ્યાનને આપણે પ્રાણવાન કહીએ છીએ. એથી ઊલટું જડ, શિથિલ કે નિર્માલ્ય સાહિત્યસર્જન, કલાકૃતિ કે વક્તવ્યને આપણે નિષ્પ્રાણ કહીએ છીએ. પ્રાણ એટલે ચેતન, જીવન, Breath of Life. એ પ્રાણ જેટલો પરિપૂર્ણ અને નીરોગી એટલું જીવન પરિપૂર્ણ અને નીરોગી; એ જેટલો અપૂર્ણ અને ઊણો એટલું જીવન પણ અપૂર્ણ અને ઊણું અથવા રોગી.

જો બધાને શ્વાસ સારી રીતે લઇને કાઢવાની રીત આવડતી હોય, જો બધા સ્વચ્છ હવા શ્વાસમાં લેવાની કાળજી રાખતા હોય અને જો બધા યોગ્ય રીતે બેસવા ચાલવાની ટેવો પહેલેથી પાડતા હોય તો અત્યારે જેટલા રોગો છે તેમાંના પચાસ ટકા રોગો તો અટકી જાય. એથી ઊલટું, એ પ્રાણવાયુના અપૂરતા પ્રમાણથી અશુદ્ધતાથી શરીર અનેક રોગોનું ભોગ બની અકાળે જીર્ણ થઈ જાય છે.

આપણે બધા જાણીએ છીએ કે નાક વાટે લીધેલો શ્વાસ નાકની અંદર ચાળણી જેવા આવેલા વાળમાંથી ગળાઇને શ્વાસનળી વાટે ફેફસાંમાં જાય છે. અને શ્વાસ કાઢીએ છીએ ત્યારે આનાથી ઊલટો ક્રમ થાય છે. આ બધા જ અવયવો જો સારા હોય તો શ્વાસને જવાઆવવામાં કોઈ જાતનો અવરોધ નડે નહિ. જો કોઇ પણ ઠેકાણે સહેજ પણ ખામી હોય તો શ્વાસની અને એને લગતી બીજી ક્રિયાઓ બરોબર થાય નહિ. દાખલા તરીકે કેટલાક માણસો બંધ નાકને ખુલ્લું કરવાનો જાણે પ્રયત્ન કરતા હોય તેમ સાથે બેસનારને ન ગમે તેવો ખૂં ખૂં અવાજ કરતા હોય છે.

આપણા શરીરમાં આ પાંચ તંત્રો અવિરત કામ કરે છે એ સામાન્ય રીતની વાત છે. એમાંથી કોઇ પણ સહેજ ખોટકાય તો શરીરનું સ્વાસ્થ્ય બગડે છે. આ પાંચ તંત્રો છે પાચન, રુધિરાભિસરણ, શ્વાસોચ્છ્વાસ, ગ્રંથિઓ ને જ્ઞાનતંતુઓ. આ બધાનાં કામ એકબીજા ઉપર આધાર રાખનારાં છે અને એક બગડે તો એની સાથે બીજું, ત્રીજું એમ બધાં જ બગડતાં જાય છે. દાખલા તરીકે પાચનતંત્ર સારી રીતે કામ ન કરતું હોય તો રુધિરવાહિની શિરાઓ બીચારી સરસ કામ કરવા તૈયાર હોય તો પણ શું કરી શકે? લોહી જ પૂરતા પ્રમાણમાં ન થાય તો એ ફેરવે શું? વારુ. લોહી પૂરતા પ્રમાણમાં હોય, પણ શ્વાસ તથા ઉચ્છ્વાસની ક્રિયા બરોબર ન ચાલતી હોય, લોહી જેટલું શુદ્ધ અને શક્તિશાળી હોવું જોઇએ એટલું ન હોય તો દૂરદૂરના અને પાસેના અવયવો સારી રીતે કામ ક્યાંથી કરે? ગ્રંથિઓમાં સ્રાવ જોઇતો અને સ્વચ્છ ન હોય તો જ્ઞાનતંતુઓ શિથિલ થાય, પરિણામે આખા શરીરની ક્રિયાઓ મંદ પડે. જેમકે થાઇરૉઇડ ગ્રંથિ કામ ન કરે તો માણસમાં અકાળે વૃદ્ધત્વ આવી જાય! એની આંખો નિસ્તેજ થઈ જાય, ડાચાં બેસી જાય અને વાળ ધોળા થઈ જાય; અને એ જ થાઇરૉઇડ ગ્રંથિ કામ કરતી થાય કે તરત જ પાછું ચેતન વહેવા માંડે, આંખો તેજસ્વી, મોં ભરેલું અને વાળ ચકચકિત કાળા થઈ જાય. આ ગ્રંથિઓ અને જ્ઞાનતંતુઓને જો સ્વચ્છ લોહી પૂરતા પ્રમાણમાં ન મળે તો એમનું કામ કરતાં એ અટકી જાય અને શરીરમાં ક્ષીણતા આવે. આ પ્રમાણે આ બધા અવયવો પરસ્પરાવલંબી છે અને બધાંનું સ્વાસ્થ્ય સચવાય તો જ માણસ સારી રીતે જીવી શકે.

યોગ્ય રીતે કરેલી શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી જ આપણે સ્વાસ્થ્ય મેળવી શકીએ. આપણા શરીરમાં કાર્બન ડાયૉક્સાઇડ પેદા થાય છે એ આપણે જાણીએ છીએ. ઉચ્છ્વાસની ક્રિયા સારી રીતે થાય તો એ બહાર નીકળી જાય અને શરીરને કોઇ પણ પ્રકારે હાનિ કરે નહિ, પણ એમ ન થાય તો એ વાયુ શરીરમાં વ્યાપી જાય છે અને ખરાબ અસર ઉત્પન્ન કરે છે. એ જ પ્રમાણે આંતરડાં અને મૂત્રાશયનું કામ કચરો કાઢી નાખવાનું છે. એ અવયવો જો સારી રીતે કામ ન કરે તો કચરો શરીરમાં ભેગો થાય અને એ બધા રોગનું કારણ બની જાય. શ્વાસોચ્છ્વાસની ક્રિયા નિયમિત અને વૈજ્ઞાનિક રીતે કરીએ તો પૂરતા પ્રમાણમાં સ્વચ્છ પ્રાણવાયુ મળી રહે, અને આંતરડાં તથા મૂત્રાશયને માલિશ મળીને એમનું હલનચલન ચાલુ રહે અને કચરો બધો બહાર નીકળી જાય. દિવસમાં અમુક વખત જ આવી રીતે શ્વાસ લેવા-મૂકવાની ક્રિયા યોગ્ય રીતે કરીએ તોપણ એની અસર આખો દિવસ રહે અને પેલા અવયવો પોતાનું કામ સારી રીતે બજાવતા રહે.

ઘણી વખત કામ કરતાંકરતાં, વાંચતાંવાંચતાં કે ટેબલ ઉપર બેસીને લખતાં લખતાં કે બોલતાં આપણે થાકી જઈએ છીએ, અને પાછા બરોબર તાજા થવા ચા-કૉફી લઇએ છીએ કે બીડી સળગાવીએ છીએ. એવે વખતે આવું કશું લેવાને બદલે ફક્ત બે જ મિનિટ બારી પાસે કે બીજી જગ્યાએ ઊભા રહીને ઊંડો શ્વાસ લેવો અને બધો શ્વાસ કાઢી નાખવો. એક મિનિટમાં આવી રીતે ૫-૭ વખત શ્વાસ લઈ અને મૂકી શકાય. ૨ મિનિટમાં દસેક વખત જો આ પ્રમાણે કરી શકીએ તો આપણો કંટાળો ક્યાંય અદૃશ્ય થઈ જશે અને કામ કરવાનો ઉત્સાહ ચા કે બીડીથી કદી ન આવે એવો આવશે અને ચા-બીડીની જે થોડી ઘણી ખરાબ અસર થાય છે એ નહિ થાય.

પણ આ તો થીંગડું મારવાની વાત થઈ: થાક લાગે ત્યારે ઉત્તેજકોની મદદ વિના કેવી રીતે એને દૂર કરવો એ કહ્યું. પણ આપણે શ્વાસોચ્છ્વાસની વૈજ્ઞાનિક પદ્ધતિથી શરીરને જ એવું બનાવવું કે કામ કરતાં એ કદી થાકે જ નહિ. એને માટે દરેક જણે નીચેનો પ્રયોગ કરવો. એનાથી એમને એ પ્રયોગ કરતા હશે ત્યારે તો ફાયદો થશે જ, પણ એ પ્રયોગ પૂરો થઈ ગયા પછી આખો દિવસ પણ એ ફાયદો કાયમ રહેશે અને લાંબા સમય સુધી એ ટેવ રાખવામાં આવશે તો શરીર કાયમ માટે નીરોગી અને સશક્ત રહેશે.

મળવિસર્જન આદિ ક્રિયાઓથી પરવારીને, ચોખ્ખા ઓરડામાં જ્યાં સ્વચ્છ હવાની અવરજવર હોય ત્યાં જવું અને ટટ્ટાર ઊભા રહેવું. પછી કમરનાં હાડકાં ઉપર હાથ મૂકીને બધો શ્વાસ ધીમે ધીમે કાઢી નાખવો. શ્વાસ કાઢી નાખ્યા પછી એની મેળે એકદમ ભરાઈ જાય એવી સ્થિતિ ન આવવા દેવી, પણ ધીમેધીમે શ્વાસ લઇને ફેફસાં અને છાતી ભરી દેવાં. આપણું ધ્યાન નાકની અંદરના ભાગમાં હવા શ્વાસનળીને અડકે છે ત્યાં કેન્દ્રિત કરવું અને આ શુદ્ધ હવા મનને સશક્ત ને પ્રાણવાન બનાવી રહી છે એવો સંકલ્પ કરવો. છાતી પૂરેપૂરી ભરાઈ રહે એટલે શ્વાસ ધીમે ધીમે કાઢવો. એમાં પણ ઉતાવળ થઇ જાય કે મોં ઊઘડી જાય એવી સ્થિતિ કદી આવવા દેવી નહિ. બધો શ્વાસ નીકળી જાય એટલે શ્વાસ લીધા કે છોડ્યા વિનાની સ્થિતિમાં સહેજ વાર ઊભા રહેવું, અને પછી પાછો શ્વાસ લેવાનો શરૂ કરવો. આ પ્રમાણે સવારસાંજ ફક્ત પાંચ કે સાત વખત કરવામાં આવે તો દીર્ઘ શ્વાસ લેવાની ટેવ પડે, શરીર નીરોગી થાય અને જે અનેક અવરોધો તથા અડચણો નાકમાં જામ્યાં હોય તે દૂર થાય. (અનુ. પૃ. ૨૯૯મે)

તમિળ સાહિત્ય તથા જીવનના એક મહાન પરિબળ સમા અતિ-સાહિત્યકાર કલ્કિ

લેખક : સુબ્રહ્મણ્યમ્ દવે



ત્રણુ વર્ષ પહેલાં ડિસેમ્બરના એક ઢળતા પહોરે રેડિયો નિવેદકે દર્દભર્યા શબ્દોમાં જાહેર કર્યું : "'કલ્કિ'નું અવસાન થયું છે, અને તેમના અવસાનની સાથે તમિળ વાઙ્મયનો એક યુગ આથમી ગયો છે!" એ વેળાએ આ શબ્દોની તમિળ વાચકસમુદાયને કદાચ પૂર્ણ પ્રતીતિ ન થઈ હોય તો તે સ્વાભાવિક છે, કેમકે ત્યારે પણ અભિમાન અને દ્વેષભર્યાં પૂર્વગ્રહી વર્તુલોની તમિળ સાહિત્ય પર વત્તીઓછી પકડ હતી જ. "'કલ્કિ' શુદ્ધ તમિળ લખે છે." એટલું જ માત્ર એ વખતે જેઓ કબૂલ રાખતા હતા તેઓ આજે કબૂલ કરે છે કે "નિઃસંદેહ 'કલ્કિ' અતિ-સાહિત્યકાર હતા અને તેમનું વ્યક્તિત્વ એ તમિળ વાઙ્મય તથા જીવનનું મહાન પરિબળ હતું."

ઈ. ૧૯૨૦ના ગાળામાં તમિળ લેખનની સ્થિતિ દુઃખજનક હતી. અન્ય ભારતીય ભાષાઓનાં લેખનમાં જે અભિનવ વિચારો અને ભાવનાઓનો જુવાળ ત્યારે જાગ્યો હતો તેનો તમિળ ભાષામાં અભાવ હતો. તમિળમાં ત્યારે બહુ જ ઓછાં સામયિકો બહાર પડતાં. ઉત્કૃષ્ટ કહી શકાય એવું વર્તમાનપત્ર તો ત્યારે માત્ર એક જ બહાર પડતું. અર્ધો જેટલાં સામયિકો તો પ્રાચીન તમિળ ગ્રંથો પરનાં, સામાન્ય માનવી સમજી જ ન શકે એવાં, દુર્બોધ શાસ્ત્રીય ભાષામાં કરાએલાં વ્યાખ્યાનો છાપતાં. બાકીનાં સામયિકો જે છાપતાં તે લગભગ હળવું, હલકું અને સાહિત્યના શુદ્ધ રસ વિનાનું ફિસ્સું હતું. એક સામયિક તો બીજી ભારતીય ભાષાઓ—મુખ્યત્વે બંગાળી—પરથી અનુવાદો જ પ્રકટ કર્યા કરતું; પરંતુ તેમાંની યે પસંદગી હમેશાં ઉત્તમ ન રહેતી. સાચું સર્જક સાહિત્ય ત્યારે તદ્દન નજીવ હતું. લોકોની ભાષા તો તમિળ સાહિત્યને કેવળ અજાણુ હતીઃ જોકે ભાષા પોતે પંડિતોના ભરડામાંથી છટકવા મથતી હતી. ત્યારે કવિ સુબ્રહ્મણ્ય ભારતી અને તિરુ વિ કલ્યાણસુંદરાનર જેવા લેખકોએ શરૂ કરેલી સાહિત્ય-પ્રવૃત્તિઓ પણ જોઇતી માત્રામાં પરિણામો લાવી શકી નહોતી. વળી, કેવળ પંડિતોની રૂઢિચુસ્તતા જ તમિળ વાઙ્મયવિકાસને નડતરરૂપ ન હતી; અંગ્રેજી ભણેલા-ગણેલાઓ પણ તમિળ ભાષા પરત્વે નાકનું ટેરવું ચડાવીને ફરતા. મુખ્ય નડતરરૂપ તો હતી તેમની ઉપેક્ષાવૃત્તિ. જીવનના કોઈ પણ ક્ષેત્રના વિચારોને વ્યક્ત કરવા માટે તમિળ ભાષા અંગ્રેજી જેટલી કદી સમર્થ ન બની શકે એવું તેમનું માનવું હતું.

'કલ્કિ'ના ઉપનામથી લખતા આર. કૃષ્ણમૂર્તિ નામના એક જુવાને મદ્રાસ આવીને 'આનંદ વિકાતન' નામના એક સાપ્તાહિકનું તંત્રીપદ સ્વીકાર્યું ત્યાં સુધી તમિળ સાહિત્યની ઉપર કહી એવી પશ્ચાદ્ભૂમિકા પ્રવર્તતી હતી. પણ અદમ્ય ઉત્સાહથી ભરેલો અને રાજાજી જેવા વિચક્ષણ ચિંતકના આશીર્વાદ પામેલો એ જુવાન વિશિષ્ટ પ્રતિભાશક્તિનું ભાથું લઇને વાઙ્મયક્ષેત્રમાં પ્રવેશ્યો, અને એની જીવનકારકિર્દીના પ્રત્યેક સોપાન સાથે સજીવ તમિળ વાઙ્મયનાં સોપાન ઘડાતાં ગયાં; કારણ કે એની કામગીરી અને સજીવ વાઙ્મયનો વિકાસ એ ભિન્ન નથી.

તમિળ વાઙ્મયની સંક્રાન્તિના એ ક્ષેત્રવિધાયકનો જન્મ ઈ. ૧૯૦૦ માં મદ્રાસના મયૂરમ નજીકનાં પુત્તમંગલમ નામના સામાન્ય ગામમાં થયો હતો. નાનપણમાં તેઓ રમતાંરમતાં ગામના રસ્તા નજીકના એક તળાવના પાણીમાં ઊતર્યા હશે, જ્યાં પગ લપસતાં ડૂબકાં ખાઈખાઇને પાડેલી તેમની ચીસો સાંભળીને રસ્તેથી પસાર થતા એક શાળાશિક્ષકે દોડી આવીને તેમની જિંદગી બચાવી ન લીધી હોત તો તમિળ સાહિત્યનો અંધકારયુગ હજી કેટલો યે મોડો આથમ્યો હોત. ઘરના પ્રતિકૂળ સંજોગોને કારણે શરૂમાં તો તેમને થોડાવખત પૂરતો અભ્યાસ પણ મુલતવી રાખવો પડેલો. એ કુમારાવસ્થામાં તેમને હરિકથામાં બહુ રસ હતો. હરિકથાકારો અને કીર્તનકારોને સાંભળીને એમને તેમના જેવા થવાનું મન વારંવાર થઈ આવતું. પરિણામે એક ભાગવતકાર પાસેથી શિક્ષણ મેળવીને ઊગતી વયે તેઓ કીર્તનકાર બન્યા. એમાં જરૂરી એવું સંગીતનું પણ ઉત્તમ જ્ઞાન તેમણે સંપાદન કરી લીધું, અને અચ્છા વાર્તા કહેનાર તરીકે પણ પોતાની શક્તિ ખીલવી. આમ તળપદી ને શુદ્ધ તમિળ ભાષા પર તેમનો કાબૂ જામી ગયો.

પરંતુ આ દરમ્યાન પણ અભ્યાસની ઊણપ તો તેમને સતત સાલ્યા જ કરતી. તેથી તેઓ ત્રિચિનોપલ્લી ગયા અને ત્યાંની 'કૉલેજ-હાઈસ્કૂલ'માં દાખલ થઈ ગયા. તેમની અભ્યાસનિષ્ઠા આદર્શ હતી. શાળામાં હમેશાં તેઓ પહેલો નંબર જાળવતા. ઉપરાંત તેમણે એ વખતે ઇતર વાચન દ્વારા સંપાદન કરેલું જ્ઞાન આશ્ચર્ય ઊપજે એટલું બહોળું હતું. લગભગ બધાં જ અંગ્રેજી સામયિકોના તેઓ વાચનસંપર્કમાં રહેતા, અને તેમાં યે શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયનું 'મૉડર્ન રિવ્યૂ' તેમનું પરમ પ્રિય હતું. ત્યાં તો રાષ્ટ્રની સ્વાતંત્ર્યલડતનું રણશીંગું ફૂંકાયું, અને પોતાની અભ્યાસ-કારકિર્દીને છોડીને તેમણે સ્વાતંત્ર્ય માટેની લડતની કામગીરી સ્વીકારી લીધી. પાછળથી અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાંથી તેઓ વિનીત (મૅટ્રિક) થએલા.

સત્યાગ્રહની લડત એ એમના સમસ્ત જીવનમાં પરિવર્તનકારી પાસું છે. જેમજેમ તેઓ દેશનેતાઓના સક્રિય પરિચયમાં આવતા ગયા તેમતેમ તેમની દેશસ્વાતંત્ર્યની ભાવના વધુ ને વધુ ઉગ્ર તથા તીવ્ર બનતી ગઈ. રાજાજીનો તેમના પર સવિશેષ પ્રભાવ હતો. પછી



શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્ય(રાજાજી) સાથે 'કલ્કિ' (ખુરશીમાં)

તેમની કલમે સર કરી હતી. તમિળ વાઙ્મયમાં નવનિર્માણ કાળ તરીકે ઓળખાતો એ યુગ 'કલ્કિ'ની જ કલમની સર્જત હતો. 'તમિળ એ તે કંઈ સાહિત્યવાહી ભાષા છે?' એવા અંગ્રેજી ભણેલા 'સુધરેલા'ઓના પૂર્વગ્રહો હવે અસ્ત પામ્યા હતા. એમને 'કલ્કિ'ની કલમે શીખવ્યું કે 'હા, તમિળ એ સાહિત્યવાહી ભાષા છે— જેને માટે તમે અભિમાન લઇ શકો એવી.'

વિષયની સંગ્રહણશક્તિની અસાધારણ તીવ્રતા, વિચારની વિશદતા, પ્રવાહી લાઘવયુક્ત લેખન અને સજીવ—ક્યારેક ધૂમ હસાવતી રમૂજવૃત્તિ, એ 'કલ્કિ'ની શૈલીના પ્રધાન ગુણો છે. ઉપરાંત, પોતાની જાતને હમેશાં લોકસમુદાય આગળ પ્રસ્તુત સમજવાની તેમને વિરલ વિચાર-બક્ષિશ છે. લખવાનું શરૂ કર્યું ત્યારથી જ તેમને પ્રતીતિ થઇ ચૂકી હતી કે પોતે જો પોતાના લેખનને સફળ બનાવવું હશે તો તેને લોકો માટે વધુમાં વધુ પ્રમાણમાં રસભોગ્ય બનાવ્યા વિના છૂટકો નથી. સજીવ અને પ્રવાહી બાનીમાં પ્રથમથી જ તેમણે રાજકારણ, સાહિત્ય, કળાઓ આદિ અનેકવિધ વિષયો પર જુદાંજુદાં ઉપનામોથી સફળતાપૂર્વક કલમ ચલાવી છે. વિચારની બેનમૂન વિશદતા ને તીવ્ર અભિવ્યક્તિએ તેમના લખાણની પંક્તિએ પંક્તિને એકસૂત્રતા અને ખમીર બક્ષ્યું છે. જોતજોતાંમાં તેમનું નામ તમિળનાડના ઘેરેઘેર જાણીતું બની ગયું, અને જેમજેમ નવો વાચકસમુદાય જાગતો ગયો તેમતેમ 'કલ્કિ'એ તેના વાચનની ક્ષિતિજોને વિસ્તાર્યા કરી. એમણે પ્રવાસલેખો અને હળવા વ્યક્તિગત નિબંધો આપ્યા (જે જાતનું સાહિત્ય લખવાનો પૂર્વે કોઇએ પ્રયાસ સરખો યે નહોતો કર્યો), પુસ્તકોની સંગ્રહણશીલ અને તટસ્થ વિવેચનાઓ લખવા માંડી, અને સંગીત તથા ફિલ્મોને વિષે પણ લેખો લખ્યા.

તો રાજાજી સાથેનો તેમનો સમાગમ પ્રગાઢ મૈત્રીમાં પરિણમ્યો. હવે જાણે પોતાનું નિર્ધારિત જીવનક્ષેત્ર મળી ગયું હોય તેમ એમણે દૃઢ સંકલ્પપૂર્વક કલમ ધારણ કરી. સ્વાતંત્ર્ય-આંદોલનને મદ્રાસભરમાં વ્યાપક બનાવવામાં તેમની કલમે જાદુઈ લકડી જેવું કામ આપ્યું. પ્રબળ કાર્યશક્તિને સ્વરૂપે જોવા જઇએ તો તેમની લેખિનીએ બેધારી તલવારનું સ્વરૂપ ધારણ કર્યું હતું. તિરુ વિ કલ્યાણના પ્રતિષ્ઠિત પત્ર 'નવશક્તિ'માંની તેમની કલમે અદ્ભુત સફળતાથી સ્વાતંત્ર્ય-આંદોલનને વ્યાપક બનાવ્યું, અને બીજી તરફ લગભગ અણખેડાએલા રહેલા તમિળ સાહિત્યના ક્ષેત્રમાં વિધવિધ સાહિત્યપ્રકારોના અવનવા ચાસ પાડીને નવતમ વિચારોનાં તેમણે બીજ વાવ્યાં, અને આમ, તમિળ વાઙ્મયમાં અભિનવ યુગ પ્રવર્તાવ્યો. ત્રિચિગોડમાં આવેલા રાજાજીના આશ્રમમાં દાખલ થયા પછી તેમણે આશ્રમના પત્ર 'વિમોચન'નું સંપાદન કરેલું. ત્યાર બાદ શ્રી એસ. એસ. વાસને મદ્રાસથી શરૂ કરેલા માસિક 'આનંદ વિકાતન'માં તેમણે લખવા માંડ્યું અને પછી તેના તેઓ તંત્રી બન્યા. પછી તો તેમણે 'આનંદ વિકાતન' પખવાડિયે અને છેવટે અઠવાડિયે પ્રકટ કરવા માંડ્યું.

દરમ્યાન સ્વાતંત્ર્ય-આંદોલન તો ક્યારનું યે મદ્રાસ આખામાં વ્યાપી ચૂક્યું હતું. એટલે સ્વાભાવિકપણે જ સ્વાતંત્ર્ય-સાહિત્ય સાથે સર્જક સાહિત્ય પણ તેમની કલમે લખાતું જતું હતું. જુદાંજુદાં ઉપનામોથી તેઓ અનેક વિષયો પર લેખો લખતા. યુવાનીનો થનગનાટ અને પ્રૌઢ વયની ધીટતા ઉભય તેમનાં લખાણોમાં પ્રતિબિંબિત થતાં હતાં. આ બાજુ 'આનંદ વિકાતન' પણ ફૂલ્યું ફાલ્યું હતું તથા આવક પણ સારી કરતું હતું. સામાન્ય માનવીની સાહિત્ય-ઉત્કંઠા ત્યારે શબ્દવ્યૂહો પૂરતી મર્યાદિત હતી. તેને જીવનમાં રસ અને આનંદ પ્રેરતી સાહિત્યકલા દ્વારા તેમણે સંસ્કારી.

પણ ઇ. ૧૯૪૨ના સાંધ્ય કાળમાં તેમણે ધમધોકાર ચાલતા 'આનંદ વિકાતન'નું તંત્રીપદ છોડી દીધું અને પોતે જે ઉપનામે લખતા એ 'કલ્કિ' નામનું જ પત્ર કાઢી તેમાં વધુ જોમ અને શક્તિથી ધબકતા લેખો તેમણે લખવા શરૂ કર્યા. ૧૯૪૨ની જાગૃતિની ભવ્ય પશ્ચાદ્-ભૂ તો ત્યારે હતી જ. 'કલ્કિ'ની પત્રકાર ને સાહિત્યકાર તરીકેની કારકિર્દીનો એ સુવર્ણકાળ હતો.તમિળ સાહિત્યનાં વિકાસ અને સિદ્ધિની દૂરતમ હદો

એકનિષ્ઠ રાષ્ટ્રવાદી બનીને લોકસમુદાયને તેમણે રાષ્ટ્રકારણ પ્રત્યે ઉન્મુખ કર્યો. રાજકારણનાં અટપટાં પાસાંને પ્રવાહી ગદ્યમાં નિરૂપીને તેમણે સર્વસાધારણ મનુષ્ય માટે પણ સમજવાં આસાન બનાવી દીધાં. કૉંગ્રેસના આદેશોને તેમણે લોકો આગળ એવી તો પ્રતીતિજનક શૈલીમાં મૂકયા કે પછી તો તેઓ જાતે જ તેના આશ્રયનો આગ્રહ સેવતા થઈ ગયા. તેમનો પડ્યો બોલ ઝીલવા લોકો આતુર અને તૈયાર રહેતા. તમિળ ભાષાના મહાન કવિ સુબ્રહ્મણ્ય ભારતીના સ્મારક માટે ફાળો ઉઘરાવતી વખતે તેમણે લોકોને કરેલી અરજનો ઉદાર પડઘો પડેલો ને કવિને જન્મસ્થાને રમણીય સ્મારક બાંધવાનું શકય બનેલું. સામાન્યમાં સામાન્ય વાચકને સંગીતમાં રસ લેતો કરી મૂકનાર હતા તેમના 'કર્ણાટકમ્'ને ઉપનામે લખાતા લેખો. સંગીત અને કળાના શૉખ ધનિકોને જ પરવડે, સામાન્ય માણસનું ગજું નહિ એવી પ્રચલિત લોકમાન્યતાને તેમણે નિર્મૂળ કરી. આજના તમિળ સંગીતકલાકારો પર સીધી યા આડકતરી રીતે 'કલ્કિ'નું સવિશેષ ઋણ છે.

'આનંદ વિકાતન'માં તેમણે ગાળેલાં દસ વર્ષો એ તેમના સાહિત્યસર્જનનો સમૃદ્ધિકાળ હતો. છેલ્લાં પચાસ વર્ષોની સર્વશ્રેષ્ઠ તમિળ નવલિકાઓમાંની તેમની 'ઇદિંત કોઅટ્ટઇ' (ખંડિત કિલ્લો) અને 'તિરુવઝુંદુર શિવક્કોઝુંદુ' જેવી કૃતિઓ તથા 'કનૈયાઝિયિં કાનાવુ' (કનૈયાઝિનું સ્વપ્ન) નામનો તેમનો પ્રશસ્ત સંગ્રહ આ ગાળામાં લખાએલો. સમૃદ્ધ કલ્પનાશક્તિ, કૌશલભર્યું પાત્રાલેખન અને સૌથી વિશેષ તો ઘાટની પરિપૂર્ણતા એ તેમની નવલિકાનાં, તમીળ સાહિત્યમાં તો અભૂત અને અપૂર્વ તત્ત્વો છે. આ સમય દરમ્યાન તેમણે (અનુ. પૃષ્ઠ ૨૯૯મે)

લેખક · સનતકુમાર ભટ્ટ ★ એક સાહસકથા

પાતાળ કૂવો



જોરથી એક લાત જમાવી મલંગે કહ્યું 'ઊઠ બે ગધે':

'અરે ઓ મિસ્ટર! યહ ઇતની બડી ઇમારત કિસકી હૈ?' મેં સામેની ઝાડીમાંથી નીકળી આવતા એક માણસને પૂછ્યું.

'હં? તુમ્હેં ક્યા કામ હૈ? વહ તો કુછ...કુછ ભી નહીં હૈ. અરે એક પડા હુઆ મકાન તો હૈ.'

'અચ્છા! કોઈ રહતા ભી હૈ?'

'અરે કાહે કો સર પકાતે હો! ઐસે જંગલ મેં, જાનવરોં કે બીચ, ઇસ ખંડહર મેં કૌન મેરા બાપ રહેગા? રાસ્તા પકડો રાસ્તા.'

પેલાનો જવાબ સાંભળી હું તો ડઘાઈ જ ગયો. પેલો તો મારી તરફ વારંવાર પાછળ ફરી વળીવળીને જોતોજોતો વળાંક લેતા રસ્તા આડે અદૃશ્ય થઈ ગયો. કોણ જાણે કેમ મને એ માણસની બોલચાલ પરથી કાંઈક વહેમ ગયો. અને પેલું દૂર દેખાતું ભવ્ય ખંડિયેર જાણે મને બોલાવતું ન હોય એમ લાગ્યું. અને મેં સડક છોડીને ખંડિયેર તરફ જતી આછીપાતળી પણ વપરાએલી કેડી તરફ સાઈકલ વાળી.

હું ઇંદોરની કૉલેજમાં અભ્યાસ કરતો હતો. નાતાલની રજાઓ હતી. રખડુ સ્વભાવ રહ્યો. થયું, ચાલ એકાદી સફર કરી આવું. સાંભળ્યું હતું કે અહીંથી અઢારવીસ માઈલ દૂર મહુ શહેર છે. મોટે ભાગે યુરોપિયનોની વસતિ છે. ટેકરા પર વસેલું છે. નાનકડા સિમલા જેવું સુંદર છે. હું બપોરે જમીને નીકળી પડચો.

રસ્તો તદ્દન વેરાન હતો. બેઉ બાજુ ઝાડી હતી. કુદરતી સૌંદર્ય આકર્ષક હતું. અડધે રસ્તે એક ભવ્ય ઇમારત જોઈ. થયું, ચાલ આ પ્રાચીન યાદગીરી કેવીક છે તે તો જોઈએ.

વાંકીચૂકી કેડી પર સડસડાટ સાઈકલ મારી મૂકી. કેડીની હાલત પરથી લાગ્યું કે આ તરફ કોઈની અવરજવર થતી નહિ હોય. ખંડિયેર બહારથી જોતાં ખરેખર ભવ્ય લાગતું હતું. ઊંચી ઊભણીવાળા ચાર માળ હતા. પણ બધા તૂટી પડેલા. ગોળગોળ સીડીઓ, ઊંચા ઓટલા ને વરંડા, ઝરૂખા ને ગોખ, ફુવારા ને હોજ, ઘુંમટ અને કમાનો જોઈ મને લાગ્યું કે કોઈ અણમાનીતી રાણીનો મહેલ તો નહિ હોય? પણ બધું વેરવિખેર. એકે કમાન, ઘુંમટ કે માળ આખો ન હતો. જ્યારે હશે ત્યારે એની જાહોજલાલી કેવી હશે તેની કલ્પના કરતો હું એની ચારે તરફ ફરવા લાગ્યો. અંદર પ્રવેશ કરવા જેવી તેની હાલત જ ન હતી. દીવાલોમાં ઝાડવાં ને છોડવા ઊગી નીકળ્યાં હતાં. જંગલી બિલાડીનાં ભૂરાં ફૂલની વેલ ઊંચે સુધી ચઢી ગઈ હતી. લીમડા ને બાવળ વાંસ ને વાંકડી ગુંદીનાં ઝાડો એની ભવ્યતા ને ભયાનકતામાં વધારો કરતાં'તાં.

ફરતાં ફરતાં એક જગ્યાએ હું અટક્યો. મહેલની પાછળનો એક ભાગ સારી પેઠે ઝાંખરાંથી ઢંકાએલો હતો, પરંતુ નવાઇની વાત તો એ હતી કે એક પગથી બહુ સ્પષ્ટરીતે એ ઝાંખરાંમાં થઈ પાછળના ઓરડાઓ તરફ જતી હતી. પગથી પણ વપરાશવાળી લાગી. હું તો સ્કાઉટ રહ્યો. નિરીક્ષણમાં પાછો પડું? થયું લાવ જોઉં તો ખરો, કોઈ અહીં રહેતું પણ હોય. કોઇ ગરીબ, કોઈ જંગલનો ચોકીદાર કે કોઈ હોયે ખરું.

સાઇકલને એક ભાંગેલા ઓરડામાં મૂકી હું વાંકો વળી પેલાં ઝાંખરાંમાં થઈ આગળ ચાલ્યો. તે બાજુ બારણાં વિનાનાં ચાર-પાંચ દરવાજા હતા. બધા અણવપરાએલા. મેં દરેક બારણામાં પેસી અંદરની તૂટેલી ઇમારતનું નિરીક્ષણ કર્યું; પણ કોઈ રહેતું હોય એમ લાગ્યું નહિ. હું ધીમે રહીને પાછો ફર્યો. ત્યાં સામે દીવાલમાં એક નીચું બારણું દીઠું. એને એક સાંકળ લટકતી હતી, અને સાંકળની નીચલી કડી અને નકૂચો ચળકતો–વપરાશમાં–લાગ્યાં. સહેજ વિચાર કરી મેં બારણું ઉઘાડ્યું. અંદર નજર કરી તો એક અવાવરુ સીડી નીચે જમીનમાં જતી હતી. શું ભોયરું હશે? એમાં કોઈ રહેતું હોય તો તે કોણ અને કેવું હશે?

અંધારી સીડી ઊતરવા માટે હું તૈયાર થયો. ગજવામાંથી દીવાસળી કાઢી સળગાવી. સીડી ગોળગોળ ઊતરતી હતી. સીધા ઊભા રહી શકાય એટલી ઊંચાઈ ન હતી. મને થયું આ તો જૂના રાજાઓના ચોરમાર્ગો હશે. ચાલ, જોઉં તો ખરો કે અંદર કેવુંક છે!

ગમે તેમ અંદરની હવા ચોખ્ખી હતી. મને વધુ નવાઇ લાગી. ચાર-પાંચ વળાંક લીધા એટલે એક બારણું આવ્યું. ત્યાંથી બે રસ્તા ફંટાયા. એક સીડી નીચે જતી હતી. બીજો રસ્તો સીધો જતો હતો. હું નીચે ઊતર્યો, અહીં વધુ તાજી હવા આવતી હતી. પચાસેક ફૂટ નીચે ઊતર્યો ત્યાં સુધીમાં તો મેં દસેક દીવાસળી પૂરી કરી નાખી. અંધકાર જોઈ મને જરા ગભરામણ થઈ. આ ભોંયરું ક્યાં જશે? કોઇ ગુપ્ત રસ્તો હોય અને દુશ્મનને સપડાવવાની બારીઓ તો નહિ હોય? હું ઘડીવાર થોભી ગયો. થયું ચાલ ઘેર પાછો જાઉં અને એકાદ મિત્રને સાથે લઈ બૅટરી વગેરે લઇને પાછો આવું. હું પાછો ફર્યો. પણ પાછા ફરતાં જ હું ચમક્યો. જમણા હાથે કોઇ ઝીણી તરાડમાંથી પ્રકાશનું કિરણ નીકળીને દીવાલ પર પડતું હતું.

હું દીવાલ પાસે ગયો. કિરણ ઉપર આંખ કરી તેનાં આવવાની દિશા શોધી કાઢી. તેના આધારે જમીનથી ત્રણ ફૂટ ઊંચે એક બારી હતી. તેમાંથી પ્રકાશ આવતો હતો. મેં બારીની તરાડમાં જોયું તો એક મીણબત્તી બળી રહી છે. બંધ દીવાલોમાં અનેક ભીંતકબાટો છે. કોઈ માણસ દેખાતું જણાયું નથી. બારી પર જોર કરતાં તે તરત ઊઘડી ગઈ. અહીં કોણ હશે? બૂમ પાડું? મને આમ આવેલો જોઇ તે ગુસ્સે થશે તો?

પણ હું તો એક વાત સમજ્યો હતો. સાહસ કરવાં હોય તો લાંબો વિચાર ન કરવો. પરિણામની ફિકર ન કરવી. મરવાની તૈયારી રાખવી. બસ, પછી એ મોતમાં ને જોખમમાં પણ ઑર મજા આવશે.

મેં ઠેકડો મારી બારી પાર કરી. બધાં કબાટ જોયાં. ચાવીથી બંધ હતાં. એક બારણું હતું. ઉઘાડયું. અહીંથી આગળ પગથિયાં નીચે ઊતરતાં હતાં. મેં મીણબત્તી ઉઠાવી. આગળ ધરી તો કમકમી ઊઠયો. મારા પગથી નજીક ત્રીસેક ફૂટ ઊંડો કૂવો! પગથિયાં છેક પાણી સુધી જતાં હતાં. મેં બારણું વટાવી બે ડગ આગળ ભર્યાં. શો ભયંકર કૂવો! ઊંચે નજર કરી. ચાલીસ ફૂટનું પોલાણ. આ તે શું હશે? હું પાછો ફર્યો. પણ પાછો ફરતાં ત્યાં જ ઠરી ગયો. બારણાંની વચ્ચોવચ એક બિહામણી આકૃતિ ઊભી હતી. તેના હોઠ પાતળા અને બિડાએલા હતા. આંખોમાં નિષ્ઠુરતાની ચમક હતી. નાક તીણું ને જડબાં પહોળાં હતાં, ઘરઘર અવાજે તે ઘૂરકયો.

'સૂવરકા બચ્ચા! યહાં આકર તૂને બડી ભારી ભૂલ કી હૈ—બડા અપરાધ કિયા હૈ. જો આદમી યહાં આતા હૈ વહ કભી વાપસ નહીં જાતા.'

એની વાણીમાંની ઠંડી ક્રૂરતા સાંભળી હું ફફડી ગયો. મેં નમ્રતાથી કહ્યું, 'મહાશય, મૈં તો યૂં હી ખંડહર દેખને આયા થા. કુતૂહલવશ હોકર હી યહાં તક આ પહુંચા હૂં. મેરા કોઈ બુરા ઇરાદા નહીં હૈ. મૈં તો અભી ચલા જાઊંગા. માફ કીજિયેગા.'

પણ પેલો તો જરા પણ આંખની પલક માર્યા વિના જોઈ રહ્યો હતો. બોલ્યો, 'ગધેકી ઔલાદ, યહ મેરા ગુપ્ત સ્થાન તુમને છાન ડાલા હૈ. અબ તો તુમ્હેં યહીં રહના પડેગા.'

ને એણે ભડાક લઇને બારણું બંધ કરી દીધું. મેં દોડીને જોરજોરથી ખભા અફાળ્યા. પણ દરવાજો મજબૂત હતો. અંદર પેલો હસતો હતો.

'હા, હા...હા...! મલંગ ડાકુસે ચાલાકી? અબ પાતાલપાની પીઓ ઔર મેઢક(દેડકાં)ખાકર બાકી જિંદગી બસર કરો. હોહોહો...!'

હું બૂમો પાડતો રહ્યો અને એ નાસી ગયો. હવે? હું ફફડી ઊઠયો. આ દોઝખમાંથી કેમ નીકળાશે? શું કરવા નીકળ્યો હતો અને શું થઈ ગયું? અને આ જંગલી પશુ જેવા મલંગ તરફથી દયાની તો આશા જ શી રીતે રખાય? કૂવો ખાવા ધાતો હતો. અંધારું છાતી ચીરી નાખતું હતું. અધૂરામાં પૂરી મીણબત્તી પણ હાથમાંથી કયાંક પડી ગઈ હતી.

ફરી મેં ગજવામાંથી દીવાસળી કાઢી સળગાવી. એના પ્રકાશથી કૂવાની ભયંકરતા વધુ તીવ્ર બની, અને એ હોલવાયા પછી અંધકાર વધુ ગાઢો લાગ્યો. મેં એટલું બરોબર જોઇ લીધું કે કૂવાની દીવાલો અસંખ્ય બાકાંથી ભરેલી છે. ઉપરની બાજુ બે ત્રણ જાળિયાં છે. કદાચ એમાંથી ચોખ્ખી હવા આવવાની સગવડ હોય પણ ખરી. કૂવાને બે ત્રણ કડાં હતાં. દરેક કડાને આઠદસ ફૂટ લાંબી સાંકળો લટકતી હતી.

ઘડીભર તો હું સૂધબૂધ ગુમાવી બેઠો. આ જંગલમાં કોઇ પણ જાતની મદદ મેળવવી પણ અશકય હતી. કોઇ મારી તપાસ કરવા આવે એવો પણ સંભવ ન હતો. મેં હેબત ખાધેલા મનને શાંત પાડવા પ્રયત્ન કર્યો. ધીરજથી રસ્તો શોધવા મનસૂબો કર્યો. પગ લંબાવી પગથિયાં પર જરા આડો થયો. મને થયું કે પેલાં કૂવાનાં જાળિયાં સુધી જો ચઢી જવાય તો એના સળિયા હચમચાવી બહાર જવાનો રસ્તો થાય. પણ ત્યાં પહોંચવું કેવી રીતે? અડધોએક કલાક વિચાર કરતો પડયો રહ્યો હોઇશ, એવામાં જે ભીંતને અઢેલીને હું બેઠો હતો ત્યાં મારા બરડા પાછળ કાંઈક સરતું હોય એવો ભાસ થયો. હું એકદમ કૂદીને ખસી જવા ઉછાળો મારવા જતો હતો ત્યાં તો તે વસ્તુ મારા પગ પર ચઢી, અને તેની સાથે જ મારાં ગાત્રો ઠંડાં થઈ ગયાં. એ સાપ હતો. એના વજન પરથી મને ખાતરી થઈ ગઈ કે એ સાધારણ સાપ નહતો. હવે આ મારા કેદખાનાની ભયંકરતાનો મને પૂરો ખ્યાલ આવ્યો. અવાવરુ મહેલ, અને કૂવામાં દેડકાં; એટલે સાપ દેડકાં ખાવા આવે જ ને?

હું સ્થિર બેસી રહ્યો. જરાકે હાલું તો સાપ ડંખ મારી બેસે. આફત પર આફત. આમ કયાં સુધી બેસી રહેવું પડશે? પાંચ મિનિટ, દસ મિનિટ! સાપ મારા પગની હૂંફમાં પડયો રહ્યો. કેવી ભયંકર એ પળો હતી! કાચોપોચો માણસ તો હબકીને મરી જાય. પણ મને એમ હબકી જવાની આદત ન હતી. મુસીબતોમાં તો મને હિંમત અને બુદ્ધિને કસવાની ઑર મજા પડે. છેવટ મેં ફરી આસ્તે રહી દીવાસળી સળગાવી. જોયું તો બાપ રે! એ તો નાગ હતો!! ફેણ ચડાવી તેની ફાટેલી જીભ ફેરવતો હતો. સહેજે સાતેક ફૂટની લંબાઈ હશે. હવે? પ્રકાશ થયો કે તરત તેણે મારા તરફ મોં ફેરવ્યું. મેં જરા પણ ગભરાયા વિના દીવાસળી એના તરફ આગળ ધરી. નાગ વધુ ઊંચો થયો. મેં દીવાસળી એથી વધુ આગળ ધરી. અને તેની સાથે જ નાગે સુઊઊઊ... ફૂસ! કરીને ફુત્કાર કર્યો. મારાં રોમેરોમ કાંપી ઊઠયાં. છતાં ય મેં દીવાસળી એથી પણ વધુ આગળ ધરી. પણ તે જ ઘડીએ દીવાસળી હોલવાઈ ગઈ, અને લાગ જોઈ રહેલા નાગે મારા હાથ પર ઝપટ મારી. હું ચેતેલો તો હતો જ. ઝટ હાથ ખેંચી લીધો અને પગને જોરથી ઉછાળ્યો. નાગ ઊછળીને અંધારામાં કયાંક ધબ દઇને પડયો તે સ્પષ્ટ સંભળાયું. સાથોસાથ તેણે ફૂસાફૂસ–ફૂસાફૂસ–જેવા ખીજવાઇ ખીજવાઇને સુસવાટા લેવા માંડયા. આ એક નવો દુશ્મન પાકયો. સલામત જગ્યા કયાંથી શોધવી? પણ કોઇ ઉપાય ન સૂઝયો. ત્યાંથી ઊઠીને બારણાની બીજી તરફનાં પગથિયાં આગળ નાગબાપાની ધાકથી ફફડતો બેસી રહ્યો. કેટલા કલાક થયા, રાત કયારે પડી, કયારે પસાર થઈ, શી ખબર પડે? કલાકો પસાર થઈ ગયા. મેં અનેક યુક્તિઓ રચી. કાંઇક ઝોકાં પણ ખાઇ લીધાં. અચાનક પેલા ઓરડામાંથી કાંઇક અવાજ આવ્યો. કૂદીને હું ઊભો થઈ ગયો. કાન દીધા. કાંઈ સંભળાયું નહીં. ત્યારે શું મને ભ્રમ થયો? ના ના. ફરી અવાજ આવ્યો. પણ અવાજની દિશા જુદી હતી—પેલા જાળિયા તરફ. મને ખાતરી થઇ કે એ જાળિયાની અંદર નજીકમાં જ ખુલ્લી હવાબારી હોવી જોઇએ. બેઠે બેઠે કાંઈ વળે એમ નથી.

હું ઊભો થઈ ગયો. ધીમે ધીમે પગથિયાં ઊતરી ગયો. પાણીની સપાટીથી બે ફૂટ ઉપર એકાદ ફૂટ પહોળી ફરતી કિનાર હતી. કિનાર પર ઊભા રહી બચીખૂટી દીવાસળીઓ ગણી જોઈ. સાત બાકી છે. એમાંથી એક સળગાવી જાળિયું જોયું. ત્યાં સુધી પહોંચવાનાં સાધન તપાસ્યાં. ઇંટોની વચ્ચેથી કોલ ખરી પડયો હતો. કાંડામાં બળ હોય તો ઠેઠ સુધી જઈ શકાય. વચમાં બેત્રણ પીપળાના છોડ ઊગેલા હતા. તેનો ટેકો પણ મળી રહે તેમ હતું. અંતર માપી લીધું, અને જાળી નીચે જઈ ઊભો. નીચે નજર કરતાં ભેંકાર કૂવો, ને ઉપર ઊંડું પોલાણ! પણ બીજો ઉપાય શો હતો!

દીવાસળી હોલવાઇ અને મેં ઇંટો પકડી ધીમેધીમે ઉપર ચડવા માંડયું. શરીરનું વજન અને સીધી દીવાલ; હાથની પકડ કે ઈંટ ફસકી જવાની ધાસ્તી વગેરેના વિચારે દિલ ધડકતું હતું, પણ ઉપાય કર્યા વિના ચાલે! અડધે પહોંચ્યો, આંગળાં થાકી ગયાં. હવે? નીચે ઊતરું કે બાકીનું અંતર કાપી ઉપર પહોંચું? અને પડયો તો? કાળાં ભમ્મર પાણી, અગાધ ઊંડાણ અને પેલા નાગબાપા! ધીરજ ધરીને એક પીપળાનું મૂળડિયું પકડી સહેજ શ્વાસ ખાધો. ખભા ને પગના અંગૂઠા કહ્યું કરતા ન હતા. વળી ઉપર ચઢવા લાગ્યો. બે હાથ, ત્રણ હાથ, પણ જાળિયું કયાં? હૃદયમાં ધ્રાસકો પડયો. શું અંધારામાં જાળિયાની દિશા ચૂકી ગયો! હવે શું? નીચે ઊતરવાની શક્તિ રહી ન હતી. ઉપર કયાં જવું? ને ત્યાં શો આધાર મળશે? છાતીમાંથી એક ઝીણી ચીસ નીકળી ગઈ. બીકને લઇને ગભરામણ થઈ. આંગળીઓની પકડ ઢીલી પડવા માંડી. મારી આંખો ફાટી ગઈ...ગયો...ગયો....ગયો અને ધબાકો થયો. પાણી ઊછળ્યું અને શિયાળાની એ રાતે બરફ જેવા ઠંડા ને હવડ

પાણીમાં મેં ડૂબકું ખાધું. મારા હૃદયની શી દશા થઈ હશે તેની તમે કલ્પના કરી શકો છો? પણ મુશ્કેલીમાં ઈશ્વર મદદગાર હોય છે. ઈશ્વર સર્વવ્યાપી છે. તે મારી સાથે હતો. મને ખબર નથી કે હું કેવી રીતે તરીને કિનાર પર પહોંચ્યો, કેવી રીતે ફંફોળતાં ફંફોળતાં પગથિયાં શોધી પેલા બારણા આગળ આવી ધબ લઇને થાકથી ઢળી પડ્યો.

કેટલા કલાકે જાગ્યો તે ખબર ન રહી. પણ જાગ્યો ત્યારે મારી નજીકમાં કોઇ બે જણ વાતો કરતા હોય એમ લાગ્યું. મેં ધીમેથી આંખો ઉઘાડી, કૂવો પ્રકાશમય હતો. બારણું ઊઘડ્યાં હોય એમ લાગ્યું. શું પેલો ગુંડો પાછો આવ્યો હશે? આ અંધકાર અને નાગબાપાની સાથે જીવતું નરક અનુભવવા કરતાં તેની સાથે લડી લઇ મોતને ભેટવું વધારે ઠીક હતું. બારણું ઊઘડ્યું હતું. નાસી જવાની તક ન મળે?

પેલા બે જણ અંદર આવ્યા.

મેં આંખો મીંચી.

'અરે દેખ તો,સા...ભીગ ગયા હૈ.' મલંગનો અવાજ આવ્યો.

'કહીં અંધેરેમેં ગિર ગયા હોગા.' બીજાએ કહ્યું.

'અરે યહ તો હિલતા ભી નહીં!'

'જરા દેખ તો? કહીં સાંપને ડસ તો નહીં લિયા?'

બેઉ જણ એક નાની બત્તી લઇને મારી સામે આવ્યા. હું ભીંતને અઢેલીને પડ્યો હતો, તેઓ કૂવા તરફ પૂંઠ કરી ઊભા રહ્યા. મલંગે મને જોરથી એક લાત જમાવી દીધી,

'ઉઠ, બે ગદ્ધે.'

હું પડ્યો રહ્યો. બીજો માણસ બે પગથિયાં નીચે ઊતરી વાંકો વળી મારા ચહેરાનું નિરીક્ષણ કરવા લાગ્યો. મારું મગજ અનેક વિચારોથી ગૂંચવાઇ ગયું. શું કરવું? શું કરવું? મગજમાં હથોડા પડવા લાગ્યા. ઉશ્કેરાટ વધી ગયો અને મેં એકાએક આંખો ઉઘાડી ઉછાળો માર્યો. એક લાત અને નીચે ઊભેલા ગુંડાને હડસેલ્યો કૂવામાં. તે તો ગયો નીચે. તે જ ક્ષણે જમણા હાથે મલંગને પણ ધકેલ્યો. પગથિયાંની કિનારી પર ઉભડક બેઠેલો મલંગ કાંઈ પણ ટેકો મેળવે તે પહેલાં તેણે સમતોલપણું ગુમાવ્યું. પણ પડતાંપડતાં તેણે મારો હાથ ઝાલી લીધો. તેના વજન સાથે હું પણ ઘસડાયો. મર્યા આ તો. પણ ના. હું સૂતેલો હતો, એટલે ઊથલી તો ન પડ્યો, પણ છેક કિનાર સુધી ઘસડાઈ તો ગયો જ તરત મેં ઉપલે પગથિયે ઢીંચણ ટેકવ્યો અને નીચલે પગથિયે પગનાં આંગળાં ટેકવ્યાં. જમણો હાથ પેલાની પકડમાં હતો. પણ ડાબો હાથ છૂટો હતો. તેના વડે બારણાની સારસાખ પકડી લીધી. હવે વાંધો ન હતો. હાથની પકડ આવી ગઇ એટલે ઉપલે પગથિયે આવી ગયો. અને મલંગના સાડા ત્રણ મણના વજનથી પીડાતા મારા હાથને ઝટકાવી નાખ્યો. પણ મલંગ ગાંજ્યો જાય એમ ન હતો. તેણે બેઉ હાથે મને ઝાલી રાખ્યો ને બૂમ મારી,

'સાગરીત, નિકલ બાહર ઔર પકડ ઇસકો.'

પાણીમાંથી બહાર આવતાં સાગરીત બોલ્યો, 'અભી આયા.'

મારે હવે ઉતાવળ કરવી જોઈતી હતી. મેં હાથ ખેંચ્યો. મલંગ દીવાલને પગ ભરાવી જરા ઊંચો આવ્યો. મેં મારો હાથ મારા મોં નજીક ખેંચ્યો. મલંગનું માથું કિનાર સુધી આવ્યું. એક હાથે તેણે મારો હાથ ઝાલ્યો હતો. બીજા હાથે તેણે કિનાર પકડી. અને તે જ ક્ષણે મારા મોં નજીક આવેલા તેનાં આંગળાંને કચકચાવીને મેં બચકું ભર્યું. એવું તો ભર્યું એવું તો ભર્યું કે એનાં આંગળાંના ટુકડા થઈ જાય. એક ભયંકર ચીસ પાડી મલંગે મારો હાથ છોડી દીધો, બીજો હાથ કિનાર પર હતો તે સહેજ લપસ્યો. તેના પર મેં મારા બૂટની એડી જોરથી ઠોકી અને બીજો ધુબાકો ધુબ્બાંગ... મલંગ પણ કૂવામાં. હવે તે જ ઘડીએ સાગરીત 'સમાલિયો મલંગ' કરતોકને પગથિયાં કૂદતો મારા તરફ ધસ્યો.

ઘડીવાર તો મને થયું કે હું સામો થાઉં. પણ આ જગ્યા સામા થવા જેવી ન હતી. તે બે હતા. હું એકલો હતો. તેઓ પાવરધા ગુંડા હતા, હું તો વિદ્યાર્થી હતો. એક ક્ષણમાં વિચાર ઝબક્યો ને હું પાછો ફર્યો, ફાનસ ઉઠાવ્યું અને બારણા બહાર નીકળી ગયો. સાગરીત બારણામાં ધસી આવે તે પહેલાં ધડાક દઇને બારણું વાસી દીધું. ઉપરથી સાંકળ મારી દીધી. અંદરથી સાગરીતે બારણાં અફાળવા ને તોડવા ધમાચકડી મચાવી મૂકી. મેં અંદરનો ઓરડો જોયો. પેલાં કબાટો ઉઘાડાં હતાં. તેમાં મેં શું જોયું? નોટો બનાવવાનાં યંત્રો, કાગળો અને ડિઝાઇનો. હું બધું સમજી ગયો. આ લોકો રૂપિયાની બનાવટી નોટો બનાવવાનો ધંધો કરતા હતા.

લાંબો વિચાર ન કરતાં મેં બહાર નીકળવા દોટ મૂકી. મને ભય હતો કે આ ભુલભુલામણીમાં મને એકદમ રસ્તો નહિ જડે. બેત્રણ વાર તો આડાંઅવળાં બારણાં અને સીડીઓ ચડી ગયો. પણ તે સઘળી અવાવરુ હોઈ તે રસ્તો ખોટો ગણી વપરાએલી સીડીઓને માર્ગે આગળ વધ્યો. પાંચ મિનિટમાં પેલી બારીએ આવી પહોંચ્યો. બહારથી બારી બંધ કરી ખંડિયેરમાં આવ્યો. ત્યાં કોઇ જણાતું ન હતું. મારી સાયકલ મારી રાહ જોતી ત્યાં ઊભી હતી. મને લાગ્યું કે પેલાઓએ જ મારી સાયકલને અહીં આણી હશે. મેં કશો પણ વિચાર કર્યા વિના આ ભવ્ય છતાં અંદરથી બિહામણી ઇમારતને છોડી સાઇકલને પૂરઝડપે ઇંદોરની મુખ્ય પોલીસ ગેટ તરફ મારી મૂકી.

સુભાષિત

· અનુષ્ટુપ ·

उपार्जितानामर्थानां त्याग एव हि रक्षणम् ।
तडागोदरसंस्थानां परीवाह इवाम्भसाम् ॥

(અનુવાદ)

જાતે રળેલ નાણાનો ત્યાગ સાચો બચાવ છે:
ભર્યાં તળાવનાં પાણી આપમેળે જતાં વહી.

[વિવરણ: પાણી આકૃતિએ પ્રવાહી છે, જ્યારે પૈસો તેના ગુણે. મનુષ્ય ગમે એટલું ઇચ્છે, છતાં ભરેલા તળાવમાં વધુ પાણી તે ભરી શકવાનો નથી. તેવી જ રીતે મનુષ્ય પોતે ઇચ્છે એટલો વધુ ને વધુ પૈસાનો સંઘરો કરી શકતો નથી. તળાવ પરનો વધારે પાણીનો મારો એ જેમ તેની પાળ તોડીને પાણીને ખુટાડવાનું કામ કરે છે, તેમ પૈસાનો વધારે ને વધારે સંઘરો એ પૈસાને ઓછો કરવામાં જ સહાયક બને છે. કુશળ વ્યાપારી જાણતો હોય છે કે પૈસો વહેતો રાખવાથી વધે છે અને સંઘરવાથી ઘટે છે. કોઈએ યથાર્થ કહ્યું છે કે

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥

'દાન ભોગ અને નાશ: ધનની આ ત્રણ ગતિઓ છે. જે ધન દાનમાં અપાતું નથી કે ભોગવાતું નથી તેની ત્રીજી ગતિ થાય છે.']


નિષ્ફળતા કાયરને વધુ કાયર અને બલવાનને બલવત્તર બનાવે છે.

હરેકને હમેશાં વિકટ જણાતી સફળતા માટેની શરતો વસ્તુતઃ ઘણી આસાન છે:

થોડું પલોટાવું, થોડી સહનશીલતા કેળવવી, ક્યારે યે શ્રદ્ધા ન ગુમાવવી, અને કદી ડગ પાછાં ન ભરવાં.

ચિત્રોમાં રહસ્યકથા (૭)

ખૂનનો ભેદ








(૧) વહેલી પરોઢે નદીના વહેણમાં તણાતી એક ખાલી હોડી મળી આવી. જરૂર તેના હાંકનારને કંઈ અકસ્માત થયો હશે માની હોડી કાંઠે લઈ લેવામાં આવી. હોડીમાં તેના હાંકનારની કંઈ નિશાની ન હતી કે ન હતાં તેમાં હલેસાં. ફક્ત એટલું જાણવા મળ્યું કે ઉપરવાસ રહેતા મિ. સેન નામના એક માણસની એ હોડી હતી. વધુ તપાસ કરતાં તો મિ. સેનનું શબ પણ પાણીમાંથી મળી આવ્યું,–તેના માથામાં સખત ઘા હતો, અને તે પછી તેનાં હલેસાં પણ. (૨) તુરત પોલીસે મિ. સેનને ત્યાં તપાસ આદરી અને તેમાં તેના નોકર રામુએ એમને જણાવ્યું કે એના શેઠને હોડી હાંકવાનો બહુ શૉખ હતો અને અવારનવાર નદીને સામે કાંઠે નીચેવાસ રહેતા મિ. રાવને હોડીમાં જ મળવા જતા. જોકે હમણાં તો ઘણા દિવસથી હોડી વપરાઈ નહોતી અને પાણી બહાર કાઢી તેને તડકે ઊંધી નાખી રાખી હતી. આગલે દિવસે તેમણે હોડી બહાર કઢાવી હતી. અને તેઓ સાંજે મિ. રાવને ત્યાં જવા ઊપડેલા. રાવની અને તેમની વચ્ચે આર્થિક સંબંધો પણ હતા. (૩) મિ. રાવને ત્યાં તપાસ કરવા ગએલ પોલીસખાતાના માણસે જ્યારે મિ. સેનના મૃત્યુના ખબર આપ્યા ત્યારે તેને નવાઇ લાગી. તેણે એ પણ જણાવ્યું કે 'હા, મિ. સેન સાંજે મારે ત્યાં આવવાના જરૂર હતા પણ રાતના દસ સુધી મેં એમની રાહ જોઇ; પણ આખરે હવે એ નહિ આવે માની હું સૂઇ ગયો હતો.' (૪) પોલીસે તપાસ આગળ ચલાવી અને બૅંકમાંથી જાણવા મળ્યું કે મિ. સેને એમના ખાતામાંથી ઘણી મોટી એવી રકમ આગલે દિવસે ઉપાડી હતી. મિ. સેનને મિ. રાવ સાથેના આર્થિક સંબંધોની જાણ પણ હતી, પણ મિ. રાવની પ્રકૃતિ વિષે કોઈ કંઇ કહી શક્યું નહિ.





(૫) પોલીસે આ પછી ફરી હોડીની તપાસ કરી જોઈ. અને છેલ્લે મિ. રાવના નોકરને પણ પૂછી જોયું. ખાતાને જવાબ આપતાં નોકરે કહ્યું કે મિ. રાવે કાલે મને સાંજે છુટ્ટી આપી હતી અને રાત્રે દસ વાગ્યા સુધી પોતે કામમાં હશે એટલે એ પહેલાં મારે પાછા ફરવાની જરૂર નથી એ પણ કહ્યું હતું. એમનો સ્વભાવ બહુ ગરમ રહેતો એ પણ તેણે જણાવ્યું હતું. આટલી તપાસ પૂરી થઈ એટલે ક્ષણવારમાં ઇન્સ્પેક્ટરની ચકોર દૃષ્ટિ આ સમગ્ર બનાવને અવલોકી ગઈ. બીજી જ ક્ષણે તેમણે કેસને ખૂનનો કેસ ઠેરવી ખૂનીને પકડવા માટે વારંટ કાઢવા અરજી લખી નાખી ને તે પોતાના બીજા કામે વળગ્યા. (આ ખૂનનો ભેદ તમે ઉકેલી શકશો? નાહતર તેનો સાચો ઉકેલ આ નીચે અવળે અક્ષરે છાપ્યો તો છે જ.)

ઉકેલ: મિ. સેનના નોકર રામુએ જ્યારે કહ્યું કે તેઓ પોતે હોડી હંકારી સાંજે મિ. રાવને ત્યાં ઊપડેલા, ત્યારે જ પોલીસખાતાને તેના પર શંકા ગએલી, કેમકે હોડી જે રીતે મળી આવી હતી એ રીતે તેનો ચલાવનાર તેને કદી ચલાવે જ નહિ તેમ હતું. હોડી હાંકતી વખતે હલેસાં ટેકવવાની જે ઠેસીઓ રાખવી પડે તે તેમાં નહોતી. (જુઓ ચિત્ર ૧) એટલે રામુએ જ મિ. સેનનું ખૂન કરેલું. મિ. સેને બૅંકમાંથી ઉપાડેલી મોટી રકમની તેને જાણ હશે. અને મિ. રાવને ત્યાં તેઓ જવાની પણ તેને ખબર હતી. એટલે એણે જ પૈસા માટે ખૂન કરી શબને નદીમાં નાખી દીધું. પછી ડૂબવાનો અકસ્માત થવાનો ભ્રમ ઉપજાવવા તેણે હલેસાં અને હોડી પણ પાણીમાં વહેતાં મૂકી દીધાં. પણ ઉતાવળમાં બહુ દિવસથી વણવપરાએલી હોડીમાં તે હલેસાંના ટેકા (rowlocks) ગોઠવવાના ભૂલી ગયો. મિ. સેને હોડી તડકે નાખેલી ત્યારે એ ટેકા કાઢી જ લીધા હોય એ સ્વાભાવિક છે.

લોકનાગરી લિપિ

'સર્વોદય'માંના વિનોબાજીના લેખો પરથી ગુજરાતીમાં ઉતારનાર કિશોર કા. ગોહિલ

નાગરી લિપિનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ છે. એટલે કે એ જ એક એવી લિપિ છે કે જે હિંદુસ્તાનભરમાં ચાલવાની છે. આપણે હિંદીને રાષ્ટ્રભાષા કહીએ છીએ, પરંતુ હું તો તેને દેશભાષા કહું છું. અને જે દેશભાષા છે તે નાગરીમાં લખાશે. સંસ્કૃત, મરાઠી અને નેપાળી તો આજે પણ નાગરીમાં જ લખાય છે. ગુજરાતી લિપિ પણ લગભગ નાગરી જ છે. હું કબૂલ કરું છું કે ગુજરાતી લિપિ સુંદર છે, છતાં પણ હું માનું છું કે તેમાં જે થોડો ફરક છે તે કાઢી નાખવો જોઇએ અને તે લિપિને પણ નાગરી જ કરી નાખવી જોઇએ. મારો તો એવો મત છે કે હિંદુસ્તાનની બધી ભાષાઓ નાગરી લિપિમાં લખાવી જોઇએ. પણ પોતાની લિપિઓમાં એ ભાષાઓ ન લખવી એવો એનો અર્થ નથી. પોતાની લિપિમાં પણ તે લખાય અને તે ઉપરાંત નાગરીમાં પણ.

આમ થવા માટે નાગરીમાં જે થોડો સુધારો કરવાની જરૂર છે તે કરીને, તેને જેટલી શાસ્ત્રીય બનાવી શકાય તેટલી બનાવી લેવી જોઇએ. લોકો એમ સમજે છે કે શાસ્ત્રીય લિપિ અઘરી હશે, પરંતુ તે ખયાલ ખોટો છે. ઊલટું શાસ્ત્ર હમેશાં સહેલું હોય છે. અશાસ્ત્રને કોઈ નિયમ નથી હોતા એટલે અશાસ્ત્ર અઘરું હોય છે. જેમાં કોઈ નિયમ નથી, ચોક્કસ રીત નથી એવી ચીજ જ અઘરી હોય; બાકી જ્યાં નિયમ તેમ જ વ્યવસ્થા હોય તે ચીજ હમેશાં સહેલી હોય. માટે નાગરી લિપિ શાસ્ત્રીય બનશે એટલે સાથોસાથ સહેલી પણ થઈ જશે.

નાગરી લિપિમાં સુધારો કરવો જોઇએ એમ બીજા લોકો પણ કહે છે; પરંતુ તે ટાઈપરાઈટર અથવા છાપખાનાની સગવડને ખાતર તેમ કરવા ઇચ્છે છે. હું કહું છું કે તે પણ કરો, તેમાં મારો વિરોધ નથી. પરંતુ કેવળ ટાઈપ વગેરે માટે જ લિપિમાં ફેરફાર કરવાની જરૂર ન પડવી જોઇએ. આપણે તો આપણી લિપિને અનુકૂળ ટાઈપ વગેરે બનાવી લેવા જોઇએ. છતાં લોકો એવા ફેરફાર કરવા ઇચ્છે તો કરી શકે છે અને એ કાંઈ અઘરી વાત નથી. હું જે રીતે લોકનાગરી લિપિ લખું છું તેમાં ટાઈપની પણ સુવિધા થઈ જાય છે. પરંતુ મારી સામે મુખ્ય વિચાર ટાઈપનો નહીં, શાસ્ત્રીયતાનો છે. આપણી લિપિ એવી બનવી જોઇએ કે જે શીખવામાં સહુથી સહેલી હોય, જેમાં હિંદુસ્તાનની બધી ભાષાઓ લખી શકાય અને જેના વડે જ્ઞાનવૃદ્ધિ પણ થાય.

છાપકામ (મુદ્રણકલા), ટાઈપરાઈટર (મુદ્રાલેખન અથવા હસ્ત-મુદ્રણ) અને ટેલીપ્રિન્ટર (દૂરતોમુદ્રણ)ની દૃષ્ટિથી જ નહીં પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિથી ને શિક્ષણપ્રચાર તેમજ લિપિપ્રચારની દૃષ્ટિએ નાગરીમાં નીચેના થોડા સુધારા અમલમાં આવે તો હાલપૂરતા બસ છે:

(૧) બારાખડીમાં અક્ષરની સાથે જે માત્રાઓ આવે છે તે જ માત્રાઓને 'અ'ની સાથે રાખીને સ્વર બનાવવા અને આવી સ્વર-માળાને 'સ્વરાખડી' કહેવી. વ્યાકરણની દૃષ્ટિથી આવી રીતે સ્વરાખડી બનાવવી તેમાં દોષ નથી. નાગરી ओ, औ અને ગુજરાતી એ, ઍ, ઓ, ઑમાં આ રીત જ લાગુ પડી છે. તેને જ આગળ વધારીને ઇ, ઈ, ઉ, ઊ અને ઋ સુધી લંબાવવી જોઇએ. (જુઓ સાથેના ચોકઠામાં ૧)

(૨) બારાખડીની માત્રાઓ અક્ષરની ઉપરનીચે અથવા પૂર્વે ન લગાડવી, પરંતુ ઉચ્ચારક્રમ પ્રમાણે પડખે લગાડવી. (જુઓ સાથેના ચોકઠામાં ૨) આમ કરવાથી છાપકામમાં સરળતા આવશે અને ઉચ્ચારણ-ક્રમાનુસાર લેખનની વૈજ્ઞાનિકતા સ્પષ્ટ થશે.

(૩) યુક્તાક્ષરનાં રૂપ જટિલ હોય છે અને તેને માટે ટાઈપની સંખ્યા પણ વધારવી પડે છે. જો હલંત ચિહ્ન લગાડીને યુક્તાક્ષર બનાવાય તો શીખવું-વાંચવું સહેલ થશે, શબ્દોની વ્યુત્પત્તિ અધિક સ્પષ્ટ થશે અને ટેલીપ્રિન્ટરની સહુથી મોટી અગવડ દૂર થશે. સ્વરાખડી અને હલંત ચિહ્ન વડે યુક્તાક્ષર બનાવવા—આ બે સુધારા કર્યા વિના દેશી ભાષાઓ ટેલીપ્રિન્ટરમાં લાવવી મુશ્કેલ થશે.

(૪) અનુસ્વાર અને અનુનાસિકનો ભેદ બતાવવા માટે બે બિંદુઓની યોજના કરવી. મોટું બિંદુ અનુનાસિક માટે અને નાનું અનુસ્વાર માટે. જે યુક્તાક્ષરોમાં ઉત્તરવર્ણ વર્ગીય વ્યંજન હોય અને પૂર્વવર્ણ તે જ વર્ગનો અનુનાસિક હોય તે મોટા બિંદુથી બતાવવા. જેમકે कँठ. (૪થી ચોકઠામાં, 'મોટુંનાનું' શબ્દો ઊલટસૂલટ વાંચવા.)

(૫) નાગરીના ख માં र અને व બે વર્ણ દેખાય તેનું રૂપ સુધારવું.

પણ આ બધા સુધારામાં સહુથી વધુ મહત્ત્વનો સુધારો યુક્તાક્ષરોનો છે એટલે તે વિષે પ્રથમ વિચારીએ.

'ઉદ્યોગ' શબ્દ લઇએ. આમાં 'ઓ'ની માત્રા 'દ'ને જોડી છે અને 'ય' લટકતો રહ્યો છે. હવે જ્યારે બાળકો શરૂઆતમાં વાંચવા લાગશે ત્યારે તરત 'ઉદોગ' જ વાંચશે. પછી તેને સમજાવવું પડે છે કે 'દ' ખોડો છે અને તેનો ઉચ્ચાર અડધો કરવો જોઇએ. આમ એ પૂર્ણ દેખાતો હોવા છતાં તેનાથી ભિન્ન છે એવું શિક્ષણ બાળકને આપવું પડે છે. તેને કહેવું પડે છે કે અરે, દુનિયા જેવી દેખાય છે તેવી નથી હોતી! 'ઉદ્યોગ'માં આ જે 'ઓ' 'દ'ની સાથે જોડાયો દેખાય છે તે ખરેખર તો 'ય'ને લાગ્યો છે. માટે ઉદ્યોગ વાંચવાનો છે, એટલે કે 'દ' પહેલાં વાંચો, તે પછી 'ય' વાંચો અને છેવટે તેને 'ઓ' લગાડો! આ પણ કોઈ લિપિ છે? આ રીતે વાંચવામાં બાળકોને કેટલીક તકલીફ થતી હશે! આમાં તેમનો સમય પણ ઘણો જતો હશે. હવે 'શાસ્ત્રીય' શબ્દ જુઓ. એમાં 'સ, ત, ર' છે અને 'ર'ને 'ઇ'ની માત્રા લાગી છે. પણ ખરેખર તો 'સ'ને જ 'ી' જોડી દીધી છે એટલે બાળક પહેલાં 'શાસી'જ વાંચશે!

આમ આવા શબ્દો વાંચવા-શીખવામાં બાળકોનો ઘણો સમય જાય છે. આ રીતે આપણી ભાષામાં જે યુક્તાક્ષર છે તે બહુ તકલીફ આપે છે. તકલીફ ઉપરાંત તેમાં જે અશાસ્ત્રીયતા છે તે હવે બતાવવા માગું છું.

---

૧. વ્યંજનની સાથે જે રીતે માત્રાઓ આવે એ જ રીતે अ ની સાથે મૂકવી, જેમકે—
अ आ अी अि अु अू अे अै आे आै
આ સ્વરમાળાને 'સ્વરાખડી' કહેવી.

૨. માત્રાઓ અક્ષરની ઉપર નીચે અથવા પૂર્વે નહિ પણ ઉચ્ચારક્રમ પ્રમાણે પડખે લગાડવી. જેમકે:
के = कॆ   कि = की   की = कीॆ   कु = कु

૩. સુધારેલી ख = (रव નહિ પણ) ख

૪. અનુસ્વાર માટે મોટું બિંદુ करवुं = करवं,
અનુનાસિક માટે નાનું બિંદુ व्यंजन = व्यँजन

ઉદાહરણાર્થ 'god-own' (ગોડાઉન) શબ્દ લઇએ. કેમ, આ જોઇને હસવું આવ્યું કે? 'ગૉડ' અને 'ઓન' થઈ જાય એવા બે ટુકડા મેં પાડચા છે; પરંતુ મારા મનથી તો મેં 'ગોડાઉન' જ લખ્યું છે. આ વાત કોઈ કબૂલ નહીં કરે, કારણ મેં એ શબ્દના ખોટી રીતે ભાગ પાડચા છે. આવી જ રીતે આપણી નાગરી લિપિમાં આપણે કાયમ શબ્દોના ખોટા ટુકડા પાડીએ છીએ અને તે લાચારીથી કરીએ છીએ. એ ખોટું છે એમ આપણે જાણતા પણ નથી, એટલે જ એ સહન થાય છે. હું હમેશાં 'કૃષ્ણ' ભગવાનનું ઉદાહરણ આપું છું. આપણી લિપિને કારણે 'કૃષ્ણ' શબ્દના 'કૃ' અને 'ષ્ણ' એવા બે ભાગ પડે છે. સંસ્કૃતમાં આનો અર્થ કરવો જ હોય તો 'કૃ' એટલે કર્યું અને 'ષ્ણ' એટલે સ્નાન, 'સ્નાન કર્યું' એવો તેનો અર્થ થશે. આ તો 'ગોડાઉન' શબ્દના 'ગૉડ' અને 'ઓન' જેવા ભાગ કરવા જેવું થયું. અસલમાં 'કૃષ્ણ' શબ્દના 'કૃષ્' અને 'ણ' એવા બે ભાગ છે. 'કૃષ્' એટલે 'ખેતી કરવી' અને હિંદુસ્તાનમાં તાપમાં ખેતી કરનારનો રંગ સૂર્યનાં કિરણોને લીધે કાળો થઈ જાય છે, એટલે 'કૃષ્ણ' શબ્દનો અર્થ 'કાળો' થયો. પરંતુ આ શબ્દનો મૂળ અર્થ 'ખેતી કરવાવાળો' છે. 'કૃષ્' ધાતુ છે અને 'ણ' પ્રત્યય છે. कृषाण:—'करसान किसान આદિ શબ્દ તેના ઉપરથી જ બન્યા છે. હિંદીમાં ખેડૂતને કિસાન કહે છે અને નાગપુર-બરાર તરફ કિરસાન કહે છે. 'કૃષ્ણ' ઉપરથી જ 'કિસાન' શબ્દ બન્યો છે. પરંતુ આપણે 'કૃ' અને 'ષ્ણ' એમ બે ટુકડા કરીએ છીએ અને તેનો બધો અર્થ ઉદાઈ જાય છે. યુક્તાક્ષર લખવાની આપણી અત્યારની ખોટી રીતને લીધે આમ શબ્દના ખોટા ટુકડા પડે છે.

હવે હું બીજું ઉદાહરણ આપું 'ચિત્ર'નું. આમાં 'ચિ' અને 'ત્ર' એવા બે ટુકડા થઈ ગયા, પણ તેમાંથી કાંઇ પણ અર્થ નથી નીકળતો. 'ચિ' એટલે શું અને 'ત્ર' એટલે શું? આ શબ્દના સાચા ટુકડા તો 'ચિત્' અને 'ર' છે. 'ચિત્' એટલે 'ચૈતન્ય', 'ચિત્ત'; અને 'ર' એટલે 'રમણીય' અથવા 'આનંદ આપનાર', 'આપણા ચિત્તને જે આનંદ આપે છે' તે 'ચિત્ર'. ચિત્ર જોતાં જ ચિત્તને આનંદ થાય છે, ચિત્ત પ્રસન્ન થાય છે. આટલો સુંદર અર્થ 'ચિત્ર' શબ્દમાં પડયો છે, પરંતુ આજે એ અર્થનો પૂરેપૂરો લોપ થઈ ગયો છે કારણ 'ચિત્' અને 'ર'ને બદલે આપણે 'ચિ' અને 'ત્ર' એમ ટુકડા પાડી નાખ્યા. હવે તમે જ વિચારો કે 'ગોડાઉન'નું 'ગૉડ-ઓન' કરવું જેટલું અયોગ્ય છે તેનાથી આપણા 'ચિ' અને 'ત્ર'માં શું ઓછી ખરાબી છે? પરતુ આપણે તે ઓળખતા નથી એટલે બધું ચાલે છે.

બાળક તો એક-એક અક્ષર વાંચે છે. જેમકે 'ક, બા, ટ'. પહેલાં 'ક', પછી 'બા' અને પછી 'ટ'. બે-ત્રણ વાર આમ વાંચ્યા પછી તેને 'કબાટ' સાથે પરિચય થઇ જાય છે, પરંતુ શરૂઆતમાં તો ક-બા-ટ, ક-બા-ટ એમ જ ચાલે છે.

હવે 'કર્મ' શબ્દ જુઓ. 'ક'નો ઉચ્ચાર કર્યા પછી સ્વતંત્રપણે 'ર્મ'નો ઉચ્ચાર કેવી રીતે કરશો? બાળક બનો અને કરો ઉચ્ચાર! 'અર્મ'—એવો ઉચ્ચાર કરવો જોઈશે. આનો અર્થ એ કે ઉચ્ચાર કરવાની સુવિધાની દૃષ્ટિથી પણ 'કર્‌મ' લખવું આવશ્યક છે. 'ર'નો ઉચ્ચાર 'ક'ની સાથે કરવાનો છે, કારણ તેનો 'ક'ની સાથે સંબંધ છે. 'કૃ' ધાતુનું રૂપ 'કર્' થયું અને 'મ' પ્રત્યય જોડાયો. 'ક' અને 'ર્મ' એવા બે ભાગ નહીં પરંતુ 'કર્' અને 'મ' એવા બે ભાગ છે. એટલે વ્યાકરણની દૃષ્ટિથી પણ જે સાચા ભાગ છે તેને આપણે કાયમ રાખીએ અને 'કર્‌મ', આ રીતે લખીએ તો બાળક તેનો ઉચ્ચાર સહેલાઈથી કરી શકશે. આમાં ઉચ્ચાર કરવાનું સહેલ તો થશે જ, પરંતુ આગળ ઉપર તમે જોશો કે શાસ્ત્ર અને જ્ઞાનમાં પણ વૃદ્ધિ થશે.

સંસ્કૃત ભાષામાં આવાં અનેક ઉદાહરણો મળશે. સંસ્કૃતના સંયુક્ત શબ્દો તમે બધા તોડી-મરડીને લખો છો. જેનો જેની સાથે સંબંધ નથી તેને તેની સાથે જોડી આપો છો અને જેનો જેની સાથે સંબંધ છે તેને તેનાથી તોડી નાખો છો. આવી બે ભૂલ એક સાથે તમે કરો છો અને આમ જ કાયમ ચાલતું રહ્યું છે. 'ઉદ્યોગ' શબ્દના ખોટી રીતે 'ઉ, દ્યો, ગ' એમ ત્રણ ટુકડા પાડી નાખ્યા. પણ ખરો શબ્દ 'યોગ' છે અને તેને 'ઉદ્' ઉપસર્ગ લગાવવાથી 'ઉદ્‌યોગ' શબ્દ થયો છે. 'ઉદ્‌યોગ'-નો સંબંધ 'યોગ' સાથે છે એ તમે જાણતા નથી. કારણ? સંયુક્ત અક્ષર લખવાની આપણી ખોટી રીત!

આ લાચારી છે અને તેમાંથી આપણે મુક્ત થવું જ જોઈએ. નહીં થઇએ તો નાગરી લિપિ શાસ્ત્રીય હોવાનો આપણો દાવો દુનિયામાં નહિ ટકે. આટલો સુધારો કરવો સહેલ છે, કાંઇ અઘરું કામ નથી. અને આ જ મારો મુખ્ય સુધારો છે. તેનાથી આપણી લિપિ અત્યત સહેલી થઈ જાય છે. પછી બાળકોને સંયુક્તાક્ષર શીખવવામાં સમય જ નહિ જાય. તમને પોતાને વાંચવામાં થોડી અગવડ જરૂર થશે, કારણ તમારી આંખો બીજી રીતે વાંચવા ટેવાઈ ગઈ છે; પરંતુ તમારાં બાળકો નવેસરથી વાંચતાં શીખશે ત્યારે તેમને કોઇ તકલીફ નહિ થાય. તેમના ઉપર તો મોટો ઉપકાર થશે. આજે તો યુક્તાક્ષર શીખવવામાં કુલ ત્રણ વર્ષ જાય છે. પહેલે વર્ષે તો ગોતીગોતીને યુક્તાક્ષર વગરના શબ્દો શીખવવા પડે છે. બીજી શ્રેણીમાં સાદા યુક્તાક્ષર અને ત્રીજીમાં કઠિન યુક્તાક્ષર શીખવાય છે. આમ બધું થઇને ત્રણ વર્ષે કામ પૂરું થાય છે. પરતુ હલંત-ચિહ્ન વાપરીને યુક્તાક્ષર લખવાથી એક જ વર્ષમાં શીખવી શકાશે અથવા વધુમાં વધુ દોઢ વર્ષ લાગે, એટલે ઓછામાં ઓછું દોઢ વર્ષ તો બાળકોનું બચશે એમાં કોઈ શક નથી. તો આવી રીતે રાષ્ટ્રનો સમય બચે છે અને લિપિસુધારો પણ થઇ જાય છે. માટે સંયુક્તાક્ષર એ રીતે જ લખાય તે ઠીક થશે.

આ સુધારો કરવાનું હું જ્યારે તમીળલિપિનો અભ્યાસ કરતો હતો ત્યારે સૂઝયું. આમ તો ઉપનિષદોમાં પણ એક જગ્યાએ મેં વાંચ્યું છે, જેમાં ઋષિએ 'સત્ય' શબ્દ ઉપર 'ત્ર્યક્ષર-ઉપાસના' કરવા કહ્યું છે. હું વિચારવા લાગ્યો કે 'સત્ય' શબ્દમાં તો બે જ અક્ષર છે, તો પછી ઋષિ તેમાં ત્રણ અક્ષર કેમ કહે છે? ત્યારે મારા ધ્યાનમાં આવ્યું કે એ લોકો 'સત્ય' શબ્દ 'સત્‌ય'ની જેમ લખતા હશે. તમે જોશો કે વૈદિક બ્રાહ્મણો વેદમંત્રોનો ઉચ્ચાર પણ આ જ રીતે કરે છે: 'अग्‌निमीळे पुरोहितं—' चित्‌रं देवानां—' ઇત્યાદિ. अग नि, वह्‌-नि, चित्-र, मृर्-यઆવી રીતે યુક્તાક્ષરોનું ઉચ્ચારણ તેઓ કરે છે.

તમીળલિપિમાં આમ તો ઘણા દોષ છે, પરંતુ એ દોષયુક્ત લિપિમા પણ તેમણે એક મોટો ગુણ રાખ્યો છે. તેમણે યુક્તાક્ષરોને છોડી જ દીધા છે, ને હલંત-ચિહ્નનો ઉપયોગ કરીને જ યુક્તાક્ષરો લખે છે. તેમાં હલંત-ચિહ્ન બિંદુ વડે કરે છે અને એ ચિહ્નને કારણે તમીળ-લિપિ વાંચવામાં ખૂબ સહેલી થઇ ગઈ છે. વળી તે એક એવી લિપિ છે કે જેને ત્રણ કરોડ લોકો વાંચે છે. માટે આપણે હલંત-ચિહ્ન વાપરીશું તો શું થશે એવી શંકા મનમાં લાવવાની જરૂર નથી, એ વાપરવાની શરૂઆત કરી જ નાખો! હું જ્યારે હિંદુસ્તાનની ભાષાઓ અને લિપિઓ શીખતો હતો ત્યારે તમીળ-લિપિ એક કલાકમાં શીખી શકયો. હલંત-ચિહ્ન વડે જો આપણે યુક્તાક્ષરો લખવા માંડીએ તો આપણી લિપિ પણ તેવી જ સહેલી થઈ જાય. નહીં તો આપણી ભાષામાં બસો જેટલા જે યુક્તાક્ષરો છે તે વાંચવાનું બાળકો માટે ઘણું અઘરું છે.

[આ લેખમાનાં બધાં વિધાનો સાથે અમે સંમત નથી; પરંતુ લિપિ-સુધારણા અંગે આજ સુધી મુકાએલા વિચારોની માફક આ વિચારો પણ વાચકો આગળ મૂકીએ છીએ.—તંત્રી]

હિજરતી શબ્દો

લેખક: નટવરલાલ માલવી

શબ્દોના ઇતિહાસ બહુ ચમત્કારિક અને અતિ રસાળ હોય છે. માણસોની પેઠે, અગર કહો કે બહુરૂપીની પેઠે, શબ્દો જાતજાતના વેશ કે સ્વાંગ ધરે છે.તેમા કદીકદી તો આ બહુરૂપી છે–વેશધારી છે એવી લગારે શંકા યે ન ઊપજે એવા હૂબહૂ નવા સ્વાંગ તેઓ ધારણ કરે છે.

શબ્દોની હિજરત કરવાની ટેવ પણ જાણીતી છે. અને જેમ હિજરતીઓ નવા વસવાટમાં મૂળ પ્રદેશનાં પહેરવેશ, અલંકાર, રીતભાત વગેરે તજી નવાં જ વેશાદિ ધારણ કરે છે, તેમ શબ્દો પણ કરે છે. અને ઘણી વાર તો સાવ ભુલાવે ચડાવી દે તેવું સાંગોપાંગ નવું રૂપ ધારણ કરે છે. નવા પ્રદેશમાં વસવાટ કરતા કે નવી પ્રજાની જીભે ચડતા શબ્દો એવાં નૂજવાં રૂપ ધારણ કરે છે, કે તેમનું મૂળ સ્થાન કે રૂપ પકડી જ શકાતું નથી, પકડવું અતિ મુશ્કેલ બને છે. દાખલા તરીકે અંગ્રેજોની જીભે ચડતાં ખંભાત 'કૅમ્બે' બન્યું, ભરૂચ 'બ્રૉચ' બન્યું અને મથુરા 'મુદ્રા' બન્યું. સતત અમુક જ ઉચ્ચારો કર્યા રહેવાથી રચાએલી પ્રજાની વદન-ઉપાંગોની વિશિષ્ટ રચનાનો આમાં સાંવિશેષ ફાળો હોય છે. ને તે રીતે રૂપાંતર ઘણી વાર નવો જન્મ જ બની જાય છે. વળી દેશાંતરની પેઠે જ કાળાંતર પણ મૂલગામી ફેરફારો કરે છે. જેમકે સ્તંભાવતી કાળાંતરે ખંભાત બન્યું, ને ભૃગુકચ્છ ભરૂચ બન્યું. ગુજરાતી ભાષામાં રૂપપલટો અહીં ચર્ચવા ધાર્યો છે.

મરકી: આ શબ્દનો જાણીતો ને સર્વત્ર ચલણી અર્થ 'ગાંઠિયો તાવ' છે, જોકે હવે તેનું સ્થાન અંગ્રેજી 'પ્લેગ' શબ્દે લીધેલું છે. તે ઉપરાંત બીજો એક અર્થ ભગવદ્ગોમંડળમાં નીચે મુજબ આપ્યો છે: 'એક જાતની મિઠાઈ; અડદના લોટની જલેબી.' વિદ્યાપીઠકોશમાં નીચે મુજબ છે: 'મહામારી; ઘણા લોક મરે તેવો રોગ; કોગળિયું, પ્લેગ વગેરે. (૨) એક મિઠાઈ'

પણ બંને કોશોમાંથી એકમાં પણ આ શબ્દની મૂળ વ્યુત્પત્તિ આપેલી નથી. અલબત્ત, 'મરવું' સંસ્કૃત મૃ ધાતુ પરથી આવેલું ક્રિયાપદ મરકીના રોગભાવી અર્થના મૂળમાં છે. પણ એ જ શબ્દ મિઠાઈ માટે શી રીતે વપરાતો થયો તે કારણ અપાએલું નથી.

મરકી—અડદના લોટની જલેબી એ અમદાવાદમાં બનતી મિઠાઈ છે. સુરતમાં તે બનતી જાણી નથી. અમદાવાદ આ મિઠાઈ માટે કંઈક પ્રખ્યાત પણ ગણાતું,હવે તો ત્યાં પણ એ મિઠાઇ કદીક જ અને મુસીબતે મળે છે, પણ પહેલાં તેની નામના હતી. સને ૧૯૦૮-૯ અને પછી છેક ૧૯૧૨-૧૩માં એમ બેએક વાર મેં પણ એ ખાધાનું સ્મરણ છે.

પણ મરકી જેવું વિચિત્ર, જાણે અવળચંડું નામ આ મિઠાઇને શાથી લાધ્યું એ વિચાર મને ઘણી વાર આવતો. ઠેઠ સને ૧૯૪૬ સુધી આ ગૂંચનો ઉકેલ મને જડયો નહતો.પણ એ સાલમાં મારે ઉજ્જૈન-ઇંદોરની મુસાફરીએ જવાનું થયું, ને ત્યાંનાં બજારોમાં ફરતાં મને આ શબ્દનું મૂળ સાંપડયું. એ જ મિઠાઈ–એવી જ અડદના લોટની મિઠાઈ ઉજ્જૈન ઇંદોરના કંદોઈઓને ત્યાં 'અમૃતી'નામથી વેચાય છે. ઉચ્ચાર 'અમરતી' થાય છે. એ અમરતી શબ્દમાંનો હળવો ઉચ્ચાર 'અ' લોપ પામ્યો અને છેલ્લો 'ત' ઉચ્ચારાંતરે, દેશાંતરે 'ક'નું રૂપ પામ્યો. 'ક'અને 'ત'અવેજી ઉચ્ચારો છે, એ જાણીતું છે. એ રીતે અમરતી—મરતી—મરકી એવું રૂપ બન્યું. આમ 'મરકી'-મિઠાઇને મરવા સાથે નહિ પણ અ-મરવા ન મરવા સાથે સંબંધ છે. કચ્છી ભાઇઓમાં 'ખીમશી' એવું નામ પણ ક્ષયસિંહ નહિ પણ અક્ષયસિંહમાંનો 'અ' લોપ પામ્યાથી બનેલું છે.

આમ ગાંઠિયો તાવ 'મરકી'અને અડદજલેબી-મિઠાઈ 'મરકી'બંને શબ્દનો મૂળ ધાતુ તો એક જ છે. મિઠાઇને અમૃતી નામ શા કારણે અપાયું હશે એની ચર્ચામાં ઊતરવું બિનજરૂરી છે. અમૃત જેવી સ્વાદિષ્ટ ચીજ તરીકે એ નામ સાંપડે એ સ્વાભાવિક છે. જોકે અમૃતનો સ્વાદ કેવો હશે, સારો કે માઠો, મીઠો કે ખારોખાટોતૂરો, એની તો કોઇને ખબર નથી, તેમ કદી ખબર પડી શકે એવું લાગતું પણ નથી.

મરકી શબ્દનો એક ત્રીજો અર્થ 'સોનાનું કાનમાં પહેરવાનું ઘરેણું' છે. તે અર્થ ફક્ત ભગવદ્ગોમંડળમાં જ અપાએલો છે. તે પણ અમૃત પરથી જ આવ્યો હશે એમ માની શકાય. પણ એ ઉપયોગ મારા સાંભળ્યામાં નથી. (વચ્ચે જાડી અને છેડા મળે ત્યાં પાતળી એવી કડીઓના રૂપનું એ ઘરેણું અમદાવાદના નીચલા અને મધ્યમ વર્ગમાં પચીસ–પચાસ વર્ષ પહેલાં પહેરાતું. હજી પણ અમુક વર્ગ પહેરે છે.–તંત્રી)

ગાદી: ગાદી, ગાદલું, ગાદલી, ગદેલું આવા રૂપાંતરે વપરાતો આ શબ્દ મૂળ કઈ ભાષાનો હશે અને આપણે ત્યાં કયાંથી આવ્યો હશે, એ વિષે મને છેલ્લાં પાંચસાત વર્ષથી વિચાર આવ્યા કરતો હતો; પરંતુ ઉકેલ જડયો નહતો. હમણાં થોડા વખત પર હું સુદાન દેશનો પ્રવાસ કરી આવ્યો ત્યાંથી આ ઉકેલ મને મળી આવ્યો છે.

લલ્લુભાઈ ગો. પટેલના કોશમાં આ શબ્દનો અર્થ નીચે મુજબ આપ્યો છે: 'ઊંચી બેઠક; દળદાર બિછાનું; આસન, પાટ, તખ્ત, સિંહાસન.' મૂળ વ્યુત્પત્તિનો તેમાં ઉલ્લેખ નથી.

ભગવદ્ગોમંડળમાં એને વિષે નીચેનો ઉલ્લેખ છે: ગાદી (હિં.) સ્ત્રી. એક જાતનું પકવાન; ઇજારો; ઊંચી બેઠક, તખ્ત સિંહાસન; ઘોડા પર બેસવા માટે રાખવામાં આવતું નાનું રૂ ભરેલું આસન.

આમ આ શબ્દ હિંદી પરથી આપણે ત્યાં આવ્યાનું માન્યું છે. ગાદી શબ્દ પકવાન–ખાવાની ચીજના અર્થમાં વપરાતો મેં કદીસાંભળ્યો કે વાંચ્યો નથી, પણ વપરાતો જ હશે. કેટલાક ઓતાડા અર્થ માટે એ કોશમાં કેટલેક ઠેકાણે સ્થાનોલ્લેખ કરેલો છે--તાલુકા કે પંથકનાં નામ પણ આપેલાં છે; પણ આ અર્થ માટે નથી.

હવે ગાદીનો જે ચાલુ, બહુજનવ્યાપી ઉપયોગ છે, તે અર્થનું મૂળ જોઇએ. સુદાન દેશનો અને તેમાં ય પશ્ચિમ વિભાગનો પ્રવાસ મેં ન ખેડયો હોત, તો વ્યુત્પત્તિ મને ન સાંપડત.

બહુ અચરજભર્યું લાગશે, પણ આ શબ્દ 'કાઝી' (કાજી) શબ્દનો જ ઉચ્ચારભેદ છે! કાઝી એટલે ન્યાયાધીશ, વડો અધિકારી, ચુકાદો આપનારો અમલદાર, એ શબ્દ જ ઉચ્ચારાંતરે 'ગાદી' બોલાય છે!

સુદાનની ભાષા અરબી છે. સુદાનના પૂર્વ પ્રદેશમાં 'કાઝી' શબ્દનો ઉચ્ચાર 'કાદી' થાય છે. પૉર્ટ સુદાન, કસાલા આદિ પૂર્વીય ગામોમાં મેં એ જ ઉચ્ચારે એ શબ્દ સાંભળ્યો છે. ફારસી લિપિમાં આ શબ્દનો પાછલો અક્ષર 'ઝ્વાદ' લખાય છે. સ્વાદવાળા દ્વાદ અને ઝ્વાદ બે અવેજી અક્ષરો ને ઉચ્ચારો ગણાય છે. એ રીતે દ અને ઝ એ દેશમાં અવેજી ઉચ્ચારો છે. ફારસીના અક્ષરો દાલ અને ઝાલ પણ એ જ રીતે ફક્ત ટપકાફેરે બનતા હોઈ અવેજી છે, અને તેનો એક બહુ સ્પષ્ટ નમૂનો આપણે ત્યાં ચલણી છે: 'કાગળ'. કાગળનું મૂળ કાગદ–કાગઝ; તે વેચનારો તે કાગદી કહેવાય છે, કાગઝી પણ કહેવાય છે. (મૂળમાં તો ગ નહિ પણ ઘ 'ઘએન' અક્ષર છે. આમ દ ને બદલે ઝ તથા ઝ ને બદલે દ ઉચ્ચાર કરવાનો ત્યાં રચેયો છે (એ અક્ષર ઉપરનું મીંડુ લેખન સમયે ઊઠી જવાને કારણે પડ્યો હશે).

એ રીતે કાઝી શબ્દનો ઉચ્ચાર પૂર્વ સુદાનમાં કાદી પણ થાય છે.

બીજી બાજુ ક ને ગ, તો અવેજી ઉચ્ચારો છે જ. કાક અને કાગ, કબલભાઈ ને ગબલભાઇ, કકરું ને કગરું એવા નમૂના છે. 'શોક' શબ્દ 'સોગ'ના રૂપમાં પણ બોલાય છે. મિસરના 'ગમાલ પાશહ' તે 'કમાલ પાશહ' જ છે. 'પંક્તિ' શબ્દમાંનો 'ક' 'ગ' બનીને 'પંગત' રૂપ ધારણ કરે છે. હવે આ નમૂનો જુઓ. આપણે ત્યાં ઇસ્લામ ફેરિયાઓ નાનકડી પ્યાલીઓમાં દૂધખાંડ વગરની કૉફી વેચે છે, તે 'કાવો' કહેવાય છે. આ શબ્દ પૂર્વ સુદાનમાંનો 'કહાવા' શબ્દ જ છે, પણ પશ્ચિમ સુદાનમાં એ જ શબ્દ 'ગહાવા' બોલાય છે. આ ઉચ્ચારાંતર અનુસાર એ જ રીતે પશ્ચિમ સુદાનમાં 'કાદી' (એટલે કે કાઝી) શબ્દ ઉચ્ચારભેદે 'ગાદી' બોલાય છે.

મેં આ ઉચ્ચાર અલ-ઉબૈદ ગામ, જે પશ્ચિમ સુદાનમાં આવેલું છે તેમાં સાંભળ્યો. લેણદેણના ખટલાની વાત કરતાં એક ભાઈ બોલ્યા: 'એ બાબતમાં હું ગાદીને મળી પણ આવ્યો.' પૂર્વે સુદાનમાં કાદી ઉચ્ચાર સાંભળેલો, અહીં ગાદી સાંભળતાં જ જરા ચમક્યો, બીજી જ પળે અર્થ કળી ગયો, અને મને ગાદી શબ્દનું મૂળ સાંપડી ગયું. બોલનાર ભાઇએ એ શબ્દ 'પોલીસ વડા'ના અર્થમાં વાપરેલો, અસલના કાજી જેવી કેટલીક સત્તાઓ એ અધિકારીને હશે એવું લાગ્યું.

કાઝી=કાદી=ગાદી; સજા, નિર્ણય કરવાની સત્તા ધરાવનાર અમલદાર, અને તેથી, એ જેના પર બેસે તે આસન. આસન અને સત્તા પરંપરાથી સમાનાર્થી શબ્દ બની જાય છે. અમુક સત્તા તેના આસન સાથે જ સંકળાએલી હોય છે, તે આસન પરથી જ વાપરી શકાય છે. આપણે ત્યાં પણ અદાલતી ચુકાદો ન્યાયાધીશે, તેની નિશ્ચિત જાહેર ખુરસી પર બેસીને જ સંભળાવવાનું કાયદાથી ઠરાવેલું છે. બીજે આસનેથી આપેલો ચુકાદો કાયદેસર લેખાતો નથી, જો કે રવૈયાને લીધે આવી બાબતમાં કોઈ વાંધો ઉઠાવતું નથી.

આ રીતે કાઝી=કાદી=ગાદીની સત્તાનું આસન ગાદી કહેવાતું થયું અને પછી તો, ધીમે ધીમે સત્તાવાળું કે વગરનું પણ જરા ઊંચું આસન–બિછાત– ગાદી કહેવાતું થઈ ગયું. એમાંથી ગાદલી-ગાદલું-ગદેલું વગેરે બાળકો જન્મ્યાં.

તદ્ભવ અર્થોના આવા પ્રયોગો–પ્રયોગાંતરો–પ્રયોગભેદોના અપાર નમૂના, પ્રત્યેક ભાષામાં હોય છે. કઢી એટલે ખરું જોતાં કોઇ પણ ઉકાળેલો પદાર્થ; પણ આજે તો છાશમાં ચણા કે બાજરીનો લોટ નાખી ઉકાળેલું વઘારેલું પ્રવાહી એ જ અર્થ રહ્યો છે. ચશ્મ (ફા.) એટલે આંખ, તેનું બહુવચન ચશ્માન્–ચશ્માં એટલે આંખો, પણ રૂઢ અર્થ ઉપનેત્ર, આંખને મદદરૂપ પથ્થર કે કાચના ટુકડાઓની મદત એ અર્થ બની ગયો છે. 'ચન્દ્ર'માંથી નીકળેલો 'ચાંદલો' શબ્દ લગ્નાદિ વહેવારમાં કેવો અર્થાન્તર પામી ગયો છે!

આ રીતે કાઝી=કાદી=ગાદી શબ્દ સત્તાવાચકમાંથી આસનવાચક બન્યો. એ હિંદીમાંથી આવ્યાનું ભગવદ્ગોમંડળ લખે છે, પણ મુસ્લિમ રાજત્વ સાથે આવેલો હોય, એવી વધારે શક્યતા છે. ભગવદ્ગોમંડળમાં એક શબ્દ 'મોયા' છે. એ લ.ગો.પટેલના કોશમાં નથી. એનો અર્થ 'પાણી તથા કાદવનો ઝરો' આપેલો છે. એડન પ્રદેશમાં તેમ સુદાનમાં પણ અરબીમા પાણીને 'મોયા' કહે છે. સૌરાષ્ટ્રમાં આરબ શિરબંદીઓ ગઇ સદીમાં ખૂબ હતી. તેણે આ શબ્દ પ્રચલિત કર્યો હશે. આ જ રીતે ગાદી શબ્દ આવ્યો લાગે છે.

શબ્દોના ઇતિહાસમાં કેવાકેવા ચમત્કાર, કેવાં દશાંતર રૂપાંતર, વેશપલટા બને છે!

(ગુજરાતી સાહિત્ય પરિષદ(નડિયાદ ૧૯૫૫)માં રજૂ થએલો નિબંધ)

ગણિત-ગમ્મત

કોઇ પણ રકમનો વર્ગમૂળ કાઢવાની રીત તો શાળામાં શીખવાય છે, પરંતુ ઘનમૂળ (અંગ્રેજીમાં જેને ક્યૂબરૂટ કહે છે તે) કાઢવાનો આવે તો શું કરો? કૉલેજમાં ગણિતશાસ્ત્ર લેતા વિદ્યાર્થી 'લૉગૅરિધમ્સ'ની મદદથી તે કાઢી શકે, પણ તેમાં યે વાર તો લાગે જ.

જો આપેલી રકમ, ૧૦થી ૯૯ સુધીના કોઈ પણ બે આંકડાના મૂળની સંપૂર્ણ ઘન રકમ હોય તો, તેમાંથી નીચેની રીતે ઘનમૂળ નીકળી શકશે. એ સૌને ગમશે ને સહેલી પણ પડશે. એમાં માત્ર થોડી બાબતો યાદ રાખવાની છે. એ યાદ હોય તો ગમે ત્યારે, ગમે તે રકમનો તમે જવાબ કાઢી શકો. એ યાદ રાખવાનો કોઠો આ મુજબ છે.

ઘન રકમ	છેલ્લો આંક	ઘનમૂળમાં મૂકવાનો આંક
૧×૧×૧=૧	૧	૧
૨×૨×૨=૮	૮	૨
૩×૩×૩=૨૭	૭	૩
૪×૪×૪=૬૪	૪	૪
૫×૫×૫=૧૨૫	૫	૫
૬×૬×૬=૨૧૬	૬	૬
૭×૭×૭=૩૪૩	૩	૭
૮×૮×૮=૫૧૨	૨	૮
૯×૯×૯=૭૨૯	૯	૯
૦×૦×૦=૦૦૦	૦	૦

બસ, આટલું જ યાદ રાખવાનું. હવે નીચે પ્રમાણે રીત અજમાવો:

(૧) આપેલી ઘન રકમ લો. તેના છેલ્લા અંક ઉપર નિશાની કરો. પછી બે અંક છોડો અને તે પછીના અંક પર નિશાની કરો.

(૨) હવે એ રકમનો છેલ્લો અંક જુઓ અને તેને માટે ઉપરના કોઠામાં ઘનમૂળમાં મૂકવાનો જે આંક આપ્યો હોય તે એક કાગળ પર મૂકો. દાખલા તરીકે છેલ્લો અંક ૩ હોય તો કાગળમાં ૭ મૂકવો. (આમાં ફક્ત ૮,૭,૩ અને ૨માં જ યાદ રાખવાનું છે, બાકી તો છેલ્લો અંક અને ઘનમૂળમાં મૂકવાનો અંક એક જ છે.)

(૩) હવે તમે જ્યાં બીજી નિશાની કરી હોય ત્યાં સુધીની પહેલેથી આખી રકમ લો, ને તેથી વધુ રકમ, કોઠાના પહેલા ખાનામાં વધુમાં વધુ જે રકમ આપી છે તેમાંથી શોધો; ને તેનો ઘનમૂળમા મૂકવાનો આંક નં. ૨ વડે મૂકેલા આંકની આગળ મૂકી દો. તમારો જવાબ તૈયાર.

દા. ત. બીજી નિશાની કર્યા સુધીની રકમ ૨૯ છે. તેમાંથી વધુમાં વધુ ૨૭ જઈ શકે તેમ છે એટલે તેનો ઘનમૂળનો આંક ૩ છે તે મૂકવો.

આટલું જાણ્યા પછી સ્પષ્ટતા માટે થોડાં ઉદાહરણ લઇએ. દાખલા તરીકે ૬૮૯૨૧નું ઘનમૂળ શોધવું છે. તો, પ્રથમ તો છેલ્લા અને છેલ્લેથી ચોથા અંક ઉપર નિશાનીઓ મૂકો. એટલે ૬૮'૯૨૧' થયું.

હવે (૨) પ્રમાણે છેલ્લો આ રકમનો અંક ૧ છે, તો તમે યાદ રાખેલા કોઠામાં બતાવેલા ઘનમૂળમાં મૂકવાનો અંક ૧ કાગળ પર મૂકો.

પછી, બીજી નિશાની સુધીની રકમ ૬૮' છે તેમાંથી વધારેમાં વધારે ૬૪ બાદ થઈ શકે છે; એટલે તેનો ઘનમૂળનો અક (કોઠા પ્રમાણે) ૪ છે તે ૧ની અગાઉ મૂકો; એટલે ૪૧ થયા. એ જવાબ.

બીજો દાખલો લઇએ: ૯૭૦૨૯૯નું ઘનમૂળ કાઢવું છે. તો નં. ૧ પ્રમાણે ૯૭૦'૨૯૯'; નં. ૨ પ્રમાણે છેલ્લો=૯' તેનો અક ૯; નં. ૩ પ્રમાણે ૯૭૦'--૭૨૯; તેનો પણ છેલ્લો અંક=૯; એટલે જવાબ=૯૯

ઉદાહરણ ૩: ૧૭૫૭૬. રીત: નં. ૧ પ્રમાણે ૧૭'૫૭૬'; નં. ૨ પ્રમાણે છેલ્લા અંક ૬'નો અંક પણ ૬; અને નં. ૩ પ્રમાણે ૧૭'=૧૭–૮= તેનો આંક ૨; એટલે જવાબ=૨૬.

રસિક એસ. શાહ



શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા

સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ ચોથો

ખંડ ૨૧ : હો-યો-જૂ

ધાધલનું મગજ હવે ઊંડા તાગ જેવું શાંત હતું. એની સામે ભયંકર સ્થિતિ ઊભી થઈ હતી. અજેય કુંગ તાઉ અગમ્ય દુર્ગ જેવો દેખાયો. પણ એ દુર્ગ કેવો નક્કર છે એ એને જાતે જોવું હતું. એ પહાડીની ધાર ઓળંગી દખ્ખણ ખીણમાં ઊતર્યો.

હવે મધરાત થવા આવી હતી, પણ ખીણ નીચેની કાંઠી ઉપર, વાળુમાં, કંદલો બળતાં હતાં. જરૂર ચાંચિયાઓ જુગાર રમતા હતા. કાંઠા-બઝારમાં થોડી દુકાનો ખુલ્લી હતી, જરૂર એ શરાબ અને ચંડુલ વેચતી હતી. બીજે બધું નીરવ હતું. ધાધલે દિયાકુકુના મસ્તકાસ્ત્ર કાઢયાં. પોતાના વાળ સાથે મસ્તકોના વાળ ગૂંથી લીધા. હવે એ ત્રણ માથાંનો ખવીસ બન્યો હતો. એના પંથમાં કોઈ પણ આવે એની એને હવે પરવા ન હતી. એ સીધો હો-યો-જુ (બારૂદખાના) તરફ ચાલ્યો.

મોટા ચોગાનની આસપાસ ઊંચી દીવાલ વચ્ચે હો-યો-જૂ ભંડાર્યું હતું. જબ્બર સળિયાવાળા દરવાજા આડે બે પ્રચંડ તાતારી ચીનીઓ પાટલી ઉપર બેઠા હતા. પાસે લાંબી નાળવાળી બે બંદૂકો પડી હતી.

ધાધલને એ જ જોવું હતું. આવડું મોટું બારૂદખાનું અને માત્ર બે ચોકીદાર! પણ દરવાજો બહુ મજબૂત હતો. દીવાલની આસપાસ ખુલ્લું ચોગાન હતું. સોએક હાથ પર એક અટૂલું ઊંચું ઝાડ હતું. ધાધલના મગજમાં પ્રકાશનો એક સબાકો થઈ ગયો. સુપર્વોની વાત સાંભળીને ગંભીર બની ગએલા ચહેરા ઉપર ફરી આછું સ્મિત ફરકવા માંડયું.

ધાધલ પાછો ફર્યો. કાંઠા તરફની કેડી ઉપર ચાર નાવિકો મોટે મોટે સાદે ઝગડતા ચડાણ ચડતા હતા. નાવિકોના ઢંગ ધાધલથી અજાણ્યા કેમ હોય? એ નશામાં મસ્ત દેખાતા હતા. ધાધલ ઓચિંતો એમની સામે પ્રકટ થયો. પહેલાં તો નાવિકોએ ધ્યાન ન આપ્યું અને ચડતા જ રહ્યા. પછી રસ્તામાં કોણ છે એ જોવા એમણે નજર ઊંચી કરી!

એકસામટા ચારે જણા ઊછળ્યા અને જાણે જમીનને ન અડતાં અદ્ધર જ મૂંઠાકડી મારી અને કોઠા તરફ દોડયા. એની પાછળ ધાધલનું અટ્ટહાસ્ય ઊઠયું.

બીજે દહાડે પૂરવ ખીણવાળાએ ધડ વિનાના બે માથાંવાળા ખવીસની વાત કરી; નાવિકોએ ધડ સાથેના ત્રણ માથાના ખવીસની વાત કરી; અને માછીમારો અને નાવિકો વચ્ચે આ મતભેદથી એવો ઝગડો ઊપડયો કે આખરે બલીઓને અનેક વાંસા ખોખરા કરવા પડયા!

ચોથે દહાડે માછીમારોએ પણ ત્રણ માથાંનો ખવીસ જોયો. એ થલવેપીના કિનારા તરફ જતા એક તરાપા ઉપર બેઠો હતો. રાતની માછીમારી બંધ થઈ ગઈ!

ખંડ ૨૨ : હાજર તે હથિયાર

ધાધલ ફરી શા અ કોળમ્ પહોંચ્યો. સુમંત્રી યે પાછો આવી ગયો હતો. એણે કહ્યું, મમુચ્ચોમાં બલી અરમાર વિષે કંઈ જ વાવડ ન હતા!

ધાધલે વળતા ખબર આપ્યા : આજથી સાતમે દહાડે મેઘસુવર્ણોનો સુસજ્જ કાફલો સુલમ્બો જવા ઊપડવાનો હતો. કુંગ તાઉના બલીઓ પોતાના કુટુંબકબીલાની ચિંતામાં ડૂબ્યા હતા, અને બનવાજોગ છે કે કુંગ તાઉના બલીઓ પણ ડરના માર્યા મેઘસુવર્ણોના પક્ષમાં ભળી જાય. અલકનંદાની કુંગ તાઉ ઉપરની ચડાઈ તો સદંતર નિષ્ફળ ગઈ હતી અને સાથે સુલમ્બો પણ ગુમાવવું પડે એમ લાગતું હતું. કાકુલ અને અજયપાળનું અન્નજળ ખૂટયું લાગતું હતું.

ધાધલે આ બધું સુમંત્રીને કહ્યું અને ચૂપ રહ્યો. એણે જે ન કહ્યું તે એ કે ધાધલને જીવતા રહેવામાં હવે કંઈ અર્થ નહોતો લાગતો. એટલે એ એકલો કુંગ તાઉ ઉપર ચડાઈ કરી તોપના મોઢામાં ધસવાનો નિશ્ચય કરી બેઠો હતો. 'રંગદા'માંથી જેને મોત મહાલવું હોય તેને સાથે લેવા એ તૈયાર હતો. તે રાતે 'રંગદા' ઉપર ગમગીની ફેલાઇ ગઈ।

બીજે દિવસે એકાએક સેંકડો નાવ ભરી દિયાકુકુઓ ખાડીમાં બહાર પડયા. દરેક દિયાકુકુએ આખે અંગે રંગબેરંગી ચીતરામણ કર્યાં હતાં. દરેકના હાથમાં ભાલાં અને કેડે પરશુ દેખાતી હતી. આ દિયાકુકુ અરમાર જરૂર કોઈ મોટી જાત્રા ઉપર નીકળી હતી. 'રગદા'ના સુકાન ઉપરથી ધાધલ એને જોઇ રહ્યો. 'આટલા બધા બંગ! આખે અંગે પિયળ કાઢીને, માળા કયાં સોંડયા હશે? પોલાં થડની નાવ; બે ય પડખે જાડા વાંસની ધરી, એક તાલે હલેસાં; આને જંગલી કોણ કહે?' ધાધલ એ અરમારની રબ્તોજબ્ત અને શિસ્ત જોઈ રહ્યો.

ઘડી પછી નાવો 'રંગદા' પાસે આવી પહોંચી. ધાધલે મુખીને જોયો અને ઊભા થઇ એને બિરદાવ્યો. મુખીએ નાવ 'રંગદા' પાસે લેવડાવી. ધાધલે તૂતક ઉપર આવવા આમંત્રણ આપ્યું. મુખી તુરત સથા ઉપર આવ્યો. ઔપચારિક વાતો શરૂ થઈ. બલી, જાવી અને ચીની ત્રણે બોલી મુખી બોલતો હતો. એ આજે જાય કે બે દહાડા પછી જાય, એમાં એને કંઈ ફરક નહોતો પડવાનો. દરરોજ સૂરજ ઊગે છે; દરરોજ સૂરજ આથમે છે. અનાદિ કાળથી એમ ચાલ્યું આવ્યું છે અને ચાલ્યું આવશે, એમાં દિવસ ગયે શો ફાયદો?

ધાધલે પરોણાગત આરંભી. મુખી બે દિવસ આખા રોકાઈ રહ્યો. આ બધા ઉપચાર પછી જ ધાધલે આ મોહીમનો હેતુ પૂછયો. હેતુ બહુ સાદો હતો. ગામમાં ઝાઝેરી છોકરીઓ કુંવારે કરમાતી હતી. જુવાનો માનવ માથાં વગર નકામા હતા. આ અરમાર માથાં લણવા નીકળી હતી. જાતે લણેલું માથું જેની કમરે ન લટકતું હોય એની સામે દિયાકુકુ છોકરી નજર પણ ન કરે!

ધાધલે બીજીત્રીજી વાતોમાં ઘડીઓ વિતાવી પછી ફરી પૂછયું કે ચીની માથાંઓ ચાલે કે નહિ? મુખીએ તુરત કહ્યું કે ચીની માથું લાવે તો તો બબ્બે ચારચાર છોકરીઓ પરણવા તૈયાર થઇ જાય; પણ ચીનીઓ દૂરથી જ આગ વર્ષાવે છે, એટલે ફરસીને ઢૂકડાવા જ નથી દેતા. ધાધલને કુંગ તાઉનું બારૂદખાનું યાદ આવ્યું. આખી દિયાકુકુ અરમારને ભડકે દઈ દે! એવા તો એમાં હજારો ગોળા હતા!

સવારે મુખી ઊતરવા તૈયાર થયો. ધાધલે કહ્યું કે મારી પાસે એવી હિકમત છે કે ચીનીઓ દૂરથી આગ ન વર્ષાવે. મુખી વિચારમાં

પડચો; પછી એવા ચીનીઓ ક્યાં ય હોય તો આ દિયાક્કુઓને તે ઠેકાણે લઈ જવાની એણે ધાધલને વિનંતી કરી.

ધાધલે મુખીને ફરી બેસવાનું કહ્યું. 'સુ'ની કુપ્પી ખોલી અને વાત શરૂ કરી. સુ આખા મલેમંડળનો મીઠો માદક આસવ છે.

ખંડ ૨૬ : જ્વાળામુખી ફાટયો

હો-ચો-જૂનાં મજબૂત કમાડ બંધ કરી બહાર બે તાતારી ચોકીદારો સજાગ બેઠા હતા. એ દખણાદા ચીનીઓ જેવા નાજુક અને નમૂછિયા નહોતા. એમના શોભિયા કાન ઉપર આમળા લઇ ગયા હતા. સામે ચોગાન સૂમસામ પડયું હતું. ફુંગ તાઉમાંથી હમણાં જ ઝાલર વાગી હતી. મધરાત વીતી ગઇ હતી.

આજે સવારે જ ફુંગ તાઉનો કાફલો સુલમ્બો તરફ રવાના થયો હતો. બે મોટાં જુંગ, ત્રણ પિરાહુ. સંજાતનો તો પાર ન હતો. સુલમ્બો બચાવ કરે તો તો મજબૂત બચાવ કરે એમ હતું; પણ હવે એવો બચાવ કરે એવું ત્યાં કોણ હતું?

આટલા બધા નાવિકો ગયા એટલે ફુંગ તાઉમાં કોઇ ઉપદ્રવ ન કરે માટે શસ્ત્રબંધી ફરમાવાઈ હતી. દરેક મોટું હથિયાર બારૂદખાનામાં પૂરી મૂકવામાં આવ્યું હતું. માત્ર ત્રણ ગઢમાં રાબેતા મુજબની સંજાત રાખી હતી. તાતારો આવી વાતોએ ચડયા હતા. સામે તાપણું બળતું હતું. ત્યાં સોએક હાથ ઉપરના ઝાડની ડાળે ચીબરી બોલી. ચીબરી બોલે, એ અપશુકન કહેવાય. એક તાતારે ઊભા થઇ ડાળ તરફ પથ્થર ફેંકયો. એટલામાં તો બીજાએ ન કાળજી ચીસ પાડી. ઝાડ નીચે ત્રણ માથાંનો ખવીસ ઊભો હતો!

બે ય ચોકીદારો મુઠ્ઠી વાળીને નાઠા ખવીસે દીવાલ ઓઠે પડેલી બંદૂક ઉપાડી ને જાળી પછવાડે ખડકેલાં બારૂદનાં પીપ ઉપર ગોળી છોડી.

આખા ટાપુ ઉપર પહેલાં વીજળી જેવો સબાકો થયો. વિપળ પછી આસમાન તૂટયું હોય એવો ધડાકો થયો. પછી આખું આકાશ બળતી મશાલોથી ભરાઈ ગયું. દખ્ખણ ખીણનાં અનેક મકાનો ઓચિંતાં સળગવા લાગ્યાં. ત્રણે ડુંગર-ધાર ધણધણી ઊઠી અને એ જ વખતે,બળતી આગના રાતા ઉજાસમાં ભયંકર લાગતા દિયાક્કુઓ ફરસી ધૂમાવતા ધાર ઉપરથી ઊતરી પડચા : એને મોખરે ત્રણ માથાંનો ખવીસ એક રાક્ષસી ફરસી વીંઝતો હતો.

દરબારગઢમાંથી હાઉ તંગ (રણશીંગું) ફૂંકાવા માંડયું : 'શી એન-જીન', 'શી એન-જીન!' (આગળ વધો, આગળ વધો!) ચીની નાવિકો અને સૈનિકો દિયાક્કુઓની આડે પડચા. બંદૂકો ન હતી, પણ ચીનીઓ તલવારના શોખીન હોય છે. ચીનીઓ અને તરવાર; એ તો રંગ રાખે. એ તલવારો સામે હવામાં ફરસીઓ ઊડવા લાગી. પટ્ટાબાજો પાસે નહોતા આવી શકતા. માથાંનાં તો ખેતરો વઢાવા માંડયાં.

ફરસીધર દિયાક્કુ જુવાનોની આંખ સામે વરમાળ લઇને ઊભેલી દિયાક્કુ યુવતીઓ રમવા લાગી. ઉત્તરની ખીણમાંથી વેપારીઓના ચીની ચોકીદારો હવે ઊલટયા. ત્યાં બલીઓએ એમનો મારગ રોકયો. આડ હથિયારે બલીઓ કાબેલ હોય છે.દાઓ ને કિરિસ તણખા ઉડાડવા લાગ્યાં. ત્યાં દરિયા તરફથી તોપો ધડૂકી : 'રંગદા' આવી પહોંચ્યું હતું.

મેઘસુવર્ણો એકનો સો બની ગયો. એ દરેક ઠેકાણે પહોંચી વળવા લાગ્યો. દિયાક્કુઓને મોખરે લડતા રાક્ષસ જેવા ધાધલને જોઇ એની આંખમાં ખુન્નસ ઊભરાયું. એણે હાથમાંની બંદૂક ધાધલના માથા ઉપર નોંધી. બીજી જ ક્ષણે મુખીની ફરસીએ એનું કાંડું કાપી લીધું; હવે એક હાથે તલવાર વીંઝવા સિવાય એને બીજો ચારો ન રહ્યો પણ તરવારની પાસે કોઈ ન હતું; પાસે આવે તે દિયાક્કુ નહિ!

મેઘસુવર્ણોએ પોતાના ચીનીઓને ફરસીઓ વાપરવા કહ્યું. પણ ચીનીઓએ ફેંકેલી એ ફરસીઓ દિયાક્કુઓએ અદ્ધર ઝીલી લેવા માંડી; ને ફરી વીજળીના સબાકા જેવી ચીનીઓની જ ગરદન ઉપર ઝબકાવવા માંડી! તલવારમાં ચીની; પણ ફરસીમાં દિયાક્કુ; બે ય અજોડ!

'રંગદા' બે ય પડખેથી બે કિલ્લાઓની ખબર લેતું હતું. એના બદનમાં પણ ગાબડાં પડવા માંડયાં હતાં. ત્યાં ઓચિંતાં 'અમ્બન્' ધડૂકયું. મેઘસુવર્ણો ગઢમાંથી માણસો લઇ બહાર પડચો ત્યારે અલકનંદા ચમ્પકમ્ અને તન્ગમ્ પણ સશસ્ત્ર બહાર પડચાં હતાં. તન્ગમ કારાવાસ તરફ થોડાક બાલીઓને મોખરે દોડી. ચમ્પકમે મેઘસુવર્ણોની પીઠ પાછળ હુમલો શરૂ કર્યો અને અલકનંદાએ બાલીઓ સાથે 'અમ્બન્'નું તૂતક કબજે કર્યું. હવે બે ય પિરાહુઓએ બે ગઢ ઉપર ગોળા ઝીંકવા માંડયા. ગઢમાં બારૂદ ને ગોળા બહુ થોડા હતા; પણ છેલ્લા ગોળા સુધી એમણે ઝીંક ઝીલી અને આખરે ખામોશ થઈ ગયા.

'રંગદા' અને 'અમ્બન્'ના માણસો બંદૂકો લઈ કાંઠે કૂધા. મોખરે અલકનન્દા લડતી હતી. એક દળને મોખરે કાહુલ અને ચમ્પકમ્ હતાં. તન્ગમ્ ને અજયપાળ દરબારગઢ તરફ થોડા માણસોને લઇ ઊપડચા. ચોતરફના હલ્લાથી મેઘસુવર્ણોનાં માણસો ઘેરાઈ ગયાં. બાજી હાથથી ગઈ માની એ સિફતથી હટતોહટતો દરબારગઢના સાંકડા રસ્તાના મોં પાસે આવી ગયો. એના માણસોએ એનો માર્ગ બચાવી રાખ્યો.

ગઢની કેડી ઉપર એ જીવતો પહોંચ્યો. પાછળ બલીઓ દોડયા. કેડીના મુખ પાસે ઓચિંતી એક સુરંગ ફાટી અને જબ્બર ખાઇ ઊઘડી ગઈ. આવા કોઈ કારમા પ્રસંગ માટે જ અહીં સુરંગ દાટી હતી. મેઘસુવર્ણો માણસો સાથે દરબારગઢમાં સલામત પહોંચી ગયો.

ગઢની તોપો ખીણ ઉપર નોંધાય તો દુશ્મન ભેગી વસતિ પણ ફૂંકાઈ જાય એમ હતું, છતાં ગાંડા બનેલા મેઘસુવર્ણોએ એ તોપો દાગવાનો હુકમ કર્યો!

ધાધલે પીછેહઠ પોકારી. એ પોતાની રાક્ષસ-સેનાને વચન આપી ચૂકયો હતો કે ચીનીઓ આગ નહિ વર્ષાવે, અને તોપો શરૂ થઈ હતી! દિયાક્કુઓ પૂર્વ-ધાર ઉપર જઈ ઊભા. ધાધલ 'અમ્બન્' ઉપર પહોંચ્યો અને અલકનંદાની પડખે ઊભો થઈ ગયો. દરબારગઢની તોપો સામે અમ્બન્ની તોપો ધડૂકવા લાગી.

દરબારગઢ અભેદ્ય હતો. પિરાહુના ગોળા એના ઉપર કેવળ ફોતરાં ઉડાડતા હતા. માત્ર પિરાહુ ઉપર બારૂદ-ગોળાનો તોટો ન હતો, જ્યારે દરબારગઢનું બારૂદખાનું અખૂટ ન હતું.

આ બધા ધમસાણમાં અજપાળ અને તન્ગમ્ દરબારગઢમાં જંગ ખેલતાં હતાં. અજયપાળ કેદીના ચીની લિબાશમાં હતો. એ ચીની લાગતો હતો. એ આસાનીથી ચીનીઓ ભેગો ભળી ગયો હતો અને ચીનીઓનો જ સંહાર કરતો હતો! આખરે એના હાથમાં એક બંદૂક આવી ગઈ. બંદૂક લઈ એ બારૂદખાનું શોધવા લાગ્યો. ગઢનું બારૂદખાનું નજદીકમાં જ હતું. એનાં કમાડ ખુલ્લાં હતાં. ચીનીઓ એમાંથી બારૂદની થેલીઓ અને ગોળા સારતા હતા. અજયપાળે દૂરથી આ જોયું અને નાળ ઊંચી કરી. સીધો બારૂદખાનામાં ભડાકો કર્યો. એના જવાબમાં ભયંકર ધડાકો થયો અને અજેય ગઢની અભેદ્ય દીવાલોમાં જબ્બર ગાબડાં પડચાં! બલી નાવિકોને મોખરે ધાધલ દોડતો આવ્યો અને ભંગાર સર કર્યો. ત્યાં તો દિયાક્કુઓ પણ ગાબડાં તરફ ધસ્યા. ગઢનાં માણસોમાં કોલાહલ મચી ગયો. અહીં સરખેલનું કુટુંબ રહેતું હતું; દાસદાસીઓ હતાં. અહીં રાણી મેધાવતી હતી. અહીં દિયાક્કુઓ માટે એવાં માથાં હતાં કે જેના એકએક વાળની લટ સાટે, રાજ્યો ડૂલી જાય!

ગઢના ભંગાર વચ્ચે હવે બલીઓ ખડા થઈ ગયા હતા અને દિયાક્કુઓને અંદર આવતા અટકાવતા હતા. એમની ફરસીઓ જપત થવા

માંડી હતી. બલીઓ જ હવે દરબારગઢનો બચાવ કરવા લાગ્યા હતા.

મેઘસુવર્ણોએ બલી દુશ્મનોની આ મહાનુભાવતા જોઈ; ધાખલની આ ઝિંદાદિલી જોઈ. આ એના હમવતની; આ તે બલી! આ તે ખરો દરિયાસારંગ! આ તે માનવતા! કયાંક દટાએલું માનવતાનું ઝરણું ઓચિંતા એના હૈયાને પ્લાવિત કરી રહ્યું. એણે રણશીંગુ ફૂંકાવ્યું: 'ત્વે હ્રુ, ત્વે હ્રુ, ત્વે હ્રુ' (પીછે હઠો, પીછે હઠો, પીછે હઠો) ગઢના કાંગરા પર શરણનો વાવટો ચડયો. પ્રભાતના હજુ ઝાંખા ઉજાસમાં એ, હળવા પવન ઉપર જરાક ફરફડી, જાણે શરમથી હોય એમ, નીચો ઝૂકી રહ્યો.

ખંડ ૨૪: પરાભવમાં વિજય; વિજયમાં પરાભવ!

ધાખલ, અલકનંદા, કાકુલ અને સુમંત્રી મહેલમાં પેઠાં અને મેઘસુવર્ણોને શોધવા લાગ્યા. અલકનંદાને પડખે ચમ્પકમ્ હતી. એના હાથમાં લોહિયાળ બેધારું ચીની દાઓ હતું. મહેલનાં દાસદાસીઓ રસ્તો દેખાડવા લાગ્યાં. ઠેઠ ઉપરને મજલે એક સુંદર નાનું મંદિર હતું. રૂપાની પીઠ ઉપર નાજુક સોનાની વિષ્ણુમૂર્તિ હતી. બે પડખે રૂપાની મોટી કોત્તવિળક્કે (જયોતનાં ઝૂમખાંવાળી દીવીઓ) બળતી હતી.

મૂર્તિના પગમાં માથું મૂકી રાણી તાઉ સ્વાંગ લો–મેધાવતી–સાષ્ટાંગ પડી હતી. આંખમાંથી ચોધાર આંસુ વહેતાં હતાં.

દીવાલને અઢેલી મેઘસુવર્ણો ઊભો હતો. એણે કમરે મજબૂત ભેટ બાંધી હતી. એની આંખો રાણી તાઉ સ્વાંગ લો ઉપર સ્થિર થઈ ગઈ હતી. મંદિરનાં દ્વાર આડે તન્ગમ્ ઊભી હતી.

અલકનંદા મંદિરમાં આવી કે મેઘસુવર્ણોએ હળવેથી ભેટમાંની કિરિસ કાઢી અને બંને હથેલી ઉપર રાખી અલકનંદા સામે ધરી. અલકનંદાએ કિરિસ સ્વીકારી. મેઘસુવર્ણોએ ભેટનો કટિબન્ધ છોડી નાખ્યો અને ફરસ ઉપર બેહોશ ઢળી પડયો! એના પ્રાણ ઊડી ગયા!

રાણી મેધાવતી ઝબકી ઊઠી. એણે પતિનું માથું ખોળામાં લીધું. અલકનંદા કાકીના પડખામાં બેસી ગઈ ને ચોધાર આંસુએ રડવા લાગી.

માનવ જીવનમાં એવો કોઈ વિજય નથી જેમાં પરાભવનો ડાઘ ન હોય; માનવ જીવનમાં એવો કોઈ ઉત્સવ નથી જેમાં અશ્રુની છલક ન હોય; માનવ જીવનમાં એવાં કોઈ વાદળ નથી, જેમાં આશાનું કિરણ ન હોય!

ખંડ ૨૫: બલી અરમાર પહોંચી

કુંગ તાઉના જખમ હજુ વહેતા હતા. હો-યો-જુ (બારૂદખાનું) ફાટયું તેણે દખ્ખણ ખીણ તો તારાજ કરી નાખી હતી. સાત સાત દહાડા પછી પણ હજુ પજરણ ચાલુ હતાં. અનેક સૈનિકો સાથે અજયપાળ પણ સખત ઘવાયો હતો. એની શુશ્રૂષામાં તન્ગમના આઠે પ્રહર વીતી જતા. દિયાક્કુઓ માથાંનો ખરવ કરી પાછા શૂલવેષી ચાલ્યા ગયા હતા.

પરમેશ્વરીએ કુંગ તાઉનો કબજો લઈ એના ઘા રુઝાવવા માંડયા હતા. પ્રાચીન ચીનમાં અને ભારતમાં, કોઈ પણ જંગ થાય તો તેમાં વસતિ મોટે ભાગે બચી જતી હતી. જંગ સેનાનો થતો, લોકોનો નહિ. બીજી ખીણોમાં ભાગી છૂટેલી વસતિ ફરી દખ્ખણ ખીણમાં આવવા માંડી હતી. બલી અને ચીની નાવિકો, ફરી મકાનો સમારવામાં લોકોને મદદ કરી રહ્યા હતા.

આઠમે દહાડે ક્ષિતિજ ઉપરથી એક પ્રચંડ કાફલો ટાપુ તરફ આવતો દેખાયો. ચીની સ્વાન જૂ (નાખવાઓ)એ કહ્યું કે એ કુંગ તાઉનો કાફલો હતો, જે થોડા દિવસ પહેલાં સુલમ્બો ઉપર ચડાઈ કરવા ઊપડયો હતો.

અલકનંદાએ ફરી મંત્રણા બોલાવી. આટલા ટૂંક વખતમાં એ કાફલો સુલમ્બો પહોંચીને પાછો ન આવી શકે! જરૂર એ ઓરાંગ લાઉતનાં કામ! કુંગ તાઉના પતનની એ કાફલાને ખબર પહોંચાડી હશે અને એ કુંગ તાઉ ફરી સર કરવા આવતો હશે. એના તોપચીઓ અને બરંકદાજો સામે દિયાક્કુઓ નકામા હતા. ટાપુના ત્રણે ગઢમાં સંજાત ખૂટી ગઈ હતી. ટાપુનું મુખ્ય બારૂદખાનું તો ત્રણ માથાંના ખવીસે ઉડાડી દીધું હતું!

મંત્રણા બહુ ટૂંકી ચાલી. 'અમ્બન્' અને 'રંગદા' સજ્જ થઈ ગયાં. બલીઓ ખીણમાં એકત્ર ખડા થઈ ગયા. રાણી તાઉ સ્વાંગ લો પતિના મૃત્યુથી શોકમાં ડૂબી હતી છતાં ચીની કાફલાના હાઈ જન જુંગ જ્યાંગ (સરખેલ) સાથે સમજાવટ માટે તૈયાર થઈ.

ઠેઠ બપોર પછી કાફલો સ્પષ્ટ દેખાઈ રહ્યો. એના ઉપર અનેક દૂરબીનો મંડાઈ. કાફલામાં બે મોટા જુંગ અને ત્રણ પિરાહુ હોવાં જોઇએ. પણ એમાં તો પાંચ મોટાં જુંગ અને આઠ પિરાહુ હતાં અને તેરે વહાણ ઉપર મહારાજા બલીનો ગજાંકિત ઝંડો ઊડતો હતો!

કુંગ તાઉની પ્રજાએ બલી મહારાજાનો જયઘોષ કર્યો. બે સંપાનમાં ધાખલ અને અલકનંદા ઊતર્યાં અને બલી અરમારના નૌકાપતિનું સંમાન કરવા ચાલ્યાં. ત્રણે ગઢ સલામીના બાર કરવા લાગ્યા.

ખંડ ૨૬: બલીના કેદી

મેઘસુવર્ણોએ મોકલાવેલી બે ચીની જુંગ અને ત્રણ પિરાહુની સુલમ્બો ઉપરની ચડાઈ રસ્તામાં જ અટકી પડી હતી, કારણ કુંગ તાઉ છોડયા પછી ત્રીજે દહાડે બલીની અરમાર એની આડે ઊતરી હતી. બેશિસ્ત ચાંચિયાગીરીના હેવાયા કુંગ તાઉના ચીનીઓ જોતજોતામાં મ્હાત થઈ ગયા. અરમારે દરેક ચીની વહાણ ઉપર પોતાના અધિકારીઓ મૂકી દીધા હતા અને ફરી કુંગ તાઉનો રસ્તો લીધો હતો. અરમારી સર જહાજના તૂતક ઉપર નૌકાપતિ વિક્રમશીલો અરમારી રૂઆબથી ઊભો હતો.

અને એની રજા મળવાથી દેવો ધાખલ તૂતક ઉપરની સીડી ચડી રહ્યો હતો. નૌકાપતિ વિક્રમશીલો નાનપણથી જ અરમારી શિસ્તમાં ઊછર્યો હતો. એના જીવનમાં શિસ્ત એ સર્વસ્વ હતું. જ્યારે દેવરાજ ધાખલ સાગરના એકલપંથી સાવઝ જેવો, બે-લગામ અને માત્ર ખુદની મુનસફી ઉપર ચાલનારો હતો!

એ બેનો મેળ ખાય એમ ન હતું. મોડે મોડે પણ મદદે આવનાર કાફલાએ કુંગ તાઉને ઉગારી લીધો હતો એ ધાખલ જાણતો હતો છતાં એને એક વાત ખટકી રહી હતી. અરમાર આઠ દિવસ મોડી મળી હતી, અને જો દિયાક્કુઓએ મદદ ન કરી હોત તો સુલમ્બોના માણસોમાંથી આજે કોઇ જીવતું ન હોત.

વિક્રશીલોએ અરમારી અદાથી દેવરાજનું લુખ્ખું સ્વાગત કર્યું. ધાખલે કંઈ પણ પ્રસ્તાવના વગર કહ્યું: 'બહુ મોડા પડયો, નાખવા!'

'તમારી નાવડી તુફાનમાં ચડી ગઇ હતી એટલે મંત્રીને સંદેશો મોડો મળ્યો. સંદેશો મળવાને ચોથે દહાડે તો અમે બહાર પડયા હતા. પછી રસ્તામાં આ ચીનાઓ માટે એક દિવસ રોકાણ થઇ ગઈ!'

'આ ચીનાઓ ઝાલ્યા ઈ તો રંગ રાખ્યો, નાખવા!' ધાખલે કહ્યું, 'ઈ છૂટા હોત તો આ કુંગ તાઉમાં અમારી જિંદગી કોડીની હતી!'

ચીનાઓ ઝાલવા એ તો જાણે પોતાનું હરરોજનું કામ હોય એમ નૌકાપતિએ નાખવાના વખાણને સાંભળ્યાં ન સાંભળ્યાં કર્યાં. એણે નાખવાને નીચે આવાસમાં લઈ કુંગ તાઉના સમાચાર પૂછ્યા. બધી હકીકત સાંભળી એ જરા ખુશ થયો લાગ્યો. આ ઓરાંગ-નેગરી હિંદ, આવા દરિયાસારંગો અને જંગ બહાદુરો હોય છે એ વાત, જુવાન વયે નૌકાપતિ બનેલા એ બલીને પ્રશસ્ય લાગી. એણે નાખવાને શાબાશી આપી અને જરૂર પોતે નાખવાની બહાદુરી અને કુનેહ માટે પોતાના બયાનમાં નિર્દેશ કરશે એમ આશ્વાસન આપ્યું.

દેવરાજના ચહેરા ઉપર લોહી ચડી આવ્યું. એ વખાણથી શરમાઇ નહોતો ગયો, અંદરથી એને જે હાસ્ય ઊઠતું હતું તેને ખાળી

શાખવાના પ્રયત્નમાં એને માથે લોહી ચડી ગયું હતું તેથી જ એનું મોં રાતું થઈ ગયું હતું. માળો, ટાબરિયો! હોઠ ઉપર હજુ માનું ધાવણ દેખાય છે, ત્યાં દેવરાજ જેવા દરિયાસારંગની પીઠ થાબડવા તૈયાર થયો છે! આ ભદ્રશીલોનો સૌથી નાનો પુત્ર! એનું અને અલકનંદાનું વાગ્દાન થયું હતું. બે ય વચ્ચે ઊંડી પ્રીતિ બંધાઈ હતી એમ એના પિતા ભદ્રશીલોએ જ નાખવાને કહ્યું હતું. અલકનંદા બલી છોડી રિસાઈ ગઇ ત્યાર પછી વિક્રમશીલો અપરિણીત જ રહ્યો હતો. આ જુવાનડા નૌકાપતિ સામે જોતાંજોતાં, ધાધલને એ વાત યાદ આવી ને એ મલકયો!

પછી નૌકાપતિએ પૂછ્યું: 'કેદીઓ કેટલા પકડયા છે?'

'કેદીઓ?' ધાધલે કહ્યું, 'હજુ કેદીઓ નથી પકડયા. જે મૂઆ તેને તો બાળી નાખ્યા, ને જીવતા છે એ કેદી પાડીએ તો પછી આખા બેટમાં કોઇ પાણી પાનાર પણ નથી!'

નૌકાપતિને આ વાત પસંદ ન આવી. ધાધલની વાત કરવાની રીત પણ એને પસંદ ન આવી. એણે જરા કડકાઇથી પૂછ્યું: 'જેણે તમારી સામે જંગ પોકાર્યો એ બધા શું છૂટા ફરે છે?'

'અમારી સામે કોઈએ જંગ નહોતો પોકાર્યો, નાખવા; અમે એની સામે જંગ પોકાર્યો હતો.' ધાધલે કહ્યું. પછી કૈંક યાદ આવવાથી એણે એકાએક ઉમેર્યું, 'ઊભો રે, નાખવા! એક કેદી છે. ઈ કે' છે કે એને નામે બલી સામે ત્રણ ત્રણ વરસ બહારવટું ખેલાયું, માટે એ બલી મહારાજાના કેદી તરીકે, સામેથી, તારા જુંગ ઉપર શરણ થવા માગે છે!'

નૌકાપતિએ આ વિચિત્ર વાત સાંભળી નાખવા સામે જોયું. એને ખાતરી થઇ કે નાખવો મશ્કરી નહોતો કરતો. કેદી નીચે પિરાહુમાં જ છે એમ સાંભળી એણે નાના માલમને પોતા સામે હાજર કરવાનો હુકમ કર્યો. નૌકાપતિ વિક્રમશીલો પોતાના જ જુંગ ઉપર પોતાના આવાસમાં, રોનકદાર અરમારી લેબાશમાં બહુ રૂઆબદાર લાગતો હતો!

થોડી વારે આવાસનાં દ્વાર ખોલી નાનો માલમ અંદર આવ્યો અને અદબ બજાવી પડખે ઊભો રહ્યો. એની પાછળ બે નાવિક વચ્ચે અલકનંદા આવી ઉભી! 'આ તારો કેદી, નાખવા!' ધાધલે વગર મફતનું ઉમેર્યું અને ઝટઝટ આવાસમાંથી બહાર નીકળી ગયો!

બહાર આવીને ધાધલે બેફાટ હસવા માંડયું. ચમ્પકમે એનો વાંસો થાબડવા માંડયો. ધાધલની આંખમાંથી પાણી ખરતાં હતાં. છેવટે ધાધલે હસતું ખાળ્યું અને માંડમાંડ ચમ્પકમ્‌ને નૌકાપતિ તથા એના કેદીની વાત કરવા માંડી. પછી બે ય મુક્તકંઠે હસવા માંડયાં!

અરમારી સથા પર આવો બેજવાબદાર વર્તાવ તૂતક પરના માલમને અણછાજતો લાગ્યો. પણ એ કંઈ બોલવા જાય તે પહેલાં ધાધલ ને ચમ્પકમ્ પિરાહુમાં ઊતરી ગયાં અને પિરાહુ હંકારી દીધું.

ઠેઠ મોડે મોડે અલકનંદા મહેલમાં આવી. ચમ્પકમ્‌ને બહુ જ અજાયબી લાગી હોય એવો ઢોંગ કરીને એણે પૂછ્યું: 'અમ્બાદુ(મોટી બહેન), તમને બંદીખાનામાંથી મુક્તિ કેમ મળી?'

'નૌકાપતિ કહે કે છે કે યુદ્ધમાં પકડાએલા કેદીઓને પરહેજ કરવાનો એને હુકમ છે, પરંતુ એના આજ્ઞાપત્રમાં સ્વયં બંદીવાન બનનાર વિષે કોઇ નિર્દેશ નથી!'

'અય્યો, અય્યો! (અરે, અરે!) પણ સ્વયં બંદીવાનને જુંગ પર રખાય નહિ એવી કોઇ કલમ છે? અને મુક્ત કરવી હતી તો આટલો બધો વખત કેમ રોકી રાખી?'

'મેં અરમારી આજ્ઞાપત્ર વાંચ્યું નથી, ચાંપલી!' અલકનંદાએ હસતાં હસતાં કહ્યું અને એકાન્ત શોધવા અગાશી ઉપર ચડી ગઈ. ચમ્પકમ્ આ નવલ વાત ધાધલને કહેવા ગઈ. ધાધલે ગંભીરાઇથી એ વાત સાંભળી લીધી. પછી સહજ ભાવે પૂછ્યું, 'બેટા ચમ્પકમ્! અમારાથી એક બીજા કેદીની વાત તેં છુપાવી છે, નહિ? કાફલ નાખવામાં ખોટું શું છે કે અમને હજુ કહ્યું નથી?' ધાધલની આંખો હસતી હતી. 'બાપા, તમને તે કેટકેટલી આંખો છે!' કહી ચમ્પકમ્ જરા શરમાતી ચાલી ગઈ.

ખંડ ૨૭: ચમ્પકમ્ બલી બને છે

બીજી સવારે અરમારી નાવિકો ટાપુ ઉપર ઊતર્યા. ત્રણે ગઢ પર બલીનો ઝંડો ફરકયો ને અરમારે એ ઝંડાને તોપોની સલામી આપી.

નૌકાપતિએ કાફુલને ટાપુનો શાસક નીમ્યો અને બલીના રાજ્યને તથા સિંહાસનને વફાદાર રહેવાના શપથ લેવડાવ્યા. ટાપુના રક્ષણ માટે એક જુંગ અને ચાર પિરાહુને શસ્ત્રસજ્જ ર્યાં. અને ત્રણે ગઢમાં સંજાત ભરી. ખાડીમાંનાં વહાણોનો કબજો સુગ્રીવને સોંપાયો.

આ બધી વ્યવસ્થા કરી એણે બલી તરફ હંકારવાની તૈયારી કરવા માંડી. ધાધલે પોતાનું અસ્સલ 'અમ્બન' તૈયાર કર્યું. અજયપાળ એનો મોટો માલમ બન્યો. નૌકાપતિએ રાણી મેધાવતીને પોતાના સરજુંગ ઉપર નજરકેદ કરી. તુરત જ અલકનંદાએ સ્વયં બંદીવાન તરીકે મેધાવતી સાથે એ જ જુંગમાં સફર કરવાની હઠ લીધી.

સુલમ્બોની પરમેશ્વરી આગ્રહ પર ચડે તો કેવી અદમ્ય બની શકે છે એનો નૌકાપતિ વિક્રમશીલોને પહેલો અનુભવ થયો. તન્ગમે અલકનંદા સાથે જ રહેવાની હઠ પકડી. નૌકાપતિને એમાં પણ નમતું આપવું પડ્યું. માત્ર 'અમ્બન'ના નવા માલમ અજયપાળને એ ન ગમ્યું. પણ એ તન્ગમ્‌ની હઠ સામે લાચાર બની ગયો. રાણી મેધાવતીને એકલી મૂકવાને તન્ગમ્ બિલકુલ નારાજ હતી!

'અલખનાથ' પરમેશ્વરીએ બાપા ધાધલને સુલમ્બોમાં જ બક્ષિશ આપ્યું હતું. ફરી મેઘસુવર્ણોએ તે ઝુંટવી લીધું હતું. ત્યાર બાદ નૌકાપતિની અરમારે એને ફરી કેદ પકડયું હતું. નૌકાપતિએ એને અરમારની મિલકત ઠરાવી. અલકનંદાએ પૂછ્યું કે આખું ફુંગ તાઉ બાપા ધાધલે જીતી આપ્યું હતું, ત્યાં આ થોડાં ચીની નાવડાં નૌકાપતિએ જીત્યાં એમાં ધાડ શી મારી હતી? પરમેશ્વરીની આગ્રહશીલતાનો નૌકાપતિને બીજો અનુભવ થયો! એણે સમાધાન કર્યું કે 'અલખનાથ'ની માલિકીનો નિર્ણય મંત્રીશ્વર ગજમદોની મુનસફી ઉપર રાખીશું. દરમ્યાન એ જુંગ અરમારનું કેદી રહેશે.

છેલ્લી ઘડીએ એક મુસાફર વધ્યો. થેરો સુમંગલ રાણી મેધાવતી સાથે બલી જવા તૈયાર થઈ ગયો. પરમેશ્વરીના આગ્રહનો આટલા ટૂંક વખતમાં ત્રીજો અનુભવ ન લેવાના હેતુથી નૌકાપતિએ સુમંગલને સામેથી પોતાના જુંગ ઉપર આવવાનું આમંત્રણ આપ્યું.


અને એક મુસાફર ઘટ્યું. ચમ્પકમ્ અહીં જ રોકાવાની છે એમ એણે જાહેર કર્યું! હવે અલકનંદાનો વારો આવ્યો. એણે એને ફુંગ તાઉમાં રોકાવાની અનુજ્ઞા આપવા પહેલાં એક શરત મૂકી, કે સુલમ્બોથી માંડી તે આજ સુધી કાફુલ નાખવા સાથે કેમ સંવનન થયાં તેનો ચમ્પકમ્ જાહેરમાં એકરાર કરે! ચમ્પકમ્‌ની પાસે રોકડો જવાબ હતો. આટલો બધો વખત સંવનન કરનાર પાસે ન હતો છતાં પરમેશ્વરી પોતે કેમ વિક્રમશીલોની જાતે કેદી બનવા ચાલી છે? તન્ગમે ચમ્પકમ્‌નો પક્ષ લીધો અને કહ્યું, 'સખિ, સાહજિકમ્ પ્રેમ, દૂરાદપિ વિજાયતે! (સખી, સહજ પ્રેમ તો દૂર હોય તો પણ બંધાય છે).'

આખરે કાફલો લંગર ઉપાડવાને તૈયાર થયો. ચમ્પકમ્ અને તન્ગમ એકબીજીને વળગી રડવા લાગ્યાં. ચમ્પકમ્ બાપા ધાધલના પગમાં પડી. કેરળની રીત છે કે દીકરી ને વહુઆરુ લગ્ન જેવા માંગલિક પ્રસંગે વડીલોને ભૂમિસાત્ પ્રણિપાત કરે છે. કચ્છમાં નિયાણી કદી નમતી નથી; ખુદ વડીલ નિયાણીના પગમાં પડે છે. ધાધલે ચમ્પકમ્‌ને અદ્ધર બચાવી લીધી ને પાદસ્પર્શ કરી પાપમાં ન નાખવા કરગરી રહ્યો. (ચાલુ)

મલેરિયા લાખો જીવોનો ભોગ લેનાર 'મોતનો રાજા'

[માંદગીનાં મૂળ · હપતો-૨૭]

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



મચ્છરના થૂંક સાથે આવેલા મલેરિયાના જીવાણુઓ લોહીમાં જઈ રક્તકણોને વળગે છે, ને વૃદ્ધિ પામતા જાય છે. આખરે તેનું ઝેર એટલું તો વધે છે કે માણસનું શરીર સખત ટાઢ આવી ધ્રૂજી ઊઠે છે.

માનવજાતના આરોગ્યનો મહાનમાં મહાન શત્રુ મલેરિયાનો તાવ છે. પૃથ્વીની સપાટીના અડધા વિસ્તારના લોકોને તે લાગુ પડે છે. બીજા બધા રોગો કરતાં મલેરિયાનો પંજો પૃથ્વીના મોટા વિસ્તાર પર ફરી વળે છે. આફ્રિકાના પ્રદેશો, મધ્ય ને દક્ષિણ અમેરિકા, એશિયામાં મેસોપોટેમીઆ, મલાયાના દ્વીપકલ્પો, ઇસ્ટ ઇન્ડીઝ, હિંદી ચીન, હિંદ ને દક્ષિણ ચીન, અને યુરોપમાં હૉલંડ, ગ્રીસ, રોમ, દક્ષિણ રશિયા અને ભૂમધ્ય સમુદ્ર ઉપરના દેશો મલેરિયાની ભયાનકતા અનુભવે છે.

એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે આજે દુનિયામાં એંશી કરોડ મલેરિયાના દરદીઓ છે, જેમાં હિંદ એકલામાં દસ કરોડ માણસો આ રોગથી પીડાય છે. પરિણામે વરસે તેર લાખ હિંદીઓ મરણ પામે છે.

આ તો ઠીક, પણ દેહમાં ઘર કરી બેઠેલા મલેરિયાથી ઉપર દર્શાવેલી સંખ્યાથી અનેકગણાની જીવનશક્તિ ક્ષીણ થાય છે. તબિયત લથડવાથી માનસિક કે શારીરિક કાર્ય ને શ્રમ માટે તેઓ નિસ્તેજ, નિર્બળ અને અશક્ત બને છે, અને બીજા ઉગ્ર રોગોના ભોગ બની મૃત્યુ પામે છે. બીજા રોગો કરતાં મલેરિયાથી મરતા માનવીની સંખ્યા મોટી છે. આવો દુર્ધર્ષ સંહાર ચલાવનાર મલેરિયાને 'મોતનો રાજા' ગણ્યો છે.

રાષ્ટ્રોના પતન અને યુદ્ધોના ઇતિહાસમાં મલેરિયાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઈ. સ. પૂર્વે ૪૦૦ના અરસામાં ગ્રીસના પ્રદેશોમાં મલેરિયાનો કોરડો વીંઝાતો હતો. આની અસરથી બસો વર્ષના ગાળામાં વસતિ ઘટતી ગઈ અને ગ્રીસના પતનની ઘડીઓ આવી. રોમ, મિસર ને એટ્રુરિયાનાં મહારાજ્યોનાં ધ્વંસ ને પતન પાછળ મલેરિયાનો ઉપદ્રવ હોવાનું તજ્જ્ઞો માને છે. રોમમાં મલેરિયાનો સપાટો એવો તો જબ્બર હતો કે પ્લિની(ઈ.સ. ૨૩ થી ૭૯)ના લખાણ મુજબ 'પ્રાચીન રોમમાં ત્રેપન પ્રજાઓ નામનિશાન વિના નાશ પામી.' પહેલા વિશ્વયુદ્ધ વખતે બીજા રોગો કરતાં મલેરિયાથી ઘણા સૈનિકો મર્યા હતા ને સ્વદેશ પાછા ફરેલા સૈનિકો મલેરિયાથી પીડાતા હોઇ તેમના દ્વારા ઇગ્લંડ, જર્મની અને રશિયામાં ઉગ્ર સ્વરૂપે મલેરિયા ફાટી નીકળ્યો હતો. પનામા નહેર બાંધતી વખતે મલેરિયા તાવથી મજૂરો માખીની જેમ મરવા માંડ્યા અને ફ્રેન્ચ લોકોને તે બાંધવામાં નિષ્ફળતા મળી હતી.

હજારો વરસો થયાં માનવસંહારક મલેરિયાનો તાવ આણનાર એનોફિલિસ મચ્છર તો હજુ હમણાં જ પિછાનાયો છે. આદિકાળથી માનવી મચ્છરથી પીડાતો તો આવ્યો છે, પણ એના ડંખની મામૂલી પીડા સિવાય એની વિશેષ ગણતરી ન હતી. આ તો હમણાં જ જાણ થઇ છે કે આ ક્ષુદ્ર જંતુ માનવ જાતને પ્રાણઘાતક રોગો—મલેરિયા, હાથીપગું, પીળો તાવ આપી અકથ્ય નુકસાન પહોંચાડે છે. અત્યાર સુધી પૃથ્વીપટ પર ખેલાએલાં યુદ્ધો કરતા એણે વધારે જાનહાનિ અને યાતના પહોંચાડયાં છે. ગ્રીસથી તે ઠેઠ હિંદના ઉત્તર સીમાડા સુધીના દેશોને પરાસ્ત કરનાર ભયાનક માનવસંહાર ને વિનાશ વેરનાર મહાન સિકંદરને જીતનાર અરે, હણનાર, હાથમાં પકડી મસળી નંખાય એવો તુચ્છ એનોફિલિસ મચ્છર હતો ! ગ્રીસ ને ઇટાલીનો વિજેતા અલારિક રોમના વિજય પછી મલેરિયાના મચ્છરના ડંખનો ભોગ બન્યો, જે તલવારના ઘા કરતાં તીક્ષ્ણ અને પ્રાણઘાતક નીવડયો.

મલેરિયા (mal=ખરાબ, aria=હવા) શબ્દનો અર્થ છે ખરાબ હવા. નીચાણવાળા પ્રદેશોની ભીનાશવાળી ને ખરાબ જગ્યાઓમાં મલેરિયાનો ત્રાસ વર્તાતો હોવાથી મલેરિયાના કારણરૂપ ખરાબ હવાની માન્યતા ઠેઠ ઓગણીસમી સદીના અંત સુધી પ્રચલિત હતી. રાતના સમયે જમીન ઉપરથી ઊડતાં જંતુઓના કરડવાથી આ રોગ પેદા થવાની શંકા સેવાતી હતી. ગ્રીક આદ્ય ઇતિહાસવેત્તા હેરોડોટસે (ઈ.સ. પૂર્વે ૪૮૪ થી ૪૨૪) ઇજિપ્તના લોકો મચ્છરદાની જેવું સાધન વાપરતા હોવાનો ઉલ્લેખ કર્યો છે. ઈ.સ. પૂર્વે ૪૬૦માં વિદ્યમાન પશ્ચિમી વૈદકશાસ્ત્રના પિતા હિપોક્રેટિસે મલેરિયાના તાવનું સવિસ્તર વર્ણન કર્યું છે. આયુર્વેદાચાર્ય મહર્ષિ ચરકે પણ સંતત, સતત, અત્યુદ્રેક, તૃતીયક, ચતુર્થક એવા મલેરિયા તાવના પ્રકાર વર્ણવ્યા છે. મોતના મોંમાં ધકેલનાર મલેરિયાની ભયંકરતા વિષે ઈ.સ. પૂર્વે ૩૦૦ના સમયનો ચીની ભાષામાં ઉલ્લેખ છે કે 'ચીનના ખરાબ હવાવાળા પ્રદેશોમાં પ્રવેશતાં અગાઉ મુસાફરે પોતાની વિધવા બનનાર પત્ની માટે અગાઉથી પુનર્લગ્નનો પ્રબંધ કરી મુસાફરી કરવી'! મલેરિયા તાવ આવવાનું ચોક્કસ કારણ ન સમજાયાથી વૈદક સાથે વહેમનું સંમિશ્રણ થયું હોવું જોઇએ. તાવના કારણરૂપ ભૂત-પ્રેત-દેવની અકૃપા વગેરે વહેમો પ્રચલિત થયા. કવિ પ્રેમાનંદે ઓખાહરણ વાંચવાના લાભમાં નથી ગાયું કે 'તાવ તરિયો એકાંતરિયો ન ચડે તેની કાય'?

પશ્ચિમમાં અઢારમી સદીમાં વિજ્ઞાનયુગનો આરંભ થતાં આ ખોફનાક રોગનું મૂળ શોધવા વિજ્ઞાનીઓ મંડી પડયા. ફ્રેન્ચ સર્જન લેવરાંએ ઈ.સ. ૧૮૮૦માં શોધ્યું કે મલેરિયાથી પીડાતા રોગીના લોહીમાં દશ્યમાન થતા જીવાણુઓ (Parasites) મલેરિયા તાવ ઉપજાવે છે. વળી તેણે અનુમાન બાંધ્યું કે ભીનાશવાળાં સ્થળોમાં થતાં કોઈ જંતુઓ આ રોગનાં ઉત્પાદક હોઈ શકે.

આ પછી ઇટાલીના વિજ્ઞાનીઓ સેલ્લી અને ગૉલ્ગીએ મલેરિયાના જુદી જાતના જીવાણુઓ શોધ્યા. મચ્છર દ્વારા મલેરિયાનો ફેલાવો થતો હોવાનો સિદ્ધાંત મેશને રજૂ કર્યો. હાથીપગાને ફેલાવનાર મચ્છર હોવાનું મેશને ચીનમાં શોધ્યું. એમની માન્યતા હતી કે મચ્છર બીજા રોગો પણ ફેલાવે છે. મલેરિયા તો ખરો જ. મલેરિયા અંગે મેશનની માન્યતા હતી કે મરેલા અને નાશ પામેલા મચ્છરોથી બગડેલું પાણી પીવાથી મલેરિયા તાવ લાગુ પડે છે.

આ ભૂલભરેલી માન્યતાને હઠાવનાર રોનાલ્ડ રૉસ હતા. હિંદમાં લશ્કરમાં સર્જન તરીકે નોકરી કરતાં તેમણે લાવરાંએ શોધેલા મલેરિયાના જીવાણુઓ કેવળ શોખ ખાતર તાવગ્રસ્ત રોગીઓના લોહીમાં જોવા માંડયા. જીવાણુઓ ન જડયા એટલે મલેરિયા થવાનાં બીજાં કારણો અંગે લેખો લખ્યા. આ પછી રજા ભોગવતાં ઇગ્લંડમાં મેશન સાથે એમને મેળાપ થયો. મેશને રૉસને મલેરિયાના જીવાણુઓ બતાવ્યા અને એમના વહનમાં મચ્છરના હિસ્સાનો સિદ્ધાંત રજૂ કર્યો.

મચ્છર–મલેરિયાના સંબંધના સિદ્ધાંત સાથે રૉસ હિંદ પાછા ફર્યા. દક્ષિણ હિંદના સિકંદરાબાદમાં એમની નિમણૂક થઈ. એકચિત્ત અને ખંતથી એમણે મલેરિયાની શોધખોળ આરંભી. ઘણા રોગીઓનાં લોહી અને અસંખ્ય મચ્છરોનાં પેટ ચીરી તપાસ્યાં પણ મચ્છર અને મલેરિયાનો સંબંધ સાબિત કરનારો કોઈ પુરાવો ના મળ્યો. કારણ ઉઘાડું છે. આપણે હવે જાણીએ છીએ કે મચ્છરની સેંકડો જાતોમાંથી એક જ મલેરિયાના જીવાણુઓનું વહન કરે છે. પણ એ દિવસોમાં જંતુવિજ્ઞાનના વિકાસના અભાવે રૉસને મચ્છરની શોધનાં કોઇ ચોક્કસ નિશાન ન હતાં.

આમ બબ્બે વર્ષની ખંતીલી અને ઉત્કૃષ્ટ શોધખોળના અંતે ૧૮૯૭-ના ઑગસ્ટની ૧૯મી તારીખે મહેનત ફળી. વહેલી સવારથી રૉસ સૂક્ષ્મદર્શક યંત્ર નીચે મચ્છરના જુદા જુદા ભાગોનું બારીકાઇથી નિરીક્ષણ કરતા હતા. કપાળે પરસેવો વહ્યે જતો હતો. થાક લાગવાથી હાથ ધ્રૂજતા હતા. કામ છોડી દેવાની તૈયારીમાં હતા. ત્યાં મચ્છરના જઠરમાં ગોળાકાર પદાર્થો અને કાળા ડાઘા જોયા. આંખ બીડ્યા વગર કે થાક્યા વિના ત્રણ કલાક સુધી તે તેમણે જોયા જ કર્યું. એમને ચોક્કસ થયું કે આ જ મલેરિયાના જીવાણુઓ અને એમણે પેદા કરેલા રંગો છે. રૉસ મચ્છરોનો છેલ્લો જથ્થો જોતા હતા. અત્યાર સુધીના એમના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા હતા. આમાંના હજારેક મચ્છરોનાં પેટ એમણે જોયાં હતાં. નિરાશાની અવધિ હતી. પણ છેલ્લા મચ્છરને તપાસતાં અંતે ફતેહ મળી. આ મચ્છર એનોફિલિસ જાતનો હતો. સફેદ શરીર પર કાળાં ટપકાંવાળી પાંખોવાળો એનોફિલિસ મચ્છર. આશરે લાખોના ખૂનીનો ભેદ પકડાયો. અત્યાર લગી અદૃષ્ટ, અગમ્ય અને અકલ્પ્ય એવા 'મોત'ને શોધી કાઢી અથાગ થાક અને નાહિંમતની નબળાઇ ખંખેરી તે હસ્યા. તેમનામાં અદમ્ય ઉત્સાહનાં પૂર વહેવા લાગ્યા. મોતની ઉપેક્ષા કરતા તેમના કવિહૃદયે ગાયું :

'With tears a toiling breath,
I find thy cunning seeds.
O million murdering Death,
I know, this little thing.
A myriad men will save,
O Death, where is thy sting,
Thy victory, O Grave ?'

'આજે ઈશ્વરે મારા હાથમાં અદ્‌ભુત ચીજ મૂકી. અશ્રુ સરાવે અને થકવી નાખે એવા કાર્યમાં ડૂબી રહી ઈશ્વરનાં ગૂઢ રહસ્યો ઉકેલતાં, ઓ લાખ્ખોના હણનાર મોત! તારાં વિષ બીજ મેં જોયાં. આ અલ્પજ્ઞાનથી લાખ્ખોના જાન બચશે. ઓ મોત, ઓ કરાલદ્રંષ્ટા! તારો ડંખ ક્યાં છે? તારો પરાજય, કેવું ભવ્ય!'

આ પછી રૉસની બદલી કલકત્તા થઈ. અહીં મલેરિયાથી પીડાતાં લાર્ક પક્ષીને કરડેલા મચ્છરનાં જઠરોમાં મલેરિયાના જીવાણુઓની વૃદ્ધિ જોઈ, એમને લાળ–ગ્રંથિમાં જતા જોયા. આ ઉપરથી મચ્છરના ડંખ વાટે મલેરિયાના જીવાણુઓ બીજા શરીરમાં પ્રવેશતા હોવાનો સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો.

રૉસના અખતરા પંખીઓ ઉપર હતા. પણ માનવી, મચ્છર અને મલેરિયાના સંબંધને જોડતું કંઈ પ્રમાણ ના જડ્યું. આ કામ ઈટાલીના વિજ્ઞાની બાટીસ્ટા ગ્રાસીએ ઉપાડ્યું. ઈટાલીના ખરાબ પ્રદેશોમાં જઈ તેણે અખતરા માંડ્યા અને સાબિત કર્યું કે 'મલેરિયા–ગ્રસ્ત રોગીને કરડતો મચ્છર જ તંદુરસ્ત માનવીને મલેરિયાનો રોગ આપે છે.'

છેલ્લી સદીમાં થએલી માનવજાતને ઉપકારક વૈજ્ઞાનિક શોધખોળોમાં મહાનમાં મહાન શોધખોળ મલેરિયા તાવ અંગેનું સંશોધન છે.

મચ્છરો ઘણી જાતના છે. એમાં રોગવાહક તો ત્રણ જણાયા છે. માણસે માણસે મલેરિયા તાવ ફેલાવનાર મચ્છર એનોફિલિસ જાતનો છે. એનોફિલિસ (Anopheles) ગ્રીક શબ્દ છે. એનો અર્થ 'ઉપદ્રવી થાય' છે. સાચે જ આ તાવ સાર્થ સાથે વર્ણનાત્મક છે. આની પણ અડતાલીસ ઉપ-જાતો (species) જાણવામાં આવી છે, જેમાંની પચ્ચીસ જાત મલેરિયા તાવ ફેલાવનારી છે. દરેક જાત જુદીજુદી રીતે અનેક સ્થળોએ ઉછેર પામે છે. ક્યુલેક્સ મચ્છર દ્વારા હાથીપગું અને ડેન્ગ્યુ તાવ ફેલાવો પામે છે, જ્યારે આફ્રિકામાં થતા સ્ટેગોમીઆ મચ્છર પીળા તાવ રોગના જીવાણુઓના વાહક છે.

બધી જાતના મચ્છરોમાંથી એનોફિલિસ ઓળખવો સહેલ છે. ભીંત પર છ યે પગ અડકાડી તે બેસે છે, અને માથા પર ટેકવેલું શરીર અદ્ધર અને ઊંચું રહે છે. જ્યારે ક્યુલેક્સ મચ્છર ચાર પગ ટેકવી શરીરને ખૂંધમાં રાખી બેસે છે. એનોફિલિસની પાંખોમાં કાળાં ટપકાં હોય છે.

મચ્છરને મોં ઉપર મૂછો સાથે સૂંઢ હોય છે. નર મચ્છરની સૂંઢ ચામડી ભેદી ના શકે એવી નરમ હોય છે, જ્યારે માદાની સૂંઢ સોયના જેવી તીક્ષ્ણ અને મજબૂત હોય છે, કે જે શરીર પરનાં કપડાં ભેદી ચામડીની અંદર ઊંડી ઉતરે છે. નર મચ્છર વનસ્પત્યાહારી છે. વનસ્પતિ અને ફૂલોના રસ ચૂસી તે જીવન વિતાવે છે. રોગના ફેલાવામાં તેનો હિસ્સો નથી. લોહીની તરસી તો માદા છે. જંતુસૃષ્ટિમાં સર્વત્ર માદાનું વર્ચસ્વ હોય છે. નર તો ફક્ત પ્રજોત્પત્તિના કામ માટે જ નિર્માણ થયો હોય તેમ આળસુ જીવન પસાર કરે છે. માદા એનોફિલિસ કરડે ત્યારે પ્રથમ સૂંઢ દ્વારા લાળ આપણા લોહીમાં ભેળવે છે, જેથી લોહી જામ્યા વિના પ્રવાહી રહે છે અને મલેરિયાના જીવાણુઓ પ્રવેશે છે.

મોટા ભાગે મચ્છરો નિશાચર છે. દિવસના અંધારા ખૂણાઓમાં, ગંદકી–કચરાના ઢગલામાં, ઢોરની ગમાણમાં અને ઝાડછોડવાઓમાં ભરાઈ રહે છે. માનવી સમીપનું વાતાવરણ ગરમ હોવાથી મચ્છરો તેના તરફ ધસી આવે છે. વળી આપણા ઉચ્છ્‌વાસમાંથી નીકળતો અંગારવાયુ પણ તેના આકર્ષણરૂપ છે. આ કરતાં બીજું સબળ કારણ તો એ છે કે માદા મચ્છરને ઇંડાં મૂકતાં પહેલાં હૂંફાળું લોહી ચૂસવું આવશ્યક છે. આ માટે તો તેઓ પ્રથમ ઢોર તરફ વળે છે. ઢોરોમાં ખાસ કરીને ગાય, ઘોડા અને ભૂંડના લોહી તરફ એમની પસંદગી છે. ઢોર પછી માણસના લોહીનો ગ્રાસ લેવા માણસો તરફ વળે છે.

વૈદકશાસ્ત્રના તદ્વિદોનું માનવું છે કે ઘરઆંગણે ગાય પાળેલી હોય તો રોગ–દાતા મચ્છરોના દંશમાંથી માનવીને મુક્તિ મળે. એક જમાનામાં ગો-સેવાનો મહિમા–ધર્મ હતો, સાથેસાથે ઘરઆંગણે તુલસી ઉછેરવાનો પણ. કહેવાય છે કે સાપ જેમ ડમરાના છોડની પાસે ઢૂંકતો નથી તેમ મચ્છરો તુળસીના છોડવાઓથી વેગળા ભાગે છે. સર જ્યૉર્જ બર્ડવુડ તુલસીના આ ગુણની મહત્તા દર્શાવતાં લખે છે કે 'મુંબાઈમાં વિક્ટોરીઆ ગાર્ડન અને આલ્બર્ટ મ્યુઝિયમ બંધાતાં હતાં, તે વખતે કારીગરો ને મજૂરો મચ્છરોના ઉપદ્રવથી અને ઉપરાઉપરી થતા તાવના હુમલાથી ત્રાસી ગયા હતા. એ નિવારવા એક હિંદુ ઇજનેરની સૂચનાથી બાગની વાડો ઉપર તુળસી અને તેના વર્ગના છોડવાઓ રોપાવ્યા. અજાયબરીતે થોડા જ દિવસોમાં ત્યાંથી મચ્છરો અદૃશ્ય થયા. તાવનો ઉપદ્રવ નાબૂદ થયો. તાવના ધામ જેવી ગણાતી એ જગ્યા નિરામય બની.' ગો–સેવાના ને ઘરઆંગણે તુલસી ઉછેરવાના મૃતપ્રાયઃ બનેલા મહિમા–ધર્મનું પુનઃપ્રતિષ્ઠાપન કરી આપણે સ્વાસ્થ્ય-સંરક્ષણ કાં ના મેળવીએ?

માદા મચ્છર માણસનું લોહી એક મિનિટ સુધી ધરાઇને ચૂસે છે. આ પચે એટલે બે કે ચાર દિવસે ફરીથી લોહી પીવા તે માણસો તરફ વળે છે. લોહી પીધા બાદ તે ઈંડાં મૂકે છે. એક સામટાં સોથી



દોઢસો ઇંડાં મૂકે છે. ઇંડાં મૂકવાનાં સ્થાન તળાવ, કૂવા, ખાબોચિયાં, ખાળકૂંડી કે મોરીના પાણીની ધાર કે સપાટી અને કાદવ છે. અન્ય જંતુઓની જેમ મચ્છર પણ રૂપાંતરાવસ્થાઓ ભોગવે છે. ઇંડાંમાંથી ઇયળ થાય. ઇયળ કોશેટો બને અને તેમાંથી મચ્છર રૂપે હવામાં ઊડવાનું શરૂ કરે છે. આમ પંદરથી વીસ દિવસ વીતે છે. મચ્છર સ્વરૂપમાં આવ્યા બાદ તે અઠવાડિયામાં જ ઈંડાં મૂકવાનું શરૂ કરે છે. મચ્છરની રૂપાંતરાવસ્થાઓ પાણીમાં જ પસાર થાય છે. માદાની દરકાર કે સંભાળ વગર, હવાની ફૂંકથી ગતિમાન થતા પાણીના ઝૂલે ઝૂલતાં મચ્છર ઊછરે છે. આ રીતે તેમનું જન્મ અને ઉછેરસ્થાન પાણી હોવાથી એમ ચોક્કસ કહી શકાય કે જ્યાં પાણી ત્યાં મચ્છર, પાણી નહીં ત્યાં મચ્છર નહીં.

ઠંડી ઋતુમાં ને સખત ગરમીના દિવસોમાં નર મચ્છરો મરણ પામે છે. માદા વાડ, ઝાડ કે ઝાડની બખોલોમાં ને ઘરના હવાઉજાસ ને વપરાશ વગરના ભાગોમાં નિશ્ચેતન પડી રહે છે. પછી જ્યારે હવામાનમાં ભેજ અને સાધારણ ગરમી આવે છે ત્યારે સપ્ટેમ્બરથી તે નવેમ્બર મહિનામાં તે ફરી ચેતનવંતાં બને છે ને ઈંડાં મૂકે છે. આ મહિનાઓમાં જ આપણે મલેરિયાથી પીડાતા નથી હોતા?

મચ્છરોને ઊછરવાની જગ્યાઓ મળી રહે ત્યાં આજુબાજુમાં એક માઈલના વિસ્તારમાં તેમનો ત્રાસ વર્તાય છે. મચ્છરો લાંબું ઊડવા શક્તિવંતા છે. વસવાટની જગ્યાની તંગાશ અનુભવાય ત્યારે પવનની દિશામાં રહી બે માઇલ જેટલું દૂર ઊડી જાય છે. મચ્છરોનો ત્રાસ પૃથ્વી પર સર્વત્ર છે. ધ્રુવ પ્રદેશો પર જતા સાહસિકોને પણ તેમનો ત્રાસ સતાવે છે. ઠંડા પ્રદેશોમાં મચ્છરોને ઘર કે ઢોરની ગમાણોમાં હૂંફાળું રહેઠાણ મળી રહે છે. આથી ત્યાં પણ મલેરિયાના રોગીઓ હોય છે. મલેરિયાની વાત સાદીસીધી નથી. એક વાત પૂરી થતાં પહેલાં બીજી વાત શરૂ થાય છે. એકમાં બીજી ને એમાં વળી નવી વાત એમ અરેબિયન નાઈટ્સ કે કથાસરિત્સાગરની જેમ એમાં વાતમાં વાત ગૂંથાએલી છે.

મચ્છર કરડવાથી મલેરિયા તાવ આવે છે એ તો સૌ જાણે છે. ખરી વાત એ છે કે મચ્છરે માંદા માણસનું લોહી પીધેલું હોવું જોઇએ. આમાં આવેલો ચેપ તે તંદુરસ્ત માણસને આપે છે. મચ્છરથી ચેપ નથી લાગતો. એ તો ફક્ત ચેપનું વહન (carrier : vector) કરે છે.

મલેરિયા આણનાર જીવાણુઓ (Parasites) બેવડું જીવન જીવે છે. એક મચ્છરના શરીરમાં અને બીજું માનવ દેહમાં. મલેરિયાના જીવાણુઓ મચ્છરના શરીરમાં નર માદા રૂપે એકઠા મળી એકના અનેક થાય છે. આ જ્યારે પક્વ બને છે ત્યારે મચ્છર ડંખ વાટે એમને માનવ લોહીમાં દાખલ કરે છે. આ જીવાણુઓ પ્રોટોઝોઆ વર્ગના એકકોષી સૂક્ષ્મ જીવો છે. પ્લાઝમોડિયમ એમનો વર્ગ છે. ચાર જાતના જીવાણુઓથી મલેરિયા તાવ આવે છે. પ્લાઝમોડિયમ વાયવેક્સ, પ્લા૦ ફાલ્સીપેરમ, પ્લા૦ મલેરીઈ અને પ્લા૦ ઑવેલી. રોગીને તાવ હોય ત્યારે આ જીવાણુઓ લોહીમાં તરતા હોય છે, જ્યારે તાવ ના હોય ત્યારે લોહીના રાતા કણોમાં વસે છે.

જે જાતના જીવાણુનો ચેપ લાગ્યો હોય તે પ્રમાણે તાવ આવે છે. રોજિંદો તાવ પ્લા૦ વાયવેક્સ અને પ્લા૦ ફાલ્સીપેરમના મિશ્ર ચેપથી લાગુ પડે છે. દર અડતાલીસ કલાકના આંતરે આવતા એકાંતરિયા તાવ-(Tertian Malaria)નું કારણ પ્લા૦ વાયવેક્સ, પ્લા૦ ઑવેલી અને પ્લા૦ ફાલ્સીપેરમનો ચેપ છે. એકાંતરિયો તાવ સાદો કે ઝેરી હોઈ શકે. પ્લા૦ ફાલ્સીપેરમથી ઝેરી એકાંતરિયો (Malignant Tertian) તાવ આવે છે. આમાં જીવાણુઓવાળા રાતા કણો એકઠા થાય છે. આવા કણોનો ગઠ્ઠો મગજની લોહીની નાની નળીઓમાં વાગતાં ભારે નુકસાન થાય છે. આથી આ તાવમાં મરણપ્રમાણ ઊંચું રહે છે. બોંતેર કલાકે આવતો ચોથિયો તાવ (Quartan Malaria) પ્લા૦ મલેરીઇને આભારી છે.

ઝેરી એકાંતરિયો તાવ નીચેનાં રૂપમાં દેખા દે છે: (૧) મગજનો તાવ(Cerebral Malaria): તાવનું પ્રમાણ ૯૯ અંશથી સાડી નવાણું જેટલું થોડું હોય છે. રોગીનાં અંગ રહી જવાથી માંડી પક્ષાઘાત અને બેભાનાવસ્થા થાય છે. (૨) અતિશય તાવ: શરીરની ગરમી ૧૦૭ અંશથી ૧૧૧ અંશ ફેરનહાઇટ જેટલી વધે છે. (૩) પેટનો મલેરિયા: મરડો કે કૉલેરાનાં ચિહ્નો દેખા દે છે. પુષ્કળ ઊલટીઓ થાય છે. તીવ્ર ઍપેન્ડિસાઇટિસની પીડા થઇ આવે છે. (૪) પુષ્કળ પસીનો થઇ શરીર ઠંડું પડે છે. (૫) કમળો થવા સાથે પિત્તની ઊલટી અને કાળા ઝાડા થાય છે.


મચ્છરના થૂંક સાથે આવેલા મેલેરિયાના જીવાણુઓ માનવીના લોહીમાં જઈ રક્તકણોને વળગે છે. અહીં વંશવૃદ્ધિ પામી એકના અનેક થાય છે. પછી એના કણો ફાટે એટલે જીવાણુઓ લોહીમાં પડે છે; એમનું ઝેર પણ લોહીમાં ભળે છે. લોહીમાં ઝેર ભળવાથી રોગીનું શરીર ટાઢથી ધ્રૂજી ઊઠે છે. બેચાર ગોદડાં ઓઢવા છતાં ય ટાઢ નથી શમતી.

ટાઢ અડધાથી બે કલાક સુધી રહે છે. પછી શરીર ગરમ થાય છે. તાવની ગરમી ૧૦૩ ફેરનહાઈટ અંશથી ૧૦૬ અંશ સુધી વધે છે. પાંચ-છ કલાક સુધી તાવ રહે છે. જીવાણુઓનું ઝેર શરીરમાંથી નાબૂદ થાય એટલે પરસેવો છૂટવા માંડી તાવ ઊતરે છે. તાવ વખતે રોગીને ઊબકા, ઊલટી, શરીરનું કળતર, બકવાટ, સાધારણ ગાંડપણ વગેરે ચિહ્નો સતાવે છે.

મલેરિયાથી કોણ પરિચિત નથી? ટાઢ વાઇને એ આવતો હોવાથી લોકભાષામાં એને ટાઢિયો તાવ કહે છે. આ તાવની ખૂબી એ છે કે તે ચઢ્યા પછી ઊતરે અને વળી પાછો થોડા વખતમાં ભરાય છે. આને તાવમાં તાવ આવ્યાનું કહેવાય છે. રાતા કણો ફાટતાં લોહીમાં બહાર પડેલા જીવાણુઓ વળી પાછા નવા રાતા કણોમાં પ્રવેશી વધારે ને વધારે રાતા કણોમાં અડ્ડો જમાવે છે. આ જીવાણુઓની વંશવૃદ્ધિ થતાં પાછા રાતા કણો ફાટી રોગીને ટાઢ વાઈ તાવ ભરાય છે.

આવી રીતે રાતા કણો ફાટતા જાય છે અને તાવના હુમલા રહ્યા કરે છે. આનો વખત નિશ્ચિત નહિ હોવાથી તાવ પણ અવારનવાર આવ્યા જ કરે છે. ઘણી વાર ચેપી મચ્છર વારંવાર કરડ્યા કરવાથી એક વખત લાગેલા ચેપની અસર પૂરી થતાં અગાઉ બીજા ચેપની અસર

↓ કયુલેકસ મચ્છર અને મલેરિયાના જીવાણુઓનો વાહક એનોફિલિસ મચ્છર ↓



શરૂ થવાથી તાવ પર તાવ ચઢયા કરે છે. બે જાતના જીવાણુઓ શરીરમાં દાખલ થયા હોય ત્યારે પણ ઉપરાઉપરી તાવના હુમલા થાય છે. આ વખતે ટાયફોઈડ તાવની શંકા આવે છે, પણ લોહીની તપાસમાં મલેરિયાના જીવાણુઓ દેખાતાં રોગનો પ્રકાર ચોક્કસ થાય છે.

રાતા કણો ફાટવાથી નીકળેલા જીવાણુઓ નવા રાતા કણોમાં પ્રવેશે છે. જો આ પ્રમાણે ચાલ્યા કરે તો માનવીના દેહમાં શુદ્ધ લોહી જ ન રહે; પણ દેહમાંનું કુદરતી સંરક્ષણબળ આટલી હદ સુધી બગાડો થવા દેતું નથી. જીવાણુઓનો કંઈ ભાગ તો શરીરમાં જ નાશ પામે છે. બરોળ અને કલેજામાં આવેલા જંતુભક્ષક કોષો લોહીમાં ફરતા જીવાણુઓનો અને જીવણુઓમાંના રાતા કણોનો સંહાર કરે છે. લોહીના ધોળા કણોની એક જાત પણ આ કામ ઉપાડે છે, આના પરિણામે રોગીનાં કલેજું અને બરોળ કદમાં વધે છે.

પણ જો જીવાણુઓના થતા સંહાર કરતાં એમની વૃદ્ધિ ઝડપી હોય તો રોગીની સ્થિતિ બગડે છે અને મૃત્યુ પણ આવી પડે છે. પણ ઘણુંખરું તો જંતુભક્ષક કણો મોટા ભાગના જીવાણુઓને મારી નાખે છે. રોગીને આરામ થાય છે અને વધેલાં કલેજું અને બરોળ અસલ સ્થિતિએ આવી જાય છે. જંતુભક્ષક કોષો જીવાણુઓનો સંહાર કરી દેહમાં એવી તો રોગક્ષયતા પેદા કરે છે કે જે તાવના બીજા હુમલાનો સામનો કરે છે; પણ આ રોગક્ષયતા ટૂંકા ગાળાની હોય છે. વળી એક જાતના જીવાણુઓ સામે પેદા થએલી રોગક્ષમતા બીજી જાતના જીવાણુઓ સામે ટકતી નથી. એટલે બીજી જાતના જીવાણુઓના ઝેરથી રોગીને ફરી તાવ આવવા વકી છે.

રોગજીવાણુઓ રાતા કણોના હિમોગ્લોબિન ઉપર જીવે છે. રાતા કણોને રંગ આપનાર આ દ્રવ્ય છે અને આ દ્રવ્યથી જ હવામાંનો પ્રાણવાયુ શોષાય છે. આવા કીમતી દ્રવ્યને જીવાણુઓ ખાઇ જાય એ કેટલું ભયંકર છે! હિમોગ્લોબિન અને રાતા કણોનો નાશ થવાથી રોગી ફિક્કો પડે છે. એની શક્તિ ઘટે છે.

અધૂરી દવાથી કે દવા વગર તાવ ઊતર્યા બાદ જીવાણુઓ કલેજું, બરોળ અને હાડકાંના માવામાં સંતાઈ રહે છે. આની અસરથી રોગીને ખોરાક ભાવતો નથી, પચતો નથી અને મોં પર ફીકાશ દેખા દે છે પણ જ્યારે શરીરની તાકાત ઘટે, ઠંડી કે ભેજમાં રહેવાનું થાય, સખત તાપમાં ફરવાનું થાય, ખૂબ થાક લાગે, દારૂ પિવાય કે ના પચે એવો ખોરાક ખવાય, ઑપરેશન બાદ, હાડકું ભાંગે કે સુવાવડ વખતે દેહનું રક્ષણાત્મક બળ ઘટે ત્યારે સંતાઈ રહેલા જીવાણુઓ સચેતન બને છે; રાતા કણોમાં પ્રવેશી એકના અનેક થાય છે ને માનવીને તાવથી પટકે છે.

બીજા પ્રકારના તાવ કરતાં મલેરિયાની વિશિષ્ટતા એ છે કે તે વારંવાર ઊથલા ખાય છે. વારંવાર રોગીને તાવ આવે છે. એક વાર તાવ આવી ગયા બાદ વળી પાછો છ અઠવાડિયાંમાં ડોકિયું કરી જાય છે; તો વળી કોકને છથી દસ મહિનાના ગાળામાં દેખા દે છે. રોગી તાકાતવાન બને, તેના જંતુભક્ષક કોષો કાર્યક્ષમ હોય, ખોરાક અને પોષણ સપ્રમાણ હોય તો જીવાણુઓ નાશ પામવાથી રોગમુક્ત થવાય છે.

જીવન અને મરણ, દેહ અને દરદ એ જીવનનાં અવિભક્ત અંગો છે. દેહને મરણ આવવાનું ચોક્કસ છે તો દેહને રોગ થવાના પણ ચોક્કસ જ છે. રોગોનું ક્ષેત્ર અતિવિશાળ છે, પણ તેમાં ચેપી રોગોનો જ વિચાર કરીએ તો આપણને અજાયબી અને ગૂઢ રહસ્ય જાણવા મળે છે. રહસ્ય પાછળનો ઉકેલ જાણવો મુશ્કેલ છે. જો ઉકેલ જડે તો પછી વસ્તુતઃ રહસ્ય રહેતું જ નથી.

મલેરિયાના જીવાણુઓનું માનવ અને મચ્છરના શરીરમાં વીતતું પરોપજીવી જીવન અજાયબીભરેલું છે. માનવીના શરીરમાં રાતા કણો ફાટે તે વખતે જે જીવાણુઓ બહાર પડે તેમનું નામ સાઇઝોન્ટ્સ (Schizontes) છે. મલેરિયાના જીવાણુઓની રૂપાંતરાવસ્થાઓ છે. સાઇઝોન્ટ્સ અગાઉની અવસ્થા સ્પોરોઝોઈટ્સની છે. આમાંના કેટલાક જીવાણુઓ એવા છે કે જે માનવલોહીમાં રહે ત્યાં સુધી વૃદ્ધિ જ ના પામે. આમનું નામ ગૅમેટોસાઈટ્સ (Gametocytes) છે. આ ગૅમેટોસાઇટ્સ લોહીમાં હોય તો પણ માનવીને તાવ કે બીજો કશો ઉપદ્રવ થતો નથી. તે એક કે બે મહિના સુધી જીવતા રહે છે. એ જીવતા રહે ત્યાં સુધી માનવી 'ચેપી' ગણાય છે. બેથી દસ વર્ષ સુધીની વયનાં બાળકો વધારે ચેપી ગણાય છે.

માદા એનોફિલિસ મચ્છર જ્યારે તાવવાળા રોગીને કરડે ત્યારે લોહીના ઘૂંટડાઓ સાથે જીવાણુઓ તેના શરીરમાં દાખલ થાય છે. જીવાણુઓમાં સાઇઝોન્ટસ હોય છે અને ગૅમેટોસાઈટસ પણ ખરા. સાઇઝોન્ટ્સ તો મચ્છરના જઠરમાં પચી જાય છે. એટલે તેમનો નાશ થાય છે જ્યારે ગૅમેટોસાઈટસ મોટા થઈ નર ને માદા મળી એકના અનેકગણા વધે છે. જે કોથળીમાં તેઓ ઊછર્યા હોય તે ફાટે ત્યારે મચ્છરના લોહીમાં હજારોની સંખ્યામાં તરતા રહે છે. તરતાંતરતાં તેમની સૂંઢ આગળ આવી જમા થાય છે. કેવી અદ્ભુત અને આશ્ચર્યભરી કથની! મચ્છરનું શરીર કેવડું અને તેમાં તેનું જઠર કેટલું નાનકડું! હવે કલ્પના કરી લો જીવાણુઓના સૂક્ષ્માતિસૂક્ષ્મ કદની. છતાં ય તેમાં હજારોની સંખ્યામાં જીવાણુઓ પેદા થઇ લોહીમાં રહી પરોપજીવી જીવન ગુજારે છે.

મચ્છરના લોહીમાં ગૅમેટોસાઇટ્સ જાય એટલે તેમની વૃદ્ધિ થવા માંડે છે, પછી એકના અનેક થાય છે. આ વંશવૃદ્ધિમાં દસ દિવસ વીતે છે. મચ્છરના લોહીમાં ગૅમેટોસાઈટસ હોવાથી તે ચેપી કહેવાય છે. માદા એક વાર ચેપી બને તે ચાર મહિના સુધી ચેપી રહે છે. તે માણસને કરડે ત્યારે આ જીવાણુઓ માનવ લોહીમાં ઠલવાય છે. આ રીતે એનોફિલિસ માદા જ્યાં સુધી ચેપી રહે છે ત્યાં સુધી તે જેને કરડે તેના શરીરમાં મલેરિયાના જીવાણુઓનો પ્રવેશ કરાવે છે.

મલેરિયાના રોગાણુઓની માઠી અસર મચ્છરને થતી નથી, તેની જિંદગી ટૂંકાતી નથી કે તેના પ્રજોત્પત્તિકાર્યમાં કશો વાંધો આવતો નથી. આ રીતે મચ્છર સદ્ભાગી છે. પ્લેગના જીવાણુઓના વાહક બિચારા ચાંચડ! પ્લેગના જીવાણુઓ તેમના ગળામાં એવા તો ઠસોઠસ ભરાઇ બેસે છે કે તેમનાથી માનવીનું લોહી જ ચુસાતું નથી. આમ ખોરાક વિના ટળવળી તે મરણ પામે છે. ચેપી માદા મચ્છર જ્યારે માણસને કરડે ત્યારે લાળ સાથે હજારો ગૅમેટોસાઈટ્સ માણસના લોહીમાં ઠલવાય છે. માનવ શરીરમાં આવેલા આ જીવાણુઓ પ્રથમ તો બરોળ અને કલેજામાં જઇ વસે છે, ત્યાં વંશવૃદ્ધિ પામે છે, પછી રાતા કણોમાં પ્રવેશે છે. ઉપરના બે અવયવો લોહીમાં ફરતા જીવાણુઓનો સંહાર કરવાનું કામ કરે છે. વળી લોહીમાં ના ફરતા એવા જીવાણુઓને સંતાઈ રહેવાનું આશ્રયસ્થાન પણ તે બને છે! એક જ અવયવ રક્ષણ અને સંહારનું કામ ઉપાડે છે! માણસના શરીરમાં જીવાણુઓ દાખલ થયા બાદ દસથી વીસ દિવસે મલેરિયા તાવનો હુમલો થાય છે.

મલેરિયા પૃથ્વી પરની દરેક માનવ જાતને–રંકરાય બધાને–સરખી રીતે સતાવે છે. પણ આનો ભોગ બનનાર મોટો ભાગ ગરીબ માણસોનો

છે. ખેડૂતો, મજૂરો અને શ્રમજીવીઓ આ ભયાનક તાવના ભોગ બને છે. અપૂરતો ખોરાક અને યોગ્ય પોષણના અભાવે તેમનામાં કાયમની કમતાકાત હોય છે. વળી તેમનો વસવાટ હવાઉજાસ વગરનો અને ગંદા પાણીનાં ખાબોચિયાંથી ઘેરાયેલો હોય છે, કે જે મચ્છરના ઉછેર માટે ઉત્તમ સ્થાનરૂપ છે.

આ કારણોથી તેઓ મલેરિયાના ઉપરાઉપરી હુમલાથી રિબાય છે. તેમની જીવનશક્તિ ક્ષીણ બને છે. આના કારણે મોટા ભાગના માણસો મરણ પામે છે, જે જીવે છે એમનાં શરીર કથળે છે. તેમની કાયશક્તિ હણાય છે. જીવતા મૂએલા જેવા નિષ્ક્રિય અને નિષ્પ્રાણ જીવન ગુજારે છે. વધારે ભયાનક તો એ છે કે આ લોકો મરડો, પ્લુરસી, ક્ષય ન્યૂમોનિયા, નેફ્રાઇટિસ અને બીજા જીવલેણ રોગોના ભોગ થઈ પડે છે.

આરોગ્ય એ રાષ્ટ્રીય પ્રશ્ન છે. એ આર્થિક અને રાજકીય બાબતોને સ્પર્શે છે. હિંદમાં દર વરસે દસ કરોડ માણસો મલેરિયાની બીમારી ભોગવે છે. આમાંથી પાંચ કરોડ શક્તિવિહીન અને બીજા રોગોના ભોગ બને છે. પરિણામે દેશની માનવશક્તિ ઘટે છે. ભારતની મૂડી મહેનત કરવાની શક્તિમાં રહેલી છે. ભારતમાં મૂડી ઓછી છે, પણ મહેનત–શક્તિરૂપી મૂડીનો ફાયદો ઉઠાવી આઝાદ ભારતનો નકશો પલટાવવાનો છે. આથી સ્વાસ્થ્ય સુધારવાની અત્યંત અગત્ય છે.

મલેરિયાના જીવાણુઓ, મચ્છર અને માનવી વચ્ચેના પરસ્પર સંબંધ જાણ્યા બાદ માનવ જાતને પીડનાર અને માનવીની જીવનશક્તિ કોરી ખાનાર મલેરિયાને ઓછો કે નાબૂદ કરવાની વિચારણામાં પ્રથમ મચ્છર વિષે વિચારવાનું છે. મચ્છરનો નાશ એટલે મલેરિયાનું નિવારણ. મચ્છરનું જીવન પાણીમાં શરૂ થાય છે. 'જ્યાં પાણી ત્યાં જ મચ્છર' એ સૂત્રનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. આપણાં ઘરોનાં ખાળ, મોરી, ખાળકૂંડી અને પાણી ભરાઈ રહેવાના ખાડા તદ્દન સાફ અને પાણી વગરનાં રાખવાં જોઇએ. આનું પાણી ગટર કે દટણમાં જાય એવો પાકો બંદોબસ્ત હોવો જોઇએ. ખાળનાં પાણી રસ્તા પર ફેલાઈ ગંદકી ના થાય એની ચોકસાઈ રાખવી. ખાળ, મોરી અને દટણ-ગટરનાં ઢાંકણા બરાબર બંધ હોવાં જોઇએ. મચ્છર અંદર જઈ ઇંડાં ન મૂકે તે માટે સહેજે ખુલ્લાં ન રહેવાં જોઈએ. રસ્તા–સડકો બાંધતી વખતે કે રેલવેના સમારકામ માટે રસ્તાની બાજુમાં ખાડાઓ ખોદવામાં આવે છે. વળી ગામની અંદર કે ભાગોળે નાના મોટા ખાડાખૈયા હોય છે. આમાં ચોમાસાનું પાણી ભરાઇ રહેવાથી મચ્છરોને ઊછરવાનું સ્થાન મળી રહે છે. મ્યુનિસિપાલિટી કે ગ્રામપંચાયતોએ આવા ખાડાઓ પુરાવી દેવાની કે તેમાં સમાએલાં પાણી નીક વાટે નદી કે તળાવમાં વહી જાય એવી વ્યવસ્થા કરવી જોઇએ. નહેરો અને નીકોમાં પાણી ભરાઈ ના રહે એવી ઇજનેરી કુનેહ અને રચના આવશ્યક છે.

મચ્છરોના નાશ માટે પાણીમાં ઇંડાં અને ઇયળોનો નાશ કરવાનાં પગલાં લેવાં. ખાળ–મોરી, ખાળ-કૂંડી અને રસ્તામાં ફેલાએલા પાણી ઉપર ફિનાઈલ છાંટવું. કેરોસિન અને સાબુનું મિશ્રણ પણ જંતુનાશક કામ કરે છે. હમણાં ડી. ડી. ટી. અને ગૅમેક્સીન નામની સર્વોપરિ જંતુઘ્ન દવાઓ શોધાઈ છે. આનો પાઉડર ખાળ, મોરી અને ખાબોચિયાં પર છાંટવાથી મચ્છરનાં ઇંડાં, ઇયળો વગેરેનો સંપૂર્ણ નાશ થાય છે. એનું દ્રાવણ ઘરમાં ખૂણેખાંચરે અને સૂવાના ખંડમાં છાંટવાથી મચ્છરો નાશ પામે છે, વળી તેની અસર પહોંચે ત્યાં સુધી મચ્છરો આવતા પણ નથી. આર્જેન્ટિના, બ્રિટિશ ગિયાના, મોરેશીઅસ, વેન્ઝુએલા, ફૉર્મોસા, સાયપ્રસ અને ગ્રીસનાં શહેરો પર એરોપ્લેનોમાંથી ડી. ડી. ટી. છાંટવાથી રોગનાં ધામ જેવાં શહેરો હવે આરોગ્યધામ બન્યાં છે. આ શહેરોમાંથી મલેરિયાને દેશવટો દેવાયો છે. છેલ્લાં ત્રણ વર્ષથી આપણાં ગામડાં અને શહેરોમાં ડી. ડી. ટી. છંટાવાથી મલેરિયાનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે.

મલેરિયા તાવ આણનાર અને ફેલાવનાર એનોફિલિસ મચ્છરથી બચવા રાતના સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ આવશ્યક છે. મચ્છરને કરડવા માટે શરીરના ભાગો ખુલ્લા ના રહે તે માટે ઓઢણ ઓઢવું અને લાંબી બાંયવાળાં પહેરણ પહેરવાં.

લાખ્ખોના ખૂની મચ્છરને શોધનાર રોનાલ્ડ રૉસને પ્રશ્ન કરવામાં આવેલો કે 'મલેરિયાના ત્રાસમાંથી દુનિયા ક્યારે ઊગરશે?' એમનો જવાબ એ હતો કે 'એનો આધાર લોકો કેટલા મૂર્ખ છે એની ઉપર છે.' બુદ્ધિપૂર્વક ના જીવે એને રોગ વારંવાર રિબાવે એમાં નવાઈ શી?

મલેરિયા માટે વપરાતી દવાઓ ઘણાની જાણમાં છે. મલેરિયાને નિર્મૂળ કરે એવી દવા તો હજુ સુધી શોધાઈ જ નથી. મલેરિયા આવે ત્યારે ક્વિનાઈનની વપરાશ અસરકારક છે. ત્રણસો વરસો થયાં વપરાતા આ ઔષધનો સચોટ ઉપયોગ તો મલેરિયા અટકાવવા માટે છે. ભેજવાળા મલેરિયાગ્રસ્ત વિસ્તારમાં રહેનાર માનવી રોજ પાંચ ગ્રેઇન ક્વિનાઈન લે તો તેને મલેરિયા આવતો નથી. પણ જો તે સૂકા મલેરિયાના ઉપદ્રવ વગરના પ્રદેશમાં જઇ ક્વિનાઇન લેવાનું બંધ કરે અને મલેરિયાનો ચેપ લાગે તો વળી તાવ વળગે છે. ક્વિનાઈન મોંઘી દવા છે. બધાને તેની વપરાશ પરવડે નહીં,

બીજી દવા એટેબ્રિન કે મેપાક્રેઈન નામની પીળી ગોળીઓ છે. બીજા વિશ્વયુદ્ધ વખતે મલેરિયા અટકાવવા માટે એની બહોળી વપરાશ થઈ હતી. ક્વિનાઇન કેટલાક માણસોને સદતું નથી અને ગર્ભાવસ્થામાં લેવું હિતાવહ નથી. એની અવેજીમાં મેપાક્રેઇન ઉત્તમ નીવડ્યું છે. એની ખામી એટલી જ કે એની વપરાશથી શરીર કેતકી વર્ણનું પીળું બને છે. પેલ્યુડ્રિન મલેરિયા અટકાવવા માટેની અકસીર દવા છે. ભાદરવાથી માગસર સુધી રોજ ૦-૩ ગ્રામની આની એક ગોળી અઠવાડિયામાં ત્રણ વખત લેવાય તો મલેરિયાનો હુમલો થતો નથી.

હમણાં શોધાએલી નવી દવા ક્લોરોક્વિન છે. નિવાક્વિન, રેશોચીન, કેમક્વિન નામે તે વેચાય છે. આ દવા બધા મલેરિયા તાવ ઉતારવા અને અટકાવવા શ્રેષ્ઠ નીવડી છે. આ ત્રણે ખાલી પેટે ના ખાવી. દૂધ કે ચા પીધા બાદ લેવી. પેટમાં ચૂંક, ઝાડા, શરીરે ફોલ્લીઓ અને ક્વચિત માનસિક અસ્વસ્થતા એ આ દવાઓની માઠી અસરો છે.

કલકત્તા સ્કૂલ ઑવ ટ્રૉપિકલ મેડિસિનના ડૉ. ચૌધરીનું નિરીક્ષણ છે કે જ્યાં સુધી રોગી અર્ધભૂખ્યો રહેતો હોય ત્યાં સુધી એને તાવ નથી આવતો, પણ હૉસ્પિટલમાં પોષણદાયક આહાર મળતાં એને તાવ આવે છે. આયુર્વેદમાં તાવના રોગીને અપવાસ કરવાનો આદેશ છે. નથી લાગતું કે આયુર્વેદનો આદેશ આરોગ્ય આણનારો છે? લિવરપુરના ત્રીસ દાક્તરોના અખતરાથી સાબિત થયું છે કે રોગી ઉંદરોને ગાયનું અને માનવીનું દૂધ આપવાથી રોગજીવાણુઓ દબાઇ જાય છે. આ હકીકતને પુષ્ટિ આપનાર હકીકત એ છે કે માના ધાવણ ઉપર નભતાં નાનાં બાળકોને જવલ્લે જ મલેરિયા તાવ આવે છે. વિજ્ઞાનીઓનું માનવું છે કે દૂધનું કોઇ તત્ત્વ મલેરિયા-જીવાણુઓની વૃદ્ધિ અટકાવે છે.

આ ઉપરથી આપણે તારવી શકીએ કે મલેરિયા તાવ આવે ત્યારે પ્રથમ દિવસે અપવાસ કરવો, અને પછી બેત્રણ દિવસ ફક્ત ગાયના દૂધ ઉપર વિતાવવા. આમ કરવાથી રોગ વહેલો કાબૂમાં આવે છે.

સારી ટેવો જેમ જલદી પડતી નથી તેમ બૂરી ટેવો જલદી ખસતી નથી.
માણસ જિંદગીના પૂર્વાર્ધમાં જે કુટેવો પાડે છે એ તેનો ઉત્તરાર્ધ રહેવા જ દેતી નથી.

પચ્ચીસ વર્ષ પહેલાં



વૈશાખ ૧૯૮૯
અંક ૧૦૧

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ગુજરાતી સાહિત્યના ભાવનાના જુવાળના કાળમાં, સ્નેહવીરો ઝુલ્મની સામે ઝુલ્મની જેહાદ ઉપાડે અને ગલીએ ગલીએ ગાંધી જગાવે તથા 'બારણે બારણે બુદ્ધ' એક ઉદાત્ત ભાવના ઉદ્‌બોધતી શ્રી ઉમાશંકર જોષીની પ્રેરક અને પ્રશસ્ત કવિતા સાથે આ અંક ઉઘાડ પામે છે.

ચાહના રાજા લિપ્ટનના એ આ અંક માંહેના ચરિત્રમાંથી તારવેલી ને ચેની વાનગી પરથી વ્યાપાર-ક્ષેત્રે પણ જોઈતા અણનમ, ચોંપીલા અને સુકુશળ પુરુષાર્થની પ્રતીતિ થશે:

"ગરીબીના અંધારે ખૂણે ઊછરી, મહત્ત્વાકાંક્ષા ને સ્વાશ્રયનાં જળ સીંચી સીંચી કરોડાધિપતિ બનેલા સર ટૉમસ જ્હૉનસન લિપ્ટનનો જન્મ મજૂરી કરી પેટ ભરતાં કંગાલ આયરિશ માબાપને ત્યાં, ઈ. ૧૮૫૦ની ૧૦મી મેના દિવસે થયો હતો. નિશાળનો ઉંમરો પણ તેણે દીઠો નહિ. દસ વરસનો થયો ત્યારથી લગટ પાંચ વર્ષ સુધી તેણે સ્ટેશનરને ત્યાં ખેપિયાગીરી કરવામાં ગાળ્યાં. દમ વિનાની નોકરી પરથી એનું મન ઊઠ્યું હતું. આખરે એક દિવસ લાગ સાધી, તે ન્યૂ યૉર્ક ઊપડતા સ્ટીમરમાં ચડી બેઠો.

ધંધો શોધવાની મથામણોમાં એ ઉત્તર અને દક્ષિણ અમેરિકા ઘૂમી વળ્યો, પણ ક્યાંયે ઠરખાઈ આવી નહિ. ગાંધીની કરિયાણાની દુકાનમાં ગુમાસ્તાગીરીમાં ફાવ્યું નહિ એટલે ન્યૂ ઑરલીઅન્સમાં ટ્રામ હાંકવાની નોકરીએ રહ્યો. એ કામ પણ માફક નહિ આવતાં પોરટ્રેઇટ કંપનીમાં ટ્રાવેલરનું કામ અને છેવટે ડાંગરના ખેતરમાં મજૂરી પણ એ કરી ચૂક્યો. પણ કોઈ જગ્યાએ સ્થિર થઇ શક્યો નાહ. એના મહત્ત્વાકાંક્ષી જીવને ક્યાંયે આશાનાં કિરણ દેખાયાં નહિ. ત્યાં પિતાનો આગ્રહભર્યો પાછા ફરવાનો પત્ર મળ્યો. સ્ટીમરમાં આગમારવાનું વેતરું કરી લિપ્ટન ઘરભેગો થયો.

નોકરીની ગુલામીથી ત્રાસી હવે યુવાન લિપ્ટને કોઈ પણ સ્વતંત્ર ધંધો હાથ ધરવાનું ઉચિત ધાર્યું, ને જમા થએલા સો ડૉલરની થાપણ ઉપર ગ્લાસગોમાં કરિયાણાની એક નાનીશી દુકાન ખોલી. તેણે પ્રથમ દૃષ્ટિએ જ જોઈ લીધું કે હરકોઈ વેપારધંધામાં ત્રેવડભરી વ્યાપારી બુદ્ધિ, સ્વચ્છતા, ચોકસાઇ, મીઠી જીભ તથા જાહેરાત કરવાની કળા એ સિદ્ધિ મેળવવાનાં આવશ્યક અંગો છે.


આમ ખંતથી કામ કરતાં તેને જણાયું કે કમાણી વધી છે, પણ હજી ઘરાકની સંખ્યામાં ખાસ વધારો થયો નથી. તો હવે એવું શું કરવું જોઇએ કે થોડા ખર્ચે આખા ગામમાં પ્રસિદ્ધિ મળે ને શાખ પણ વધે. દુકાનની જાહેરાત કરવાના વિચારમાં તેનું મગજ પરોવાયું. અનેક તરંગોને અંતે તેણે થોડાં કબૂતર ખરીદ્યાં અને તેમની પાંખ ઉપર 'લિપ્ટન્સ ઑરફન્સ' લખી તેમને રમકડાંની ગાડીમાં પૂરી ગ્લાસગોમાં શેરીએ શેરીએ ફેરવ્યાં. બસ, ધાર્યું પરિણામ આવ્યું. આખા ગામમાં લિપ્ટનનાં એ યતીમ કબૂતરોની ચર્ચા થવા લાગી, ને બીજા દિવસથી એ લિપ્ટનને જાણવાના કતૂહલમાં લોકોએ તેની ઘરાકીમાં વધારો કર્યો. એક જ ભાવ ને સારો માલ આપી ઘરાકનું મન રાખવું એ કળામાં તો એ કાબેલ હતો.

હવે તેણે 'ઇનામી વેચાણ'ની યોજના ઘડી કાઢી. તેણે એક બલૂનમાંથી ગામના જુદાજુદા ભાગમાં પોતાનાં નામનાં દસેક હજાર પરબીડિયાં ફેંકાવ્યાં અને જે માણસ તેમાંનાં પહેલા ૨૦ લઇને આવે તેમને માટે ઇનામ ઠરાવ્યાં. પછી તો પૂછવું જ શું? તેની દુકાન આગળ લોકોની પડાપડી થવા લાગી.

આટલેથી સંતોષ માની એ બેસી ન રહ્યો. તેણે નવીનવી શાખાઓ ખોલવા માંડી, અને થોડાં જ વરસોમાં ગ્લાસગોથી તે છેક લંડન સુધી તેની શાખાઓની એક સાંકળ બંધાઈ ગઈ. બધે એક જ સરખી વ્યવસ્થા. અને એ વ્યવસ્થા પણ કેવી!—એને ત્યાં એક વખત ગએલું ઘરાક ફરીથી બીજે ક્યાંય ન જાય.

આજે અતિ પ્રચલિત થઇ પડેલી ઠઠ્ઠાચિત્રો, વ્યંગચિત્રો અને પોસ્ટરો (ભીંતચિત્રો) દ્વારા જાહેરખબર કરવાની કળા લિપ્ટનના એ કાળે તો નવીસવી હતી અને તે પણ માત્ર અમેરિકામાં જ. વિલાયતમાં પોસ્ટરની પદ્ધતિનો ફેલાવો કરવામાં લિપ્ટનનો અગ્ર ભાગ હતો. એક દિવસ એકાએક સાત લાંબા તાડ જેવા મુડદાલ માણસો 'અમે લિપ્ટનમાં જઇએ છીએ'ના પોસ્ટર સાથે ગ્લાસગોમાં નીકળ્યા ત્યારે લોકો પ્રથમ તો સમજ્યા જ નહિ કે તે શું કહેવા માગે છે. પણ જ્યારે તે જ દિવસે બપોર પછી બીજા તેટલા જ જાડા તડંગા માણસો 'અમે લિપ્ટનમાં જઈ આવ્યા'ના પોસ્ટર સાથે નીકળ્યા ત્યારે લોકોને તેનો મર્મ સમજાયો!

'ખરીદી અને વેચાણ—બંને રોકડેથી જ' એ એનો સિદ્ધાંત હતો.



અમે લિપ્ટનમાંથી આવીએ છીએ — અમે લિપ્ટનમાં જઇએ છીએ

ફાંટાબાજ જાહેરખબરોના આજના જમાના પહેલાં પણ લિપ્ટનનું ફળદ્રુપ ભેજું જાહેરાતના અવનવીન બુટ્ટાઓ ઉઠાવતું.

ગરીબાઇની કડવીમીઠી જાને અનુભવેલી એટલે કુદરતી રીતે ગરીબો પ્રત્યે તેને ઘણી સહાનુભૂતિ હતી. એ વર્ગ સુધી બાફેલાં ફળ અને મુરબ્બા પૂરા પાડવાના હેતુથી એણે કેટલીક ફળની વાડીઓની વાડીઓ ખરીદી અને તેને માટે લંડન તથા ગ્લાસગોમાં પૅકિંગ ફૅક્ટરીઓ ઉઘાડી. લિપ્ટનનાં સસ્તાં ફળોના પૅક ડબાનો ધમધોકાર વેપાર ચાલવા માંડ્યો.

લિપ્ટનની ચાહ તો એટલી જગજાહેર છે કે લિપ્ટનનો અર્થ જ ચાહ થાય છે. ઈસ્ટઇંડિયા કંપનીના વખતથી અંગ્રેજો ચાહના બંધાણી છે. પણ તે વખતે તેઓ જે ચાહ પીતા એ મોંઘી પડતી. લિપ્ટનની વ્યાપારી બુદ્ધિએ જોયું કે જો ઊંચી જાતની ચાહ સાધારણ સસ્તી કરી વેચી હોય તો લાખો રૂપિયાની આવક વધે. દેખીતો લાભ જતો કરે તે વેપારી ન કહેવાય.

આવી સરસ તક નહિ ગુમાવતાં એણે સિલોનમા ચાહનાં ખેતરો ખરીદવા માંડયાં. આજે પણ સિલોનમાં મોટામાં મોટો જમીનદાર એ છે. એક વખત ખાલી ખિસ્સે ન્યૂયૉર્કમાં ફરતા લિપ્ટનના ચાહના બગીચાની એક કરોડ પાઉંડ સુધી માગણી ઇંગ્લંડમાં થએલી! પણ એ માગણી તેણે નકારી કાઢેલી.

સિલોન, વેસ્ટ ઇન્ડીઝ અને દક્ષિણ અમેરિકામા આજે ચાહ, કૉફી અને કોકોની મળીને હજારો એકર જમીનનો એ જમીનદાર છે. એશિયાભરમાં એના કારખાનાં ને વખારો આવેલાં છે, અને પૅરિસ, હામ્બુર્ગ, બર્લિન, વિયેના, મૉસ્કો, દક્ષિણ આફ્રિકા, ન્યૂઝીલૅંડ ને ઑસ્ટ્રિયામાં તેની શાખાઓ પથરાએલી છે.''

શ્રી હીરાલાલ અમૃતલાલ શાહે ઉનાળાના 'દેવસ્વરૂપ તારાઓ'ના આ અંકમાં કરાવેલો પરિચય પુરાણોની અને અન્ય વાતોથી રસભર બને છે. પ્રત્યેક તારારસિકને માટે તે વાંચી જવા જેવો અગત્યનો છે.

'**જી**વનના આનંદ'માં તારાઓના આનંદને નિરૂપવામાં તો સીમાચિહ્ન રૂપ બની ગએલી કાકાસાહેબ કાલેલકરની કલમની 'દેવોનું કાવ્ય' લેખમાંથી વાનગી:

"સવારે એક પછી એક તારા અલોપ થતા હોય ત્યારે એક જાતનું આકર્ષણ હોય છે. આ એક તારા ગઇ, બીજી અલોપ થઈ; એ ત્રીજી પાણી ઉપર માથું રાખવાનો કેટલો પ્રયત્ન કરે છે! અરર, આખરે એ પણ ડૂબી ગઈ.

આજે શુક્ર સાથે પુનર્વસુના પ્રશ્વનનું દર્શન સૌથી પહેલું થવું જોઇતું હતું; પણ એ વાદળામાં ઢંકાયો હતો. માથે એક તારા દેખાતી હતી. એ મઘાની છે કે ફાલ્ગુનીની એનો નિર્ણય ન થાય. તારાના તેજથી એમને ઓળખવા અશક્ય નથી, પણ સાંજે એ કસોટી કામ નથી આવતી. સૂર્યના અવશિષ્ટ તેજમાં પણ તારાઓને ઝાંખા પાડવાની શક્તિ હોય છે. એટલે નજર જરા પૂર્વ તરફ દોડાવી; ત્યાં સ્વાતિએ દર્શન દીધાં. ચિત્રા કહે, હું હાજર છું, હો! પણ હસ્ત દેખાય નહિ. ચિત્રાસ્વાતિ જોયા પછી પેલી તારા મઘાના દાતરડાનો હાથો છે એ વિશે શંકા ન રહી. થોડા જ વખતમાં ફાલ્ગુનીએ (ડેનેબોલાસે) ચિત્રાસ્વાતિ સાથેનો પોતાનો સુંદર ત્રિકોણ પૂરો કર્યો. આ તારાત્રયીનો આનંદ નિહાળતો હતો એવામાં મઘાની ત્રણ તારાઓએ એક કાટખૂણ ત્રિકોણ કરી બતાવ્યો. મઘામાં એવા બે કાટખૂણા પાસે-પાસે પડેલા હોય છે એમ કહીએ તો ચાલે.

હવે તો ફાલ્ગુનીના ચોરસમાંથી કણની બે તારાઓ દેખાવા લાગી અને હસ્તની પણ બે આંગળીઓ પ્રગટ થઈ છે. અંગૂઠો પણ હવે તો કલ્પનાથી જોઇ શકાય છે. સ્વાતિ કહે છે કે આ કિરીટ પરનો કોહિનૂર જોયો? કોહિનૂર જોતાં જોતાં જાણે પારિજાતના ઝાડને ફૂલનો બહાર આવ્યો હોય તેમ આકાશમા કેટલીયે તારાઓ એકસામટી દેખાવા લાગી. સપ્તર્ષિ આવ્યા; હસ્ત આવ્યો; પુનર્વસુની હોડીનો પૃષ્ઠવંશ દેખાવા લાગ્યો. હવે કઈ બેસી રહેવાય? આંખોએ કહ્યુ, પગે માન્યું અને અમે દર્શને ઊપડયા. દક્ષિણ તરફના તો પીપળો હવે વેરી થયો છે. એ ન હોત તો સ્વર્ગના દ્વારપાળ સમા જય–વિજય બરાબર દેખાત. ત્રિશંકુના ત્રણ તારાઓ છાપરા ઉપર મોભની નળીઓ બેસે એવી રીતે બરાક ઉપર બેઠા છે અને બે હાથ ઊંચે ફેલાવ્યા હોય તેમ ઉપર બે તારાઓ ચળકે છે.

કોઈ નવી સુગંધ હવામાંથી આવે એટલે સ્મરણશક્તિ તરત એ જ જાતની સુગંધ ક્યારે અનુભવી હતી એ શોધીને એ સંસ્કારને તાજો કરે છે. સપ્તર્ષિને જોઉં એટલે શ્રીનગરમાં નારાયણમઠમાં બેસીને હું તારાઓ જોતો હતો એનો આનંદ જાગૃત થાય છે. જે જય–વિજય અને ત્રિશંકુ હું મહામુસીબતે અહીં જોઉં છું અને પીપળા ઉપર ચિડાઉં છું એ જય-વિજય બેલગામમાં તો કેટલા યે ઊંચા હોય છે. અને કન્યાકુમારી કે સિલોનમાં જતાં કોરંબા બેટમાં જે તારાઓ જોયા હતા એની તો વાત જ શી કરવી? જ્યાં જુઓ ત્યાં કાળુંકાળું પાણી અને ઉપર એટલું જ કાળું પણ નિર્મળ આકાશ; અને એ આકાશ ઉપર આકાશગંગાની યાત્રાએ આવેલી તારાઓ. ઉપર આકાશગંગાનો પટો ને નીચે સમુદ્રમાં અમારા જહાજે સમુદ્ર ઉપર ખેડેલી ચળકતી લીટી; કેટલું મજાનું સામ્ય હતું!

તારાઓ જોતા હોઇએ એટલે એ આનંદ લખવાનું મન થાય છે. અને લખતા હોઇએ એટલો વખત દર્શનનો આનંદ ખોયાનું દુ:ખ થાય છે. નરહરિ લખે છે એટલે બંને કામ એકસામટાં થઈ શકે છે, પણ આનંદ લેતી વખતે વાણી મૌન રહે એ જરૂરનું છે."

લોકવાર્તાઓનો કે વાર્તાઓનો રસિયો, આ અંકમાંની અસલ બંગાળી પરથી શ્રી મંજુલાલ ર. મજમુદારે ઉતારેલી લોકવાર્તા 'બેહુલા' ન વાંચે તો તેણે પોતા માટેનું આ અંકનું એક આકર્ષણ ગુમાવ્યું, એમ જ કહેવું પડે.

અર્જુનના ગાંડીવને શિકસ્ત આપીને અમર બનેલી અ–સાધુ કાબાજાતિ અને તેની વિચિત્રતાઓ વિષે 'માધુકરી' વિભાગમાં પરિચય અપાએલો તેમાંથી કેટલુંક:

"કાગડાને ઇષ્ટદેવ બનાવી પૂજનાર કાબાઓની નગરી સ્ટુઅર્ટપુરમ્ મદ્રાસથી ટ્રેન રસ્તે એક રાત દૂર છે અને હિંદુસ્તાનમાં આવાં કોડીબંધ સ્ટુઅર્ટપુરમ્ છે.

કાબાને પોતાનો ચોરી વગેરેનો ધર્મ બજાવતાં જેલ જવું પડે તો છૂટ્યા પછી તરત નાતમાં આવી ન શકે. એનું પ્રાયશ્ચિત્ત સાદું છે. દેશી દારૂની લ્હાણ કરે એટલે પત્યું.

આ કાબાઓનો ખોરાક પણ કાગડાના ખોરાક જેટલો મલિન છે. તળેલા સાપ અને કૂકર એ એમની માનીતી વસ્તુઓ છે.

કાબાઓ ઘર ફાડવામાં બારીબારણાં તોડીને અંદર આવવાનું નિષિદ્ધ માને છે. ઘણુંખરું છાપરે ચડીને છીંડું પાડવાનો રિવાજ એ લોકોમાં પ્રચલિત હોય છે. સૂતેલાં માણસોના કાનમાંથી, કાંડેથી, પગમાંથી ઘરેણાં કાઢવામાં આ લોકોના હાથ એવા હળવા હોય છે કે નવાણું ટકા સૂનારને જગાડયા વગર કામ કરી લે!

દરેક કાબો પોતાનાં હોય તે ઉપરાંત બને એટલાં છોકરાં દત્તક લેવા આતુર રહે છે. આ દત્તકવિધાનની ક્રિયા સાવ સાદી છે. ગામમાં ફરતાં મજબૂત છોકરાઓની બારીક તપાસ કરી કાબો ઉઠાવી જાય છે.

આખરે કાબો મરે ત્યારે બે પગના અંગૂઠાને સાથે બાંધી ભાતના પિંડ, તંબાકુ વગેરે બાંધું મૂકી છીછરી કબરમાં દાટી દેવાનો રિવાજ છે. છીછરી કબર એટલા માટે કે એના શરીરને જંગલી જનાવરો વગેરે લઈ જાય. જો કોઈના શરીરને જનાવરો ન લઈ જાય તો એ ગતે ન જાય એવું મનાય છે. આવતે જન્મે એને હલકી નાત કે વાઘ બિલાડી કે ઉંદરનો અવતાર મળે છે. અલબત્ત જો કાબો ગતે જાય તો તો એ કાગડાની યોનિમાં જ ફરી જન્મે છે!"

ટિકિટસંગ્રહ





ભારત · પાકિસ્તાન · નેપાળ · જાપાન

ભારત અને પાકિસ્તાન બંનેએ તાજેતરમાં લગભગ એક અઠિવાડિયાને આંતરે નવી ટિકિટો બહાર પાડી છે એ પૈકી ગઈ ૧લી એપ્રિલે ભારતમાં નવું દશાંશી ચલણ ચાલુ થવાના પ્રસંગે પ્રકટ થએલી બધી કિમતની ટિકિટો પર એકસરખુ ભારતના નકાશાનું જ વિવિધ રંગમાં આલેખન છે અને તે દેશ આખામાં ક્યારની પ્રચલિત થઈ ગઈ છે એટલે અહીં તેની રજૂઆત હવે બિનજરૂરી છે; પરંતુ તે પહેલાં ૨૩મી માર્ચે પાકિસ્તાને પોતાના પ્રજાસત્તાકની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે જે ત્રણ ટિકિટો બહાર પાડેલી છે તે ત્રણે પર વિવિધ આલેખનો તથા નવીનતા હોવાથી આ સાથે તે આપી છે. એ પૈકી ૨॥ આનાની લાલરંગી ટિકિટ પર પાકિસ્તાનની કાગળની મિલનું, ૩॥ આનાની વાદળી ટિકિટ પર હાથકારીગરીના સુંદર પાત્ર અને ચોમેર વેલબુટ્ટીનું તથા ૧૦ રૂપિયાની નારંગી તથા લીલી દ્વિરંગી ટિકિટ પર નારંગીના ઝાડનું ચિત્ર છે. ત્રણે પર પશ્ચિમ પાકિસ્તાનની ઉર્દૂ, પૂર્વ પાકિસ્તાનની બંગાળી ને બંને સ્થળે પ્રચલિત અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં 'પાકિસ્તાન' છાપેલું છે(મોકલનાર: શ્રી નૂરૂદ્દીન લુલ્ફ તથા ઈશાક અમરેલિયા, કરાચી). વળી, એ પ્રસંગે રદ્દીકરણ માટે યોજાએલી ખાસ છાપનો નમૂનો શ્રી એ. સત્તાર એચ. વલી મોહમેદે (કરાચી) મોકલ્યો છે તે પણ સાથેસાથ આપ્યો છે.

એ અગાઉ ૮મી માર્ચે મુંબાઈમાં ફિલાટેલિક સોસાએટી ઑાવ ઈંડિયાના ઉપક્રમથી હીરક જયંતી નિમિત્તે એક ટિકિટ પ્રદર્શન ભરાઈ ગયું તે પ્રસંગે પણ ભારતના ટપાલખાતાએ રદ્દીકરણના ખાસ છાપ યાજી હતી, તે ભાઈ આજતકુમાર સંઘવીએ મોકલેલી આ સાથે આપી છે.


જાપાને વળી એક નવતર પ્રસંગના ઉઠાવદાર ટિકિટ બહાર પાડી છે. પોતાના દેશમાં થતાં વિવધ યંત્રોની અગ્નિ-એશિયાના દેશોમાં ખપત કરવાના ઉદ્દેશથી 'નિશ્શો મારૂ' નામે આગબોટ પર તેણે તેનું એક 'તરતું પ્રદર્શન' યોજીને એ બધા દેશોમાં પ્રચાર માટે ફેરવ્યું હતું. એ સ્ટીમરે ૧૯૫૬ની ૧૮મી ડિસેમ્બરે જાપાનનો કિનારો છોડ્યો તે દિવસની છાપ સાથે ખાસ 'પ્રથમ-દિન' કવર ઉપરાંત નવી ટિકિટ બહાર પાડેલી, જેના છાપ (ભાઈ કીર્તિકુમાર દોશીના સૌજન્યથી) આ સાથે આપી છે.

એ જ ભાઈ કીર્તિકુમારે નેપાળના રાજવી શ્રી ૫ મહેન્દ્રના રાજ્યાભિષેક પ્રસંગે બહાર પડેલી લાલ અને સુવર્ણપીત રંગમાં બહાર પડેલી દ્વિરંગી ટિકિટો મોકલી છે તે પણ આ સાથે આપી છે. તે પર રાજસિંહાસન ઉપર મૂકેલાં મુકુટ, ઢાલ ને તલવારનાં આલેખન છે. સિંહાસનની પીઠ પર આવેલા ફેણ પ્રસારેલા શેષ નાગને માથે રાજછત્ર છે.

ગયા વિશ્વયુદ્ધના વિમાની બૉંબમારા દરમ્યાન માલ્ટા ટાપુના લોકોએ દાખવેલા અસાધારણ શૂરાતનને બિરદાવવા માટે એ ટાપુને રાજા જ્યૉર્જે એનાયત કરેલા ચન્દ્રક 'જ્યૉર્જ ક્રૉસ'ના પ્રસંગને સ્મરણાંકિત કરતી ટિકિટ ફેબ્રુઆરી અંકમાં આપી હતી. એ ટિકિટની ૧૫મી વાર્ષિક જયંતી નિમિત્તે આ એપ્રિલમાં ત્રણ નવી ટિકિટો બહાર પડનાર હતી.











OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પરદેશી પત્રમિત્રો

(1) Miss Farida Ismail, Age 20, M. Amin & Co., Firoze Purwala Chamber, Post Box No. 1088, Bunder Road, Karachi-2 (Pakistan), Photography, Stamps, View Cards, Swimming; (2) Jethabhai Ishwarbhai Patel, Age 26, Post Box No.52, Bukoba (T.T.Africa), Photography, Literature, Art; (3) Pratap H. Patel, Age 16, C/o Kenya Watch Co. Ltd., P. O. Box No. 164, Eldoret (Kenya Colony, B. E. Africa), Cricket, Gardening, Coins, View Cards; (4) Miss Anna Xazhoulakou, Konstantinoupoleos 40, Eagles, Athens (Greece), Stamps, Music, Theatre, Poetry; (5) Mr. Gunther Reiter, Kaisertr 12, Bavaria (Germany), Stamps, Cycling, Swimming, Basket Ball (ક્રમ ૪-૫, ઉકેલ: Rupin Patel, Gill Mansion, Mangalwadi, Bombay-4); (6) Amir Ali Abdulla, Age 17, 24-25 Sardar Mahal, Rochiram Road, Kharadhar, Karachi-2 (Pakistan), Sports, Stamps, Music; (7) Hasanali T. Virjee, Age 17, P. B. No. 1280, Kampala (Uganda), Scouting, Swimming, General Knowledge; (8) Nizarali G. Jinha, Age 15, P. B. No 907, Kampala (Uganda), Scouting, Swimming, Stamps, F. D. Covers; (9) Mansukhlal B. Vyas, Age 16, P.No. 3504, Nairobi (Kenya), Stamps, Coins, Science, Sports; (10) Bharatbhai D. Patel, Age 22, Post Box No. 10688, Nairobi (East Africa), Journalism, Stamps, Coins, Photography; (11) Brigntte Huber, Girl—19, Owen, Teek, Gartenstrasse 19, Baden, Württomberg (Germany), Stamps, Travelling, Photography (ઉકેલ: Pravin M. Sheth, C/o Dhanjibhai Photographer, Hussain's Chawl, Dhobi Lane, Thana (Bombay); (12) Chandubhai Ishwarbhai Patel, Age 23, Post Box 1508, Kampala (Uganda, B.E. Africa), Stamps, Cinema, Sports; (13) Wolfgag Weber, Regis-Breitingen, Gütorbahmhofstr. 11a (German Democratic Republic); (14) Mrs. Hildegard Wanka, Age 43 2149 N. W. Everett, Portiand 10, Oregon (U.S.A.) Reading, Journey, Languages, Animals, Different Worships (ક્રમ ૧૩-૧૪, ઉકેલ: Jayant Meghani, 1153 Pattani Road, Bhavnagar-Saur.); (15) Vinodkumar M. Mehta, Age 16, C/o M B. Mehta, Sec. A St. No. 2, Aden (Arabia), Cinema, View Cards, Stamps, Photography, General Knowledge; (16) Umar I. Patel, Age 24, Malir Colony No. 2, Block No. C 88/8, Malir (Pakistan), History, Discussion; (17) Vasundhara J., Age 13, P.B. 2971, Mombasa (B.E. Africa), Penfriendship; (18) Harishchandra J., Age 13, Add. as above, Penfriendship; (19) Niranjankumar J., Age 11, Add. as above, Stamps, View Cards, Cow-boy Comics, Swimming; (20) P. P. Bhatt, Age, 33, P. B. No. 593, Zanzibar (B. E. Africa), Stamps, View Cards.

જર્મન પત્રમિત્રો

(1) Gisela Manderfeld, Girl—17, Dbg: Hamborn, A Itmarkt 2a, Reading, View Cards, Travelling, Cycling; (2) Sylvia Merz, Girl—17, Garmisch-Partenkirchen, Gries-Str. 6, Sking, Swimming, Geography, Mathematics; (3) Elpi Ney, Girl—16, Lamstedt, Köven 30/7, Niederelbe, Bei Hamburg, Travelling, Cycling, Stamps, Photography, Table Tennis; (4) Barbara Smith, Girl—14, Wakersbrunn 25, County, Forchbeim, 13 a Baveria, Reading, Cycling, Sports; (5) Gudrun Schlejel, Girl—16, Uimchen 23, Victoriasto, 8/I Bararia, Swimming, Walking, Sailing; (6) Trene Haderev, Boy—16, Kaufbeuren, Bayern, Nord Lachenbühl 6, Music, Animals, Reading, Languages; (7) Hiltrud Luchertz, Girl—16, Osnabruck, Johannisstrasse 75; Stamps, Travelling, Photography; (8) Petra Pohlmann, Girl—16, Hamburg 26, Caspar-Voghstr. 83, General. [ઉકેલ: Pravinchandra M. Sheth, C/o Dhanubhai Photographer, Hussain's Chawl, Dhobi Lane, Thana (Bombay)]


હિંદી પત્રમિત્રો

(616) Chimanlal B. Shah-21, Station Unjha, Unava (N. G.), Cycling, Photography, Acting, Wandering; (617) Arvind U. Mehta-17, C/o Maganlal Savji, Sodha-no Delo, Near G.P.O., Jamnagar (Saur.), Stamps, F.D. Covers, Cinema, Cricket; (618) Babubhai K. Modi-23, C/o Kasodiwala Bldg, No. 4/1750, 2nd Floor, Khanda Kuva, Begum Pura, Surat (India), Literature, Stamps, View Cards, F. D. Covers; (619) A. E. Dharolia-17, C/o M. O. Gadod, Lindi Bazar, Jamnagar (Saur), Literature, Cinema, General Knowledge; (620) Raichand R. Nagda-15, 23-A Chinch Bunder Road, Bombay-9, Cricket, Stamps, Drawing, View Cards; (621) Bhupendra P. Shah-21, Bhogilal Talati's Bldg., Sheth-ni Sheri, Kotekot, Baroda, Literature, Acting, Cricket, Travelling, Journalism; (622) Harsukhray B. Trivedi-19, Old Post Office, Kanji Tailor's Bldg., Port Colony, Okha Port (W. R.), Stamps, Politics, Philosophy, Literature; (623) Girdharlal Kurji Amlani-20, Gopnath Plot, Porbandar (Saur.), Drawing, Music, Stamps, Hindi & Gujerati Literature; (624) Naresh-18, C/o Narendrakumar R. Shah, 7 Dhanji Street, Patan Jain Mandal, Bombay-3, Reading, Photography, Drawing, Sports; (625) Champaklal Shantilal Shah-18, Add. as above, Drawing, Stamps, Cricket, Reading; (626) Dhirajlal M. Khandhar-18, C/o Deepak Printery, Ardesher Dady Street, Bombay-4, (અનુ૦ પૃષ્ઠ ૩૦૨ પર)

સાહિત્યસંપર્ક

અલખતારો : જૂનાં ભજનોના ઢાળની માંડણી પર, શબ્દાવલિ અને અભિવ્યક્તિમાં સૌરાષ્ટ્રની તળપદી બાનીની યાદ તાજી કરાવતા શ્રી દામોદર ભટ્ટ 'સુધાંશુ'ના, આજે એ ક્ષેત્રે વિશિષ્ટ મહાનસમા, 'રામસાગર'પછીના આ ભજનસંગ્રહને આવકારતાં સહેજે આનંદ થાય, કારણ કે એ તળપદી બાનીને યુગાનુરૂપ સંસ્કારવામાં અને નવનવીન ભાવે ભાતીગળ ને રોચક બનાવવામાં શ્રી સુધાંશુની કલમે મોટો ફાળો આપ્યો છે. જોકે એમાં પ્રયત્નની સભાનતાથી કૃત્રિમતા અને દુર્બોધતા પણ આવી જાય છે. આ ભયસ્થાન નિવારી શકાય તો શ્રી સુધાંશુનો પ્રયત્ન ગુજરાતી કવિતાસાહિત્યમાં આગવું અર્પણ બની રહે એવો ઊજળો છે. પુસ્તકને અંતે શ્રી દેવજી રા. મોઢાએ કાવ્યોનો ટૂંકો પરિચય આપ્યો છે. પ્રકાશક : હિંદ પુસ્તક ભંડાર, પોરબંદર; કિંમત : રૂા. ૨–૦–૦.

પિંગળનું ગણચક્ર



કાવ્યરચનામાં જરૂરી (પિંગળના) અક્ષરમેળ છંદ માટેના આઠ ગણના લઘુગુરુ અક્ષરો જાણી લેવાની સરળ સમજ આ આકૃતિમાંથી મળી રહેશે. એમાં આઠ ગણના આઠ અક્ષરો ન,સ,ય,મ,ત,ર,જ,ભ નીચે અનુક્રમે ત્રણ લઘુ, ત્રણ ગુરુ, એક લઘુ ને એક ગુરુનાં ચિહ્નો મૂકવામાં આવ્યાં છે. હવે જે ગણની અક્ષરરચના જાણવી હોય તેના અક્ષર નીચેના ચિહ્નથી શરૂ કરીને આગળ જમણી તરફ clockwise–ઘડિયાળની દિશામાં-બીજાં બે ચિહ્નો સુધી પહોંચવું, એટલે તે ગણના ત્રણ અક્ષરની રચના મળી રહેશે. દાખલા તરીકે 'ન' ગણની અક્ષર રચના 'ન'થી શરૂ કરીને 'ય' સુધીના અક્ષરોની નીચે મૂકેલાં ત્રણ લઘુચિહ્નો અનુસાર 'લલલ' છે. એ જ રીતે 'ર'ગણની અક્ષરરચના 'ર'થી શરૂ કરીને 'ભ'ની નીચેનાં ચિહ્નો અનુસાર 'ગાલગા' છે. વગેરે. (નરુ દેસાઈ)
૨૯૩ ('કુમાર' અંક ૪૦૧)

રાષ્ટ્રીય પારિભાષિક શબ્દાવલિ

(માર્ચ ૧૯૫૭ના અંક ૩૯૯ના અનુસંધાને આગળ)

G

Gazette : રાજપત્ર, ગૅઝેટ
Government : સરકાર, શાસન
Government of India : ભારત સરકાર
Government State : રાજ્ય સરકાર
Governer : રાજ્યપાલ
Grant : અનુદાન
Grant–in–Aid : સહાયક અનુદાન
Gratuity : ઉપદાન
Guardian : સંરક્ષક

H

Habeas Corpus : બંદી–પ્રત્યક્ષીકરણ
Headman : મુખિયા, મુખી
High Court : ઉચ્ચ ન્યાયાલય
Honorarium : માનદેય
House : સદન
House of the People : લોકસભા

I

Inmunity : ઉન્મુક્તિ
Inplementing : પરિપાલન
Impose : આરોપણ
Imprisonment : કારાવાસ
Incapacity : અસમર્થતા
Incidental : પ્રાસંગિક
Incompetency : અક્ષમતા
Incompetent : અક્ષમ
Industry : ઉદ્યોગ
Ineligible : અપાત્ર
Ineligibility : અપાત્રતા
Influence : પ્રભાવ
Influence, Undue : અયુક્ત પ્રભાવ
Inoperative : અપ્રવૃત્ત
Inquiry : પરિપ્રશ્ન
Invalid (adj.) : અમાન્ય

J

Judge : ન્યાયાધીશ
Judge, Additional : અપર ન્યાયાધીશ
Judge, Extra : અતિરિક્ત ન્યાયાધીશ
Judgement : નિર્ણય
Jurisdiction : ક્ષેત્રાધિકાર
Justice : ન્યાય
Justice, Chief : ન્યાયાધિપતિ


K

L


Labour : શ્રમ
Labour Union : શ્રમિક સંઘ, કામગાર સંઘ, મજૂર સંઘ
Labour Welfare Centre : શ્રમ હિતકારી કેન્દ્ર
Law : વિધિ, કાનૂન
Law and Order : કાનૂન અને વ્યવસ્થા
Law, Civil : વ્યવહારવિધિ, દીવાની કાનૂન
Law, Criminal : દંડવિધિ, ફોજદારી કાનૂન
Legal : વિધિસંબંધી, કાનૂની
Legation : દૂતાવાસ
Legislation : વિધાન
Legislative Assembly : વિધાનસભા
Legislative Council : વિધાનપરિષદ
Legislature : વિધાનમંડળ
Libel : અપમાનલેખ
Libetry : સ્વાધીનતા, સ્વાતંત્ર્ય
Liberty, Civil : નગર-સ્વાતંત્ર્ય
Liberty, Constitutional : સંવિધાની સ્વાતંત્ર્ય
Liberty, Individual : વ્યક્તિસ્વાતંત્ર્ય
List : સૂચિ
List, Concurrent : સમવર્તી સૂચિ
List, State : રાજ્યસૂચિ
List, Union : સંઘસૂચિ

M

Majority : બહુમત
Majority, Absolute : પૂર્ણ બહુમત
Mandamus : પરમાદેશ
Member : સદસ્ય
Minister : મંત્રી
Motion : પ્રસ્તાવ
Motion of Confidence : વિશ્વાસપ્રસ્તાવ
Motion of Non-Confidence : અવિશ્વાસપ્રસ્તાવ
Municipal Area : નગરક્ષેત્ર
Municipal Committee : નગરસમિતિ
Municipality : નગરપાલિકા
Municipal Corporation : નગર કૉર્પોરેશન



સ્મૃતિ • કલાકાર : શ્રી ઈશ્વરદાસ અફઘાનિસ્તાનમાં ભરાએલા ભારતીય કલાના પ્રદર્શનમાં રજૂ થએલી કૃતિ (દિલ્હીની ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)



← પહેલગામ પાસે જેલમ નદી · ફોટો : નારાયણભાઈ ચારા



↑ નિશાત બાગ-કાશ્મીર · ફોટો : નારાયણભાઈ ચારા

હિંદી પત્રમિત્રો (અનુસંધાન પૃ.૨૯૨થી) Literatute, Reading, Cycling, Swimming; (627) Mugatlal J. Sanghvi-19, 13 Hanspukaria, 1st Lane, Burra Bazaar, Calcutta-7, Cinema, Sports, Photography; (628) Bipinchandra Jayantilal Kothari-18, 112 Shanti Sadan, 1st Floor, Block No. 7, Sion, Bombay-22, Stamps, Reading Stories, Adventures, Comics; (629) Khushalchand Dhirajlal Kotak-18, Mandvi Chawk, Kamdar Sheri, Rajkot (Saur.), Literature, Music, Sports, Stamps; (630) Ramchand Nanubhai Desai-18, Deladva (Dist. Surat), Poetry, Sociology, Gujerati Literature; (631) Rasiklal Popatlal Doshi-16, Palanpur Jain Boarding, Palanpur (Saur.), Cricket, Drawing; (632) Pallavi Chimanlal Jhaveri-17, A-6, V. J. T. I. Hostels, Matunga, Bombay-19, Dancing, Music, Stamps, Sports, Science; (633) Arvindkumar Champaklal Shah-18, C/o Champaklal Raichand, 305 Musjid Bunder Road, 741 Krishna Nivas, Bombay-3, Stamps, View Cards, Photography, Sports; (634) Jayantilal M. Panchal-18, 348 Ambliwad, Saraspur, Ahmedabad-2, Stamps, Painting, Quotations; (635) Mahendrakumar Shantilal Patel-15, Bhagvansang Street, Zandu Bhatt Road, Jamnagar (Saur.), Sports, Painting, Collecting Flowers; (636) Vishvamitra -25,682, Behind Mirzapur Police Gate, Ahmedabad-1, Literature, Astrology, Radio, Travelling; (637) Hasmukhray N. Master-18, C/o Shree Prajapati Vidyarthi Ashram, Maharani Chimanbai Road, Navsari (Dist. Surat), Stamps, Novels, Cycling; (638) Hasmukhlal Somalal Shah-18, Benia Street, Opp. Boring Tanki, Bavla (Dist. Ahmedabad), Literature, Sports, Politics, Drawing; (639) Ambalal Popatlal Bavalia-19, Chora-pa, Bavla, Photography, Literature, Swimming; (640) Pravin Dave-22, 2664/2 Charsheri, Pakhali Pole, Raipur, Ahmedabad, Literature, Stamps, Travelling; (641) Gajendra Someshwar Pathak-21, Gujerat College Hostels, Room No. A/14, Ahmedabad, Music, Literature, General; (642) Pannalal M. Shah-21, C/o Fulchand Chhotalal Shah, Jhola Sheri, Brahman Falia, Gojpur Sankheda (Dist. Baroda), Stamps, View Cards, Philosophy, Literature; (643) Manukumar D. Patel-20, C/o Sardar Chhatralaya, Kareli Baug, Baroda, Stamps, Literature, Story-Writing, Music; (644) Ramesh M. Mehta-22, C/o Jagannath L. Gandhi, Sushil Nivas, Gujri Bazar Road, Rajkot (Saur.), Touring, Literature, Photography, Astrology; (645) Ramanlal Punamchand Shah-18, Wilson College, F. Y. Science D.

('56-'57), Chowpatty, Bombay-7, Touring, Stamps, Reading; (646) Himmatlal M. Kothari–17, 21 Synagogul Street, Calcutta-1, Journey, Stamps, Science, World Affairs; (647) Bhanuprasad Trikamlal Joshi–19, Pimpel (Dist. Mehsana, N. G.), Stamps, Coins, Languages; (648) Narayan M. Desai–23, 31 Government Servants' Society, Navrangpura, Ahmedabad-9, Handwriting, Flowers, Indian Music, Poetry; (649) Prafullachandra M. Trivedi–18, Vaghela Brothers' Office, Near Court, Manavadar (Saur.), Music, Nature, Poetry; (650) Mahesh C. Doshi–20, Govt. Officer's Bunglow-2, Rajkot (Saur.), Collecting Funny Cartoons & Pictures of Air-craft, Cricket, Radio; (651) Dayaram M. Jethwa–21, Reha Mota, Bhuj (Kutch), Literature, Politics; (652) Dwarkanath Jayadatt Jha–15, C/o Bhimji Ramji Sanskrit Pathshala, Jam Khambhalia (Saur.), Stamps, Poetry-Writing; (653) Vinodray Maganlal Bhoot–17, C/o Maganlal Shamji Khatri, Near Dwarka Gate, Jam Khambhalia, Drawing, Stamps; (654) Bhanuprasad Trikamlal Joshi–18, Pimpel, P. O. Vadavali (Dist. Mehsana), Stamps, Coins, Reading, Journey; (655) Jagdish Mohanlal Patel–17, Near Bhajgovind Vaid's Khadki, Sarangpur, Ahmedabad-1, Stamps, View Cards, Playing Cards, F. D. Covers; (656) Navnit J. Modi–21, Sikka, Via Jamnagar (Saur.), Reading, Cinema; (657) Navnitray Vishvanath Upadhyay–28, Civil Hospital, Dhoraji (Saur.), Stories, Music, Views, Photography; (658) Jayantilal B. Thakrar–24, Khadkhad Lane No. 4, Veraval (Saur.), Stamps, Photography, Travelling; (659) Rekha Patel–18, C/o Shantibhai Patel, Nutan Bazar, P. O. Khagra (Murshidabad Dist., W. Bengal), Novels, Music, Drama; (660) Vinaykumar Desaibhai Patel–16, Ramkutir, Nadiad (Dist. Kaira), Literature, Stamps, Travelling, Science; (661) Kiritsinh A. Waghela–30, Ramnath Para Line, Rajkot (Saur.), Travelling, Photography, Machinery, is to start on a cycle-tour of the world; (662) Mahendrakumar R. Parekh–19, 310 Kharek Bazar, 1st Floor, Bombay-1, Literature, Art, Journey; (663) Mulji Gopalji Chande–20, Kutchi Lohana Building, 144 Arthur Road, Chinch Pokli, Bombay-11, Stamps, View Cards; (664) T. A. Locat–18, C/o A. V. Wadiwala, Kansara Bazar, Savar Kundla (Saur.), Stamps, Cricket, View Cards; (665) Shekh Islam Ahmed Rashid Ahmed–17, Near Police Station, Police Line, Vaghodia (Dist. Baroda), Drawing, Stamps; (666) Mahendra S. Sanghvi–21, C/o Popatlal Tarachand, De Souza Street, Gopal House, 1st Floor, Bombay-3, Sports, Stamps, Coins, Literature.

(ચાલુ)

N

Nation : રાષ્ટ્ર
National Highway : રાષ્ટ્રીય રાજપથ
Nationality : રાષ્ટ્રીયતા
National : રાષ્ટ્રીય
Nationalisation : રાષ્ટ્રીયકરણ
Notice : સૂચના, સૂચનાપત્ર

O

Octroi : ચુંગી, જકાત
Ordinance : અધ્યાદેશ, ઑર્ડિનન્સ
Order : (૧) આદેશ (૨) વ્યવસ્થા

P

Paramountcy : સાર્વભૌમતા, સર્વોપરિતા
People : લોકો
Perquiste : પરિલબ્ધિ
Plebiscite : જનમતસંગ્રહ
Preamble : પ્રસ્તાવના
Prejudice : પ્રતિકૂલ પ્રભાવ
President : રાષ્ટ્રપતિ
Prime Minister : પ્રધાન મંત્રી, વડા પ્રધાન
Privilege : પ્રાધિકાર
Proclamation of Emergency : આપાતઘોષણા
Parole : પેરોલ
Permission : અનુજ્ઞા
Person : વ્યક્તિ
Pole : મતદાન
Preference : અધિમાન
Prerogative : પરમાધિકાર
President, Vice : ઉપરાષ્ટ્રપતિ
Prison : કારાવાસ
Proclamation : ઘોષણા

Q

Qualification : અર્હતા
Quo Warranto : અધિકારપૃચ્છા
Quorum : ગણપૂર્તિ

R

Ratification : અનુસમર્થન
Reading, First : પ્રથમ પઠન
Reading, Third : તૃતીય પઠન
Recurring : આવર્તક
Regulate : વિનિયમન
Repeal : નિરસન
Republic : ગણરાજ્ય
Resignation : પદત્યાગ
Ruler : શાસક
Reading : પઠન
Reading, Second : દ્વિતીય પઠન
Recruitment : ભરતી
Regional, Councils : પ્રાદેશિક પરિષદો
Reminder : અનુસ્મારક
Representative : પ્રતિનિધિ
Research : ગવેષણ
Rights : અધિકાર
Regulation : વિનિયમ

S

Safeguards : રક્ષાકવચ
Sanction : મંજૂરી
Schedule : અનુસૂચિ
Scheduled Tribe : અનુસૂચિત જનજાતિ.
Sentence : દંડાદેશ
Sitting : ઉપવેશન
Standing Orders : સ્થાયી આદેશ
State Funds : રાજ્ય-નિધિ
Supplementary : અનુપૂરક
Supreme Court : ઉચ્ચતમ ન્યાયાલય
Salary : વેતન
Sanction, Previous : પૂર્વમંજૂરી
Scheduled, Caste : અનુસૂચિત જાતિ
Seal : મુદ્રા
Session : સત્ર
Speaker : અધ્યક્ષ
State : રાજ્ય
Suffrage : મતાધિકાર
Supplementary Grant : અનુપૂરક અનુદાન

T

Tax : કર
Tax, Indirect : પરોક્ષ કર
Tax, Income : આયકર
Territorial : પ્રાદેશિક
Title : હક
Tax, Direct : પ્રત્યક્ષ કર
Tax, Entertainment : મનોરંજન કર
Tax, Sales : વિક્રયકર
Territorial Waters : જલ-પ્રાંગણ
Trade Union : શ્રમસંઘ

નવાં પુસ્તકો

જિંદગીનું ભાથું : શિક્ષાર્થી અને શિક્ષક ઉભય વર્ગને માટે કરવા યોગ્ય સંસ્કારલક્ષી ઇતર પ્રવૃત્તિઓની ભોમિયાપોથી જેવું સર્વશ્રી શંકરલાલ ત્રિ. વ્યાસ ને નાથાલાલ સતવારાનું લખેલું પુસ્તક—પ્રકાશક : સાહિત્ય-સમિતિ, મહાત્મા ગાંધી વિનયમંદિર, ચાણસ્મા (ઉ. ગુ.), ૩-૦-૦; **જીવનની દુહાઈ :** ઊગતા કવિ શ્રી નરસિંહભાઈ પટેલનાં ૩૯ કાવ્યો-ગીતો—પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રાક્કથન સાથે, પ્રાપ્તિસ્થાન : શ્રી મા. ના. વિદ્યાલય, પો. સિસોદ્રા, નવસારી થઈ (જિ. સુરત), ૧-૮-૦.

પત્રમ્ પુષ્પમ્ : ભક્તિગીતો, ધર્મપદ આદિનો ગુચ્છો—સંપાદકો : સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી અને શારદાપ્રસાદ વર્મા, ૦-૧૦-૦; શ્રી શારદાપ્રસાદ વર્માએ સરળ ભાષામાં આલેખેલી પ્રેરક જીવનકહાણીઓ તેમજ જીવનપ્રસંગો : **પંડિતજીના પ્રેરક પ્રસંગો :** પંડિત જવાહરલાલ નેહરુની જીવનઝરમર ને પ્રસંગો, ૦-૧૦-૦; **શ્રી અરવિંદની** જીવનઝરમર ને પ્રસંગો, ૦-૧૨-૦; **તેજરેખા :** ભારતના વિધવિધ ક્ષેત્રોના વિધાયકપુરુષોના જીવનપ્રસંગો, ૦-૮-૦; **રાષ્ટ્રવિધાયકોનાં કથાનકો :** ૦-૮-૦; **ગાંધીજી અને બીજા નરવીરોના** જીવનપ્રસંગો, ૦-૩-૦; **માદામ ક્યુરી :** ૦-૫; **જી. માર્કોની :** ૦-૪-૦. આ સર્વના પ્રકાશક : યુગાન્તર કાર્યાલય, ગોપીપુરા, સુરત.

'યાત્રિક'ની નવી વ્યવસ્થા

મે ૧૯૫૭થી ઉપર્યુક્ત માસિકની તમામ વ્યવસ્થા **રૂપમ પ્રકાશન મંદિર** કરશે. આ નવી વ્યવસ્થામાં નીચેના ફેરફારો થાય છે.

* દર માસે ૬૪ને બદલે ૧૦૦ પાનાંનું વાચન
* લવાજમ પાંચને બદલે છ રૂપિયા
* મે માસનો અંક ખાસ વાર્તા-અંક તરીકે પ્રકટ થશે. લગભગ ૨૦૦ પાનના આ અંકમાં ભારતની ચૌદ ભાષાઓમાંથી ચૂંટેલી ચૌદ શ્રેષ્ઠ વાર્તાઓ આવશે. છૂટક કિંમત ૧-૨૫ રૂ.

'યાત્રિક'નું વાર્ષિક લવાજમ અત્યાર સુધી રૂ. ૫ હતું, પરંતુ વધારેલી પૃષ્ઠસંખ્યાને કારણે લવાજમના દરમાં ૧ રૂપિયા જેટલો નજીવો ફેરફાર કરવાની ફરજ પડી છે. ચાલુ ગ્રાહકોને તેમનું લવાજમ પૂરું થતાં સુધી અંકો મળશે.

હવે પછીનો 'યાત્રિક'ને લગતો બધો પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો.

રૂપમ પ્રકાશન મંદિર
૧૯-૮૭ કૅથેડ્રલ સ્ટ્રીટ, મુંબઈ-૨



માધુકરી

હું થંભી ગયો એ ખરું છે પરંતુ
નથી થાકવાથી કર્યો મેં ઉતારો,
મને એ ખબર થઇ ગઇ છે હવે કે
બધા જાય છે એ નથી પંથ મારો.
(ડમરો અને તુલસી) —રતિલાલ 'અનિલ'

મુંબાઈ રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાનઃ સ્વ. બાળાસાહેબ ખેર

મુંબાઈ રાજ્યનાં વિકાસ અને પ્રગતિના ઇતિહાસ સાથે સ્વ. શ્રી બાળ (બાળાસાહેબ) ગંગાધર ખેરનું નામ અભિન્નત્વ પામ્યું છે. સ્વાતંત્ર્ય પહેલાં ઈ. ૧૯૩૭માં અને સ્વાતંત્ર્ય મળતાં ઈ. ૧૯૪૬માં એમ બે વાર તેઓ મુંબાઈ રાજ્યના મુખ્ય પ્રધાન બનેલા ને મુંબાઈ રાજ્યની આબાદીતથા પ્રગતિનો સૌપહેલોવિશાળ ને સૌથી વિશેષ પાયો નાખેલો. પોતાનીઉદારરાજનીતિના અમલ દ્વારા તેમણે મુંબાઇને ભારતનું અગ્રણી પ્રગતિશીલ રાજ્ય બનાવ્યું. મહાત્મા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાંની તેમની અચલશ્રદ્ધા ને અનેકવિધ ચુસ્ત રાષ્ટ્રસેવાનું આ તો એક પાસું માત્ર છે. ઉપરાંત તેઓ વિદ્યાકલાના વિદ્વાન ને પારદર્શકહૃદયસંપન્ન સંસ્કારમૂર્તિ હતા. આ માર્ચની ૮મી તારીખે પૂના ખાતે હૃદયરોગના અણધાર્યા હુમલાને કારણે તેમના થએલા અવસાનથી માત્ર મુંબાઈ રાજ્યને જ નહિ પરંતુ સમગ્ર દેશને એક ચુસ્ત રાષ્ટ્રસેવીની ખોટ પડી છે.

રત્નાગિરિમાં નિર્ધન કહી શકાય એવી ગરીબ સ્થિતિનાં માબાપને ત્યાં ઈ. ૧૮૮૮માં તેઓ જન્મ્યા હતા. તેમના દાદા ૪ રૂપિયાના પગારથી ટપાલની ખેપિયાગીરી કરતા. તેમના પિતાશ્રી શાળાના શિક્ષક હતા. ઈ. ૧૮૯૯માં તેઓ જે કસબામાં રહેતા હતા ત્યાં પ્લેગ ફાટી નીકળતાં તેના નિરીક્ષણ માટે શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલે ગયા ત્યારે બાળની અભ્યાસનિષ્ઠા અને તેજસ્વિતા પામી જઇને તેમણે એમના પિતાશ્રી પાસે પોતાના પૂનાના મકાનમાં સાથે રહેવા માટે મોકલવાની અને ત્યાંની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં લેવાની માગણી કરી. ગોખલે સાથે આમ એક વર્ષ સુધી રહ્યા બાદ ઈ. ૧૯૦૩માં તેઓ મુંબાઈ ગયા અને ત્યાં કૉલેજનું શિક્ષણ તેમણે વિલ્સન કૉલેજમાં લીધું. શાળાજીવનની માફક તેમની કૉલેજ-કારકિર્દી પણ અત્યંત ઉજ્જવળ હતી. જોકે શાળામાં હતા ત્યારે તેમનું ગણિત કાચું રહી ગએલું. વિલ્સન કૉલેજમાં તેમણે વરજીવનદાસ માધવદાસ સંસ્કૃત સ્કૉલર તથા બી. એ.ની સંસ્કૃતની પરીક્ષામાં ભાઉ



દાજી પારિતોષિકના વિજેતા તરીકે ઝળહળતી વિદ્યા-કારકિર્દી મેળવી. પછી એલએલ.બી.ની પરીક્ષા પાસ કરીને ઈ. ૧૯૧૨થી તેમણે ધારાશાસ્ત્રી તરીકેની ધંધાકીય કારકિર્દી આરંભી, ને ૧૯૧૮થી સૉલિસિટર તરીકે પ્રૅક્ટિસ શરૂ કરી.

રાષ્ટ્રના રાજકારણમાં તેમણે સક્રિય ભાગ તો લેવા માંડચો ૧૯૨૨થી. દરમ્યાન તેઓ ૧૦૦ રૂપિયાને પગારે ન્યાયમૂર્તિ શ્રી એફ. સી. ઓ. બીમનના મંત્રી તરીકે છ વર્ષ સુધી રહ્યા હતા અને યુરોપ તથા અમેરિકાનો પ્રવાસ ખેડચો હતો. ત્યાર બાદ મુંબાઈની સ્વરાજ્ય-સંસ્થાના અને બારડોલી સત્યાગ્રહ તપાસ સમિતિના મંત્રી તરીકે તથા મુંબાઈ પ્રદેશ કૉંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે પણ કામગીરી બજાવી હતી.

ઈ. ૧૯૨૮થી તેઓ મુંબઈ પરા વિભાગ

પ્રાણીજગત-૧૭

દેડકાં



બહુ બોલકી વ્યક્તિને જેની ઉપમાથી ઘણીવાર બિરદાવવામાં આવે છે તે દેડકાને કયારેય જોયો ને સાંભળ્યો ન હોય એવું ભાગ્યે જ કોઈ હોઇ શકે. ચોમાસામાં તો સર્વત્ર દેડકાંના ડાયરા જામી પડે છે. ત્યારના તીવ્ર ડ્રાઉંડ્રાઉં સ્વરો પ્રત્યેક કાનને પરિચિત છે.

ભીની ભેજવાળી ભોંયમાં ને પાણીભર્યાં સ્થળોમાં રહેતું એ ચોપગું પ્રાણી છે. તેના પાછલા બે પગો મોટા હોય છે. તે વડે તે પાણીમાં તરી શકે, ભોંય પર કૂદકા મારી શકે; –પાણીની સપાટી ઉપર પણ ઠેકડા મારે!

દેડકું જળ ને સ્થળ એ બંનેનું વસવાટી ગણાય છે. માદા પ્રથમ પાણીમાં ઇંડાં મૂકે છે. તે સેવાઈ જતાં તેમાંથી નાજુક માછલી જેવું બચ્ચું બહાર નીકળે છે. તે વખતે તેને માછલી માફક શરીરે ચૂઈ હોય છે, જે વડે તે શ્વાસ લે. સાથે એક નાની સરખી પૂંછડી પણ હોય છે. દેડકું મોટું થતાં ધીમે ધીમે એ ચૂઈ દૂર થાય છે ને તેનાં ફેફસાં વિકસતાં જાય છે. સાથે પૂંછડી પણ જતી રહે છે. એ જ અરસામાં વળી તેના નહિ દેખાતા પગ બહાર આવવા માંડે છે,—પહેલાં પાછલા બે, પછી આગલા બે. ફેફસાં ને પગ મળ્યા પછી દેડકું પાણી છોડી બહાર જતું રહે છે. પણ પ્રજનન માટે તો પાછું તેને પાણીમાં જ જવું પડે છે.

દેડકું 'જંતુના શિકારી' તરીકે જાણીતું છે. મળે ત્યાંથી નાજુક જીવજંતુ એ એની વિશિષ્ટ જીભ વડે ઉઠાવી જાય છે. ને એ રીતે સફાઇનું એક અગત્યનું કાર્ય આપમેળે જ થતું જાય છે. એવા જીવ ન હોત તો જીવજંતુનો અતિરેક મનુષ્યના સ્વાસ્થ્ય પર ઘણી ખરાબ અસર નિપજાવી મૂકત. જોકે પાછાં બગલાં ને સાપ દેડકાની વૃદ્ધિનો પણ અતિરેક અટકાવે છે. જીવવિજ્ઞાનના અભ્યાસ માટે ચીરવા પડતા જીવોમાં મોટે ભાગે દેડકાનો ઉપયોગ થાય છે.

દેડકાની નાનીમોટી અનેક જાતો થાય છે.

કાગ્રેસના સક્રિય કાર્યકર રહ્યા અને ઈ. ૧૯૩૦માં તેમણે કૉંગ્રેસ અસ્પૃશ્યતા નિવારણ સમિતિના સભ્ય તરીકે કામ કર્યું. ગાંધીજીએ મીઠાના કરના વિરોધમાં શરૂ કરેલા સત્યાગ્રહમાં આગેવાનીભર્યો ભાગ લેવા બદલ બ્રિટિશ સરકારે તેમને અપરાધી ઠેરવીને ૮ મહિનાની સખત કેદની સજા ફરમાવી હતી. ઈ. ૧૯૩૨માં તેમની ફરીથી ધરપકડ થએલી અને તેમને અટકમાં રાખવામાં આવેલા. ઈ. ૧૯૩૨ના ફેબ્રુઆરીમાં તેમને અપરાધી ઠેરવીને બે વર્ષની સખત કેદની અને દંડની સજા ફરમાવાએલી. આ ઉપરાંત તેમણે મહારાષ્ટ્ર પ્રદેશ હરિજન સેવક સંસ્થાના પ્રમુખ તરીકેનો હોદ્દો પણ સંભાળ્યો હતો અને મુંબાઈની કાયદા સહાયક સંસ્થાના સ્થાપક અને સભાસદ તરીકેની તેમજ શ્રદ્ધાનંદ અનાથ મહિલાશ્રમના ઉપપ્રમુખ તરીકેની કામગીરી બજાવી હતી.

ઈ. ૧૯૩૭માં તેમને મુંબાઈ ધારાગૃહના સભાસદ તરીકે ચૂંટવામાં આવ્યા અને તરત જ ધારાસભામાં કૉંગ્રેસ પક્ષના તેઓ નેતા નિમાયા, જેને પરિણામે જુલાઈમાં તેઓ મુંબાઈ રાજ્યના મુખ્ય પ્રધાન નિમાયા. ઈ. ૧૯૩૯માં બીજા વિશ્વયુદ્ધના મુદ્દા પર કૉંગ્રેસી પ્રધાનમંડળે રાજીનામાં આપ્યાં ત્યારે તેમણે કૉંગ્રેસે નિશ્ચિત કરેલા રચનાત્મક કાર્યક્રમમાં સક્રિયપણે ઝંપલાવ્યું અને ખાસ કરીને થાણા જિલ્લાના આદિવાસીઓની ગણનાપાત્ર સેવા બજાવી. તેઓ આદિવાસી સેવામંડળના પણ અધ્યક્ષ હતા. પછી ઈ. ૧૯૪૦–'૪૧માં તેમણે મુંબાઈના પરા વિસ્તારમાં વ્યક્તિગત સત્યાગ્રહની લડતનું નેતૃત્વ લીધું અને તે બદલ તેમને પકડવામાં આવેલા. '૪૨ની ક્રાંતિમાં તેઓ ફરી પકડાએલા ને ૧૯૪૪માં તેમને મુક્ત કરવામાં આવેલા. ઈ. ૧૯૪૬માં તેમને યુનિવર્સિટી મતદાર વિભાગમાંથી ધારાસભા માટે ચૂંટવામાં આવેલા.

ઈ. ૧૯૪૬ના માર્ચમાં તેઓ મુંબાઈ ધારાસભામાં કૉંગ્રેસ પક્ષના ફરીથી નેતા બન્યા અને એ જ વર્ષના એપ્રિલમાં મુખ્ય પ્રધાન બની પ્રધાનમંડળ રચ્યું, જેમાં પોતે શિક્ષણખાતાનું પણ દફતર સંભાળ્યું. ઈ. ૧૯૪૬માં તેઓ ભારતની લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા અને ઈ. ૧૯૫૦ સુધી એ સભ્યપદે રહેલા.

એ પછી તેમને બ્રિટનમાં ભારતના હાઈ કમિશ્નર પદે અને ડબ્લિનના એલચીપદે નીમવામાં આવ્યા હતા. ઈ. ૧૯૫૪ના એપ્રિલમાં તેમણે કરેલી દેશસેવાની કદર રૂપ 'પદ્મભૂષણ'નો ખિતાબ તેમને ભારત સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો. ઈ. ૧૯૫૪માં તેઓ તેમની પત્નીની ગંભીર માંદગીને કારણ ભારત પાછા ફર્યા હતા. બાદ ટૂંક સમયમાં તેમની પત્નીનું અવસાન નીપજ્યું હતું. એ પછી તેમને ભાષાપંચના પ્રમુખ નીમવામાં આવ્યા હતા. છેલ્લેછેલ્લે તેઓ દમના વ્યાધિથી પીડાતા હતા. અવસાન સમયે તેઓ ગાંધી સ્મારકનિધિના કામમાં પ્રવૃત્ત હતા. દાદાસાહેબ માવળંકરનું અવસાન થતાં ખાલી પડેલું ગાંધી સ્મારકનિધિનું પ્રમુખપદ ગયા વર્ષના ઑગસ્ટની પહેલી તારીખે તેમણે સંભાળી લીધું હતું. હૃદયરોગનો હુમલો તેમને માટે નવોસવો ન હતો. મુંબાઇના મુખ્ય પ્રધાન નિમાયા તે ગાળામાં ખંડાળે જઇને એકાએક ઘણાં અઠવાડિયાં સુધી આરામ લેવાની તેમને ફરજ પડી હતી તે આ રોગને જ કારણે. પણ તા. ૮-૩-૫૭નો હુમલો જીવલેણ નીવડ્યો.

ચુસ્ત રાષ્ટ્રસેવી ગાંધીભક્ત સ્વ. ખેરસાહેબે દારૂબંધી, રાષ્ટ્રભાષા હિંદીનું શિક્ષણ અને તેનો પ્રચાર, પાયાની કેળવણી, ઋણરાહત-ગણોત-નિયમન, ગ્રામસેવા ઇત્યાદિ અનેક કાર્યો ઈ. ૧૯૩૭માં પ્રાંતિક સ્વરાજ્ય આવ્યું ત્યારે આદર્યાં અને ૧૯૪૬માં પૂર્ણ સ્વાતંત્ર્ય આવ્યું ત્યારે જારી રાખી આગળ લીધાં અને ખીલવ્યાં. આ તેમની નીતિ અને આગેકૂચ હિંદનાં બીજાં રાજ્યોની તુલનામાં અજોડ હતી. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં તેમને અડોલ શ્રદ્ધા હતી. એ કામ તેમણે હમેશાં પોતાનું માન્યું હતું. મુંબાઈના પરાવિભાગમાં ખેરવાડીનું તેમનું કામ એનું સદાનું સંભારણું છે. જે જાતની ઉદાર દૃષ્ટિવાળી રાજનીતિ હિંદમાં બીજે કશે લેવાઈ નથી તેની પહેલ કરીને તેમણે એ દિશામાં દેશને દોરવણી આપી.

મુંબાઈ રાજ્યના શિક્ષણ-ખાતાનું દફતર સંભાળ્યું ત્યારથી એ ક્ષેત્રે પણ તેમણે અનેકાનેક મહત્ત્વના સુધારાઓ દાખલ કરીને શિક્ષણને વ્યાપક અને તેનું ધોરણ ઊંચું આણવાના પ્રયાસો કર્યા. ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક યુનિવર્સિટીઓ પણ તેમના શિક્ષણખાતાના વડા તરીકેના હોદ્દા દરમ્યાન જ અસ્તિત્વમાં આવી. શાળાઓમાં ફરજિયાત અને પદ્ધતિસરની શારીરિક તાલીમ, ફરજિયાત પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકોની મુસીબતોનું શકય એટલું નિવારણ વગેરે અગત્યના સુધારાઓ શિક્ષણક્ષેત્રે તેમણે દાખલ કર્યા. રાજકીય ડોળદમામ તેમને રુચતા નહિ. નક્કર દેશસેવાના સાધન તરીકે ખપ લાગે તેમાં જ રાજકારણનું મૂલ્ય તેઓ જોતા. પત્નીનું અવસાન થતાં શોક-વ્યથિત હૈયે ઈ. ૧૯૫૪માં તેમણે બ્રિટન ખાતેના પોતાના હાઈ કમિશ્નર પદેથી રાજીનામું આપ્યું તે બાદ તેમના એક મિત્ર શ્રી શ્રીપાદ શંકર નવરેએ તેમને કરેલા 'હવે તમે શું કરશો ?' પ્રશ્નના જવાબમાં તેમણે ગંભીર ધેરે અવાજે કહેલું : 'રાજકારણમાં નથી પડવું. કૉંગ્રેસના સભ્ય તરીકેના દેખાવો યે નથી કરવા. બીજા કોઈ પક્ષમાં જોડાવાનું તો અશકયવત્ છે. મારી પાસે સામાજિક સેવાકાર્યો એટલાં બધાં પડ્યાં છે, કે તે કરતાં મારા દિવસો કેમ પસાર થાય છે તેની યે મને ખબર પડતી નથી.'


ઐહિક ઉત્કર્ષનાં અનેક સીમાચિહ્નો સર કરનાર સ્વ. ખેરસાહેબ જેવી બીજી પણ અનેક વ્યક્તિઓ આપણા વિશાળ દેશમાં જોવા મળશે. પણ ખેરસાહેબમાં જે સૌજન્ય, સંસ્કારિતા, નમ્રતા, ઋજુતા અને સાથેસાથે ઉચ્ચ કોટિની વિદ્વત્પ્રતિભા હતી તે બહુ જ વિરલ છે. તેમની વાણી અને વર્તનમાં સચ્ચાઇનો, કર્તવ્યનિષ્ઠાનો, નિષ્કપટ ભાવનો, સેવાપરાયણતાનો મોહક રણકાર હતો. તેમના સર્વ અભિગમોમાં હૃદયસ્પર્શી માનવતા હતી. તેઓ નિઃશંક એક સંસ્કારમૂર્તિ હતા.

અમરેલીનું બાળ–સંગ્રહાલય


બાળકો માટેના જ સ્વતંત્ર સંગ્રહાલયનો વિચાર ભારતમાં જ નહિ પણ કદાચ સમસ્ત એશિયામાં એક અભિનવ ખયાલ છે. હજી થોડા સમય પૂર્વે મોટે ભાગે સંગ્રહાલયો સ્થિતિચુસ્ત જ રહ્યાં હતાં. કળા, પુરાતત્ત્વ તથા ઇતિહાસના વિરલ નમૂનાઓ એકત્રિત કરી એનું સંરક્ષણ કરવા જેટલી જ એની મર્યાદા હતી. એટલે શિક્ષણની દૃષ્ટિથી એ સંગ્રહસ્થાનો બહુધા વિદ્વાનોનાં સંશોધનોમાં મદદરૂપ થવા જેટલાં જ ઉપયોગી હતાં. આજે તો સંગ્રહસ્થાનો એ જનશિક્ષણનું એક અતિ મહત્ત્વનું કેન્દ્ર ગણાય છે, ને એમાં યે બાળકો માટેનાં સ્વતંત્ર સંગ્રહસ્થાનોએ તો એક વિશેષ ક્રાન્તિ ઉત્પન્ન કરી છે.

જયપુર(રાજસ્થાન)ના રાજરત્ન શ્રી પ્રતાપરાય ગિરધરભાઈ મહેતાએ ઈ. ૧૯૫૩માં ભારત સરકારને આવાં બાળસંગ્રહાલયોની એક યોજના આપેલી. તદનુસાર ભારતમાં સૌરાષ્ટ્રના એક નાનકડા શહેર અમરેલીમાં સૌપ્રથમ આવું એક બાળસંગ્રહસ્થાન સ્થપાયું. ૧૯૫૫ના એપ્રિલ માસમાં શ્રી મોરારજી દેસાઈએ તેનું ઉદ્ઘાટન કરેલું. આ સંગ્રહાલયની સ્થાપના તથા યોજનામાં શ્રી પ્રતાપરાયે મૂળથી જ ઊંડો રસ દાખવી ઘણો સારો ફાળો તથા સંગ્રહના નમૂનાઓ આપ્યા છે. સંગ્રહાલયનું નામ પણ એમના પિતાશ્રી શ્રી ગિરધરભાઈના નામ પરથી પાડવામાં આવ્યું છે. અમરેલી મ્યુનિસિપાલિટી તેનું સંચાલન કરે છે.


મકાનના બાગમાં પ્રવેશદ્વાર પાસે જ શહેરનો સ્થાનિક સમય દર્શાવતું છાયાયંત્ર તથા સરસ્વતીની એક કળામય મૂર્તિ મૂકેલી છે. તે



અનુરૂપ પશ્ચાદ્‌ભૂમિ પર ગોઠવેલા સૌરાષ્ટ્રના 'સ્ટફ' કરેલાં કેટલાંક પક્ષી



મગફળીનાં ફોતરાં ગોઠવી એક બાળકે બનાવેલી ગાંધીજીની મુખાકૃતિ



ઈતિહાસ વિભાગનું એક દૃશ્ય. આમાં બાદશાહ જહાંગીર, બેગમ નૂરજહાં તેનો સિક્કો અને વિગત, સામ્રાજ્યનો નકશો તથા તેણે બંધાવેલી ઇમારતોનાં બે દૃશ્યો. આમ ચિત્રમય રીતે બધી માહિતીઓ મૂકી છે.

પછી સંગ્રહની શરૂઆતમાં અમરેલી શહેરની બધી અગત્યની જગ્યાઓ દર્શાવતો શહેરનો એક ચિત્રમય નકશો મૂક્યો છે. તેની સાથે આ શહેર બહુ પ્રાચીનકાળથી પ્રસિદ્ધ હોવાના પુરાવારૂપ અહીંથી પ્રાપ્ત થએલા પ્રાચીન સિક્કાઓ, તામ્રપત્રો, પકવેલી માટી(ટેરાકોટા)ના નમૂનાઓ અને એક બૌદ્ધ મૂર્તિ વગેરે મૂકેલાં છે. આ ઉપરાંત, અન્ય ઐતિહાસિક સામગ્રી પણ એવી સુયોજિતરીતે રજૂ કરી છે કે એ જોતાં બાળકને તત્કાલીન ઇતિહાસની ઘણી માહિતી અજાણ્યે જ પ્રાપ્ત થઈ જાય. જેમકે એક પ્રાચીન સિક્કાની સાથે તેને ચલણમાં મૂકનાર રાજા, તેની રાણી, તેનો સામ્રાજ્યવિસ્તાર વગેરે ઐતિહાસિક માહિતીઓ પણ બાળકોને રોચક રૂપે અહીં આપી છે. આ જ રીતે ભૂગોળના વિભાગમાં પણ દરેક રાષ્ટ્રનો પરિચય આપવા તે તે દેશના રાષ્ટ્રીય પોશાકો પહેરેલી પૂતળીઓ, ત્યાંની ભૌગોલિક વિશિષ્ટતાઓનાં સુંદર ચિત્રો, તે તે દેશનો રાષ્ટ્રધ્વજ અને તેનું રાષ્ટ્રગીત (શક્ય હોય ત્યાં તે ગીતની રેકર્ડ પણ) અને ત્યાંનો સ્થાનિક સમય દર્શાવતાં ચાલુ ઘડિયાળો વગેરે મુકાયાં છે.

આવી જ રીતે જગતના વૈજ્ઞાનિકોનાં ચિત્રોની સાથોસાથ તેમનો સૌનો ટૂંકો પરિચય, તેમણે કરેલી શોધોના નાનકડા હૂબહૂ નમૂનાઓ વગેરે મૂકેલાં છે. ઉપરાંત, જગતના કવિઓ, લેખકો, સંતો વગેરેનો પણ પરિચય કરાવ્યો છે. મહાત્માયન નામે એક વિભાગમાં ૨૫૧ જેટલાં રંગીન ચિત્રોમાં ગાંધીજીનું જીવનચરિત્ર આપ્યું છે. રામાયણને પણ અહીં સુંદર ચિત્રોથી ચિત્રિત કર્યું છે. વળી સૌરાષ્ટ્રની વિશિષ્ટ કળાના નમૂનાઓ સાથે બાળકોએ જ તૈયાર કરેલા કેટલાક નમૂનાઓ પણ છે.

પ્રાકૃતિક ઇતિહાસના વિભાગમાં ગીરની ઔષધીય ગુણોવાળી વનસ્પતિઓ, સ્થાનિક ફૂલછોડો વગેરેની સાથે 'સ્ટફ' કરેલો ગીરનો સિંહ, સૌરાષ્ટ્રનાં અન્ય પ્રાણીઓનાં શિલ્પો તથા 'સ્ટફ' કરેલાં પંખીઓને તેમની પ્રાકૃતિક દશામાં હોય તે રીતે ગોઠવીને મૂકેલાં છે. કાઠી, ભરવાડ, આહીર, મેર વગેરે જેવી સૌરાષ્ટ્રની વિશિષ્ટ જાતિઓનાં નર-નારીઓનાં તેમના મૂળ પોશાકમાં પૂરા કદનાં પૂતળાં મૂકેલાં છે.

ખનિજના નમૂનાઓ પણ મૂળ કાચી ધાતુનાં ઢેફાં તથા તેમાંથી કાઢેલી શુદ્ધ ધાતુની સાથે મૂકીને ગોઠવ્યા છે, એટલું જ નહિ પણ શક્ય હોય ત્યાં એને માટેની પ્રક્રિયાઓનો પણ પૂરો ખયાલ આપ્યો છે. જાપાનના કલ્ચર મોતીની ખેતીની બધી જ પ્રક્રિયાઓ તેના શોધકના શિલ્પ સાથે સમજાવી છે. અહીંના ટિકિટસંગ્રહ વિભાગે પણ શહેરના બાળકોને સંગ્રહ કરવાનો ઠીકઠીક ચટકો લગાડ્યો છે.

સંગ્રહસ્થાન એ એક સ્થિર પ્રદર્શન નહિ પણ અનેક પ્રદર્શનોને જન્મ દેતું એક સંસ્કારકેન્દ્ર છે, અને એ દૃષ્ટિબિંદુ વિચારી આ સંગ્રહાલય દ્વારા નિબંધહરીફાઇઓ, સામયિક પ્રદર્શનો, ફિલ્મ શૉ, વક્તૃત્વ હરીફાઇઓ, વ્યાખ્યાનો વગેરે અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ પણ ચાલે છે. 'સંગ્રહસ્થાન-મિત્રમંડળ' નામે એક મંડળ પણ ચાલે છે, જે અવારનવાર

પર્યટનો વગેરે કરી આસપાસનાં સ્થળોમાંનાં પંખીઓ, ફૂલછોડો, ઐતિહાસિક સામગ્રીઓ વગેરેનાં નિરીક્ષણો ને અભ્યાસ કરે છે.

આ જ યોજના અનુસાર આપણી રાજધાની નવી દિલ્હીમાં પણ દેશભરનાં બાળકો માટેનું એક કેન્દ્રીય સંગ્રહસ્થાન ઊભું થઈ રહ્યું છે.

વિકસતું વિજ્ઞાન

અવાજની ગતિકરતાં પણ વધારે વેગથી ઊડે તેવા વિમાનવિરોધી શસ્ત્રને તો આપણે જાણીએ છીએ. તેને અમેરિકી નૌકાખાતું એક શાંતિમય હવામાનસંશોધકમાં પલટાવી રહ્યું છે. સોય જેવા માથાવાળા આ નાનકડા શસ્ત્રને એક તોપમાંથી છોડેલી પાંચ ફૂટ લાંબી હવાઈમાંથી કલાકે ૩૦૦૦ માઈલના વેગથી ઊંચે ફેંકવામાં આવે છે. અત્યાર સુધીમાં ઉપરની પાતળી હવાનાં ઉષ્ણતામાન અને ભેજ માપવા માટે આ શસ્ત્ર ૨૦ માઈલ ઊંચે તો જઈ શક્યું છે, અને હવે રૉકેટ-મોટર મળી શકે તેમ હોવાથી તે વધુ ઊંચે જઈ શકશે. આશા છે કે જ્યારે આ શોધ સંપૂર્ણ બનશે ત્યારે સ્ટ્રેટોસ્ફીઅરથી પણ ઊંચેના આયોનોસ્ફીઅરના સ્તરની માહિતી આ નાજુક સાધનોથી નિયમિત રીતે રોજિંદા કાર્યતરીકે મેળવી શકાશે. આ સાધનો પોતે મેળવેલી માહિતી વીજાણુશક્તિથી પૃથ્વી પર મોકલશે.

વીજાણુપ્રકાશ : કાચ ને ધાતુની તકતીની એક-અષ્ટમાંશ ઇંચ જાડી જોડીની વચમાં મૂકેલા ચળકતા ફૉસ્ફર અણુમાંથી વિજ્ઞાનીઓ ગોળા કે બત્તી સિવાય ઠંડો, છાયાવિહીન પ્રકાશ ઉત્પન્ન કરે છે, ને માત્ર એક ચક્કર ફેરવવાથી તેની તેજસ્વિતામાં વધઘટ કરી શકાય છે. આ પ્રક્રિયાને ઇલેક્ટ્રોલ્યુમિનેશન્સ અથવા વીજાણુપ્રકાશ (ઇલેકટ્રોનિક લાઈટ) કહે છે. જોકે પ્રકાશ આપી શકે તેટલી કક્ષા સુધી પહોંચેલી આ શોધને હજી ઘરમાં વાપરવા યોગ્ય બનાવી શકાઈ હતી, છતાં ભવિષ્યમાં ઘરની દીવાલો, છત અને ભોંય પણ પ્રકાશની આવી તકતીઓથી પૂરેપૂરી ઢાંકી શકાશે.

અનુસંધાન] **પ્રાણાયામ** [પૃ. ૨૯૯થી

આરોગ્ય અને શક્તિ માટે ઘણી વખત લાંબા સમયની સાધનાની જરૂર પડે છે. ઘણા માણસો એથી કંટાળી જાય છે અને તાત્કાલિક અસર માટે દવાદારૂ તરફ દોડે છે. પણ આ સુયોગ્યરીતે શ્વાસ લેવાની પદ્ધતિ એટલી બધી શીઘ્રફળદાયી છે કે ખરેખર આશ્ચર્ય થયા વિના નહિ રહે. મુખ્ય વસ્તુ એનો લાભ સમજી લઇને નિર્ણય કરવાની છે. એક વખત નિર્ણય થયો કે પછી સવારે અને સાંજે ઓછામાં ઓછા સાત દીર્ઘ શ્વાસથી શરૂઆત કરી દેવી જોઇએ, ને ટાઢ હોય કે તાપ, વરસાદ હોય કે વાદળ, એ પ્રમાણે કરવું જ જાઇએ. થોડા જ દિવસો બાદ, અરે, એકબે દિવસમાં જ, શરીરમાં ચેતનનો આવિર્ભાવ અને પ્રસાર થશે, અને જ્યાં પહેલાં થાક ને કંટાળો લાગતાં હતાં ત્યાં ઉત્સાહ ને રસ પડવા માંડશે.

આ સુયોગ્ય શ્વાસોચ્છ્વાસની એકલી ક્રિયા કરીએ એનાથી ફાયદો તો થાય છે, પણ એ પૂરતું નથી. સારીરીતે શ્વાસ લેવાની 'ટેવ' પડી જવી જોઇએ અને ગમે ત્યારે, ને ગમે ત્યાં આપણી શ્વાસ લેવાની ક્રિયામાં કોઈ જાતનો વાંધો હોવો જોઇએ નહિ. સૂતાં, બેસતાં, વાંચતાં, ચાલતાં અરે, ખાતાંપીતાં પણ શ્વાસની ક્રિયા અમુક જ ગતિથી ચાલ્યા કરે એવી ટેવ જો આપણે પાડીએ તો વારંવાર થઈ આવતાં સળેખમ, ઉધરસ, માથાનો દુખાવો અને એવાં બીજાં અનિષ્ટોમાંથી આપણે ઊગરી જઇએ.

આના અનુસંધાનમાં પ્રાણાયામની એક સરળ ક્રિયાનો ઉલ્લેખ કરીએ. એમાં રસ લઈ, સાચી રીતે એ ક્રિયા કરનારને ખૂબ ફાયદો થશે.

આસન ઉપર પલાંઠીવાળીને બેસવું. પછી સ્વસ્થ થઇને બધો શ્વાસ બને તેટલો કાઢી નાખવો. છેલ્લી બે આંગળી વડે ડાબું નસકોરું દાબી, જમણા નસકોરાથી ધીમેધીમે પાંચ ગણાય ત્યાં સુધી શ્વાસ લેવો. પછી અંગૂઠા વડે જમણું નસકોરું દાબી વીસ ગણવા. હવે ડાબું નસકોરું ખુલ્લું કરી શ્વાસને ધીમેધીમે દસ ગણીએ ત્યાં સુધી છોડવો. પછી ડાબા નસકોરાથી શ્વાસ લઈ, રોકી, જમણા નસકોરાથી પ્રથમ કર્યું તેમ શ્વાસને છોડવો. આ એક વાર થયું. આ પ્રમાણે શરૂઆત કરી એક અઠવાડિયે એક વાર વધારી, સવારે ને સાંજે પાંચ પાંચ વાર આ ક્રિયા કરનારની સામાન્ય તંદુરસ્તીમાં અને શક્તિમાં એટલો બધો ફરક પડી જશે કે એને કોઈ પણ બીજા વ્યાયામની કે શક્તિવર્ધક ગોળીઓની જરૂર નહિ રહે. (ઑલ ઇંડિયા રેડિયોના સૌજન્યથી)

કલ્કિ (અનુસંધાન પૃષ્ઠ ૨૭૧થી) લખેલી 'કાલ્વાનિં કોતાલી' અને 'ત્યાગભૂમિ' નવલકથાઓ સંયોજનની દષ્ટિએ તમિળ સાહિત્યના શ્રેષ્ઠ નમૂના ગણાય છે. તેમાંની પ્રથમ નવલકથા એ તમિળનાડના ત્યારના એક ધાડપાડુની સાચી બનેલી વાત પર આધારિત છે, અને ઉઠાવદાર પ્રતીતિજનક પાત્રાલેખન માટે વિશિષ્ટ છે; જ્યારે બીજી, એ અસ્પૃશ્યતા અને દાયજાની બદીઓ પર પ્રહારકરતી સામાજિકનવલકથા છે. 'આનંદ વિકાતન'માં તે સળંગ લેખમાળા રૂપે છપાઈ ત્યારે વાચકોનું અતૂટ આકર્ષણ બની રહેલી.

તેમના સાહિત્યે લોકોમાં સારા લેખનની માગ વધારી મૂકી. લોકો લેખકો પાસેથી વિશેષ ને વિવિધ લખાણોની અપેક્ષા રાખવા માંડ્યા. લેખનવ્યવસાયને માત્ર મનોરંજનની નહિ પણ ગંભીરતાની દષ્ટિથી લોકો જોવા લાગ્યા. નવાં ઊગતાં પત્રોને લોકોની આ માગ પૂરી પાડવાની ફરજ પડતી. તમિળ સાહિત્યનો આ હતો નવનિર્માણકાળ.

તેમની રહેણીકરણી સાદી હતી. વાતચીતની કળાના તેઓ નિષ્ણાત હતા. તેમની સામે કોઈ પણ આગંતુક ભય કે સંકોચ ન અનુભવતો, ઊલટું પોતાનો આત્મા તેમની પાસે એ પ્રકટ કરી રહે એવું ડોળદમામ કે આડંબર વિનાનું તેમનું વ્યક્તિત્વ શીળું અને મધુર હતું. સંસ્કૃત ભાષાસાહિત્યના તેઓ વિદ્વાન અભ્યાસી હતા.

તેમનું સાહિત્યસર્જન આખર સુધી અખંડ રહ્યું હતું. 'વીનાઈ ભવાની' અને 'તુક્ક દંડનાઇ' એ તેમની અન્ય ઉત્કૃષ્ટ નવલિકાઓ છે. તમિળ ઇતિહાસનો સુવર્ણકાળ નિરૂપતી તેમની પાંચ લાંબી નવલકથાઓ પૈકીની ત્રણ પણ તેમની આવી જ શ્રેષ્ઠ કૃતિઓ છે. તે માંહેની વર્ણનશક્તિ વાચકના હૃદયને વશ કરી લેવા પૂરતી છે. તમિળ ગદ્યનો તે સુંદર નમૂનો છે. પરંતુ નવલકથા તરીકે એ કૃતિઓની સંકલના શિથિલ છે અને સંયોજન તથા પાત્રનિરૂપણની દષ્ટિએ પૂર્વની કૃતિઓને મુકાબલે ઊતરતી છે.

તેમની પ્રથમ ઐતિહાસિક નવલકથા 'પાર્તિપન કાનાવુ' તેના અપવાદરૂપ છે. ઈ. ૧૯૩૦ની ચળવળથી માંડીને ગાંધીજીના અવસાન લગીના રાષ્ટ્રીય સંઘર્ષને નિરૂપતી તેમની 'અલાઈ ઓસાઇ' (તરંગ-ધ્વનિ, —જેને સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક એનાયત્ થયું છે તે) પણ આમાંના અમુક દોષોથી પર નથી.

એમ કહી શકાય કે સાહિત્યિક ગુણવત્તાની દષ્ટિએ તેમના સર્જનનો પૂર્વકાળ અપૂર્વ હતો. નાનાવિધ ક્ષેત્રોની ભરચક અને ભારે પ્રવૃત્તિઓના બોજ અને થાક તેમનાં પાછલાં સર્જનોમાં વરતાય છે. 'કલ્કિ' પોતે પણ આ વસ્તુસ્થિતિથી અજાણ હોય એવું લાગતું નથી.

ઈ. ૧૯૪૫ની આસપાસ કવિ શેલીની જેમ પોતાના જીવન-અંતની તેમને ઝાંખી થઈ હોય તેવું જણાય છે. ઇલોરાની ગુફાઓના એક પ્રવાસલેખમાં તેમણે એક સ્વપ્નનો ઉલ્લેખ કર્યો છે, જેમાં તેમની નવલકથાનું એક પાત્ર તેમને પોતાની સાથે દુનિયાપારના પ્રદેશોને પ્રવાસે આવવાનું કહે છે. તેને 'કલ્કિ' કહેછે, 'એક પ્રલંબ હારમાળાની વચ્ચે હું પડેલો છું. તેને પૂરી કર્યા વિના હું તારી સાથે કેવી રીતે આવું?'

એ પછી નવ વર્ષે, ઈ. ૧૯૫૪ના ડિસેમ્બર માસમાં તેમણે પોતાની આંખો મીંચી લીધી; પણ તમિળ સાહિત્યમાં તો તેઓ એવી જાગૃતિ આણતા ગયા છે જે હવે કદી વિલાશે નહિ.

શ્રી પ્રફુલ્લ પટેલ

ફોટોગ્રાફીનો સામાન બનાવતી ગેવાર્ટ નામની જાણીતી કંપનીએ ભારતમાં હમણાં એક 'ઇન્ડિયન લાઈફ ઍન્ડ ટાઈપ' (ભારતીય જીવન અને જાતિ) વિષય પર એક ફોટો-હરીફાઈ ગોઠવી હતી. આ હરીફાઈમાં આવેલાં ૧૧,૦૦૦ જેટલાં ચિત્રોમાંથી 'કુમાર'ના પરિચિત શ્રી પ્રફુલ્લ ચંદુલાલ પટેલને રૂા. ૧,૦૦૦નું પ્રથમ ઇનામ મળ્યું છે.

શ્રી પ્રફુલ્લ પટેલ મુંબાઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં શિક્ષણ લઈ ઊંચે નંબરે પાસ થએલા અને એ જ સંસ્થામાં ફેલો પણ નિમાએલા. બાદ અલ્લાહાબાદના 'ઍગ્રિકલ્ચરલ ઇન્સ્ટિટ્યૂટ'માં નવા શરૂ કરાએલા ફોટોગ્રાફીના વિભાગનાં વ્યવસ્થાસંચાલન માટે એમની નિમણૂક થએલી. હાલ તેઓ મુંબાઈમાં વિંડસર સ્ટૂડિયો (હૉર્નબી રોડ પર)માં આ જ વ્યવસાય કરી રહ્યા છે. શૈક્ષણિક, ઐતિહાસિક ને દસ્તાવેજી દૃષ્ટિએ ભારતનાં અગત્યનાં સ્થળોની ફોટોગ્રાફી કરવાનું ને એ જ દૃષ્ટિએ પોતાનો શૉખ વિકસાવવાનું એમનું ધ્યેય છે.

એક જ મિનિટમાં

ફક્ત એક જ મિનિટમાં દુનિયામાં આ પ્રમાણે થાય છે: મનુષ્યના હૃદયમાં દર મિનિટે લગભગ ૭૨ ધબકારા થાય છે; જગતની વસતિમાં એક મિનિટે ૯૦નો વધારો થાય છે; અને ૭૬ મૃત્યુ થાય છે; બ્રિટિશ ટાપુઓમાં એક માણસને રસ્તાનો અકસ્માત થાય છે; પશ્ચિમના દેશોમાં વીસ યુગલ પરણે છે અને એક યુગલ છૂટાછેડા લે છે; ૮૩,૫૦૦ કપ કૉફી પિવાય છે; ૮,૪૦,૦૦૦ રતલ બટાટા ખવાય છે; ૫૦,૦૦૦ પૌંડ દારૂ પિવાય છે; ૧,૨૭૦ ટન તમાકુ પિવાય છે; ૧૧૭ મોટર ગાડીઓ તૈયાર થાય છે; ૧૧,૭૦૦ કાગળો વહેંચાય છે; ૧,૯૧૭ તાર પહોંચતા કરવામાં આવે છે; પ્રકાશ ૧,૮૬,૦૦૦ માઈલ દૂર પહોંચે છે; અને અવાજ ૧૦$\frac{1}{2}$ માઈલ દૂર જાય છે; બીજા વિશ્વયુદ્ધમાં ૭ મનુષ્યો મૃત્યુ પામ્યા હતા તથા ૧૧ ઘવાયા હતા; કાચબો ૧૫ ફૂટ ચાલે છે; હમિંગ પક્ષી ૩,૩૦૦૦ વખત પાંખ ફફડાવે છે; મોર્સ કોડના ૭૫·૨ શબ્દો તાર દ્વારા મળે છે; ૧૭૦ શબ્દો ટાઈપ થાય છે; લઘુલિપિમાં ૩૦૦ શબ્દો વપરાય છે; ૧૯૫૪માં ગ્લાઈડર વિમાન એક માઈલ ઊડ્યું હતું; વાંસનો અંકુર ·૦૧૧ ઇંચ વધે છે; શિકારી કૂતરા ૧,૧૦૦ યાર્ડ દોડે છે; શરતનો ઘોડો ૧,૨૦૦ યાર્ડ દોડે છે; ચાલવાનો નિષ્ણાત ૨૬૦ યાર્ડ ચાલે છે; ભરતીનું મોજું ૧૦ માઈલ પ્રવાસ કરે છે; જેટ વિમાન ૧૫ માઈલ ઊડે છે; બ્રિટનનું કોલસાનું એક બંદર દર મિનિટે સત્તર ટન કોલસો દુનિયાના બધા ભાગોમાં ચડાવે છે; અને ૧૦૦ ટનનું વજન ખેંચતું વીજળીથી ચાલતું ફ્રેન્ચ રેલવે એન્જિન ત્રણ માઈલ જાય છે.

(વાંકાનેર) છોટાલાલ માનસિંગ કામદાર

નવી કહેવતો

ઝાકળનાં કપડાં પહેરીને સૂરજ સામે ન જવાય.
ખિસકોલી બોલે તે પૂંછડી હાલ્યા વિના રહે?
ગાંઠનું પાન ખાઇને પારકાની ભીંત બગાડવી.
આરસીની પાછળ મેશ-કંકુના ડાઘ હોય જ.
ધરમની ગાયનાં હાડકાં ગણાય, દાંત નહિ.
લોખંડની કુહાડીને સોનાની ધાર ન હોય.
દુકાળમાં પણ તલવારનું પાણી ન ઓસરે.
લાકડીને તો આંધળો-લંગડો બેઉ સરખા.
બંગડી પહેરીએ તે ખખડ્યા વિના રહે?
ઝૂંપડીમાં ચાંદરણાં ને મહેલમાં અંધારું.
આપ મૂઆ વિના વારસો વહેંચાય!
કૂંચીનો ઝૂમખો ચોટલીએ ન બંધાય.
પગ મસાણમાં ને માથું તિજોરીમાં.
નવરી ને તપખીરની ડાબલી ધરી!
આંગળી ઓછી ને વીંટીઓ ઝાઝી.
ગાંધી એક પણ ગાંધીમાર્ગ ઘણા.
પારકે છાપરે શ્રાદ્ધ-પિંડ ન ફેંકાય.
દીકરી ને ગાય, સામે પણ થાય!
માસ્તર કરતાં મૉનિટર ડાહ્યો!
ચીતરેલી નારીના મોટા ડોળા.
તુંબડીને કાંકરે પાળ ન બંધાય.
આંખ ઝીણી ને ચશ્માં મોટાં!

રતિલાલ 'અનિલ'

ગુરુ-ઘડિયાળ

બ્રિટનની જનરલ પોસ્ટ ઑફિસના ઈલેક્ટ્રૉનિક ઇજનેરોના વર્ષોના સંશોધનકાર્યને આધારે એક બ્રિટિશ પેઢીએ દર સો વર્ષે એક જ સેકન્ડ જેટલો તફાવત બતાવતાં ઇલેક્ટ્રૉનિક ઘડિયાળો બનાવ્યાં છે.

'ગ્રીનવિચ મીન ટાઈમ' સ્થાપવા માટે આ ગુરુ-ઘડિયાળનો ઉપયોગ થાય છે. વિશ્વભરની બીજી વેધશાળાઓ પણ તેનો ઉપયોગ કરશે. આ ઘડિયાળ એટલાં બધાં નાજુક છે કે મોકલવા માટેની સામાન્ય રૂઢ હેરફેરપદ્ધતિઓનો તેને માટે ઉપયોગ કરી શકાતો નથી. ઘડિયાળોને તેમના નિયત સ્થળે જાતે લઈ જવા માટે પેઢી તેના ઇજનેરોને મોકલે છે.

ન ભૂંસી શકાય તેવી શાહી

બૅન્કના ચેક અને વેપારીઓના ચોપડા માટે વધુ સલામત નવી કાયમી શાહી અમેરિકાની શેફર પેન કંપનીએ દાખલ કરી છે, જે 'શેફર્સ સ્ક્રિપ વિથ આર. સી.—૩૫'ને નામે ઓળખાય છે. તેમાં પ્રકાશ ઉત્પન્ન કરતો એક પદાર્થ હોય છે, જે કાગળ પરથી શાહીનાં બધાં તત્ત્વો ભૂંસી નાખવામાં આવે ત્યારે પણ કાગળના તંતુઓને વળગી રહે છે. જ્યારે તેની ઉપર અલ્ટ્રા વાયોલેટ કિરણો ફેંકવામાં આવે ત્યારે એ ચળકવા માંડે છે અને લખાણને સાવ સ્પષ્ટ ઉપસાવી આપે છે. પૂરથી કે આગ ઓલવવા માટે રેડેલા પાણીથી ધોવાઇ ગએલાં લખાણો પણ આ વ્યવસ્થાને લીધે વાંચી શકાશે.

બે વર્ષ સુધી ચાલતી સૂક્ષ્મ બૅટરી

બટનના કદની અને બે વર્ષ સુધી સતત એકધારા વોલ્ટની વીજળી આપી શકે તેવી 'માઇક્રો-સેલ' નામની એક બૅટરી અમેરિકામાં શોધાઈ છે. તેનાથી ઇલેક્ટ્રિક કાંડાઘડિયાળ, ફોટોગ્રાફીની ફ્લૅશલાઈટ, બહેરાનાં શ્રવણયંત્ર, નાનકડાં ડિટેક્ટિંગ યંત્ર અથવા નાનો રેડિયો પણ ચલાવી શકાશે. આવી જ જાતના બીજા બંધ સેલ કરતાં આ નવી બૅટરીમાં ૨૫ ટકા જેટલી વધારે શક્તિ છે અને બે વર્ષ સુધી તે એકધારો ૧.૧૫ વોલ્ટનો પ્રવાહ આપે છે.

એક જ ઝાડનું જંગલ

હુગલી નદીને કિનારે હાવરા તરફ આવેલા શિવપુરના વનસ્પતિ-ઉદ્યાન-બૉટૅનિકલ ગાર્ડન માંહેનું મહાન વટવૃક્ષ એ આખા યે ભારતનું સૌથી જંગી વૃક્ષ મનાય છે. તે એટલું વિશાળ છે કે તેને જોતાં નાનકડા જંગલનો જ ભાસ થાય. નવાઈની વાત તો એ છે કે ૧૮૬ વર્ષના વૃદ્ધ આ મહાવૃક્ષને મુખ્ય થડ જ નથી. ઈ. ૧૮૬૪માં કલકત્તામાં ફૂંકાએલા જોરદાર ઝંઝાવાતે તેની કેટલીક ડાળીઓને ઉખેડી નાખતાં તેના થડમાં જીવાત પડવા માંડેલી. તેથી ભારતના ગૌરવ જેવા આ વિરાટ વૃક્ષની રક્ષા સારુ તેનું ૫૧ ફૂટના ઘેરાવાવાળું મુખ્ય થડ ઈ. ૧૯૨૦માં કાપી નાખવામાં આવેલું. છતાં અત્યારે તે વડવાઇઓનાં બનેલાં ઓછામાં ઓછાં ૭૦૦ થડ ધરાવે છે! ૧૬૯ વર્ષ પહેલાં બૉટૅનિકલ બાગ સ્થપાયો ત્યારે આ વૃક્ષ એક ખજૂરીને ઓથે છોડવા રૂપે ઊગતું આવતું હતું.



સંગીત-નાટક અકાદમીનાં ૧૯૫૭નાં પુરસ્કાર-વિજેતાઓ

ગઈ તા. ૩૧મી માર્ચે નવી દિલ્હીમાં વિજ્ઞાનભવનમાં રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદે ઉત્તમ સંગીત, નૃત્ય, નાટક તથા ચલચિત્ર માટેના 'સંગીત-નાટક અકાદમી'ના ૧૯૫૭ના પુરસ્કારોનું પ્રદાન કર્યું. ઉપલા ચિત્રમાં બેઠેલા એ પુરસ્કારના વિજેતાઓનો પરિચય સંસ્કારવાંછુઓએ કરવા જેવો છે. (ડાબી બાજુથી) (૧) શ્રીમતી રસૂલનબાઇ (હિંદુસ્તાની સંગીત-ગાયન માટેના પુરસ્કારનાં વિજેતા) બનારસની પૂરબ અંગ ટપ્પાની ઠુમરીનાં અગ્રગણ્ય ગાયક છે. ટપ્પાના વિખ્યાત ગાયક ઉસ્તાદ શામુખાનનાં તેઓ શિષ્યા છે. ઘેરા ને ગુંજનમધુર અવાજવાળી એમની તાનો લલિત ને વિશદ હોય છે. એમની ગાયકી મોહક, પ્રભાવશાળી તથા લાગણીના ઊંડાણથી ભરેલી લાગે છે. (૨) શ્રી મુસીરી સુબ્રહ્મણ્ય અય્યર (કર્ણાટકી સંગીત-ગાયન માટે) સર્વોચ્ચ વર્ગના લક્ષણ-વિદ્વાન તરીકે સંપ્રદાયે તેમને સ્વીકાર્યા છે. ત્યાગરાજના કેટલાક અપ્રચલિત રાગોને એમણે સારી પેઠે પ્રચારમાં આણ્યા છે. કર્ણાટકી સંગીતનું પુનરુત્થાન કરનાર આ સમર્થ સંગીતગુરુ, મહાવિદ્યાનાથ અય્યરના અનુગામી શ્રી સદેશ અય્યરના શિષ્ય છે. (૩) શ્રી ટી. ચૌદીહ (કર્ણાટકી વાદ્યસંગીત) અષ્ટન વિદ્વાન સ્વ. બિંદરામ કૃષ્ણપ્પાના આ શિષ્યે ચારને બદલે ૧૯ તારનું વાયોલિન શોધીને અપ્રતિમ કૌશલથી તે બજાવવા માટે ખ્યાતિ મેળવી છે. (૪) શ્રીમતી રુક્મિણીદેવી (ભરતનાટ્યમ્) પંડનલ્લુરનાં સ્વ. મીનાક્ષી સુંદરમ્ પિલ્લઈનાં શિષ્યા છે. નૃત્યમાં અપાતા સંગીતસાથમાં વિશિષ્ટ શબ્દભાર, ગીતોની પસંદગી, નૃત્યભૂષા તથા નૃત્યોનાં દિગ્દર્શન કરવાની બાબતમાં એમણે વિશિષ્ટ સુધારાઓ કર્યા છે. કલાના શિક્ષણ માટે એમણે ૧૯૩૬માં મદ્રાસ–અદ્યારમાં 'કલાક્ષેત્ર'ની સ્થાપના કરી છે. (૫) શ્રી બૈજનાથ પ્રસાદ (કથક નૃત્ય) લચ્છુ મહારાજને નામે લોકવિખ્યાત છે. આ નૃત્યકાર લખનૌ ઘરાણાની પરંપરાઓવાળા નૃત્યકાર કુટુંબમાંથી આવે છે. સ્વ. કાલકા પ્રસાદના પુત્ર અને સ્વ. બિંદાદીન મહારાજના શિષ્ય તથા ભત્રીજા છે. પોતે સર્જક કલાકાર હોઇ 'ભાવપ્રદર્શન' પર એમનો ઘણો સારો કાબૂ છે. (૬) શ્રી જયશંકર ભોજક (નાટ્ય-સર્જન અને દિગ્દર્શન માટેના પારિતોષિકના ગુજરાતી વિજેતા) છેલ્લાં પચ્ચાસ વર્ષથી રંગભૂમિ સાથે સંકળાએલા છે અને હિંદી તથા ઉર્દૂ નાટકો પણ એમણે રજૂ કર્યાં છે. 'સૌભાગ્ય સુંદરી' નાટકમાં કુશળ અદાકારી કરીને 'સુંદરી' નામે વિખ્યાત થયા ત્યારથી તે અદાકારી છોડી ત્યાં સુધી એમણે એકસરખી પ્રતિભા જાળવી રાખેલી. હાલ તેઓ અમદાવાદના નટમંડળમાં દિગ્દર્શન આપે છે. (૭) શ્રી ચિંતામણ ગણેશ કોલ્હટકર (અભિનય) ત્રણેક દાયકાથી મરાઠી રંગભૂમિ પર અસાધારણ પ્રતિભાશાળી અદાકારી માટે વિખ્યાત છે. ઉપરાંત, તેઓ અચ્છા દિગ્દર્શક, નિર્માતા અને નાટ્ય લેખક પણ છે. (૮) શ્રી ગજાનન દિગમ્બર માડગુળકર (સ્ક્રીન પ્લે) ચલચિત્રોના કથા-લેખકોમાં ઊંચું સ્થાન ધરાવે છે. ૪૦ ઉપરાંત કૃતિઓ એમણે સર્જી છે, સાથોસાથ તેઓ કવિ, નિર્માતા, અદાકાર અને સાઉન્ડ રાઈટર પણ છે.

આ ઉપરાંત પુરસ્કાર-પ્રદાન વેળા હાજર નહિ રહેલા શ્રી દેવકી બોઝને પણ ચલચિત્રના ઉત્તમ દિગ્દર્શન માટે પુરસ્કાર મળે છે. શ્રી બોઝ 'સાઈલન્ટ ફિલ્મો'ના જમાનાથી આ ક્ષેત્રમાં છે, અને ચંડીદાસ, વિદ્યાપતિ, મીરાંબાઇ, અપના ઘર વગેરે જેવી ઉત્તમ ફિલ્મો સાથે હિંદી, બંગાળી, મરાઠી અને તમિળ ભાષાનાં લગભગ ૩૯ ચિત્રોનું એમણે દિગ્દર્શન કરેલું છે.

આ માસ (મે) ઇતિહાસમાં

દિનવિશેષ

તા. ૧ જગતને બીજા મહાયુદ્ધમાં હોમનાર જર્મનીના સરમુખત્યાર હિટલરનું અવસાન, ૧૯૪૫.
તા. ૫ રશિયાના પ્રખર-ઉગ્ર વિચારક અને સામ્યવાદના પ્રણેતા કાર્લ માર્ક્સનો જન્મ, ૧૮૧૮.
તા. ૬ હિંદમાં પહેલા ખ્રિસ્તી ધર્મ-પ્રચારક ફ્રાન્સિસ ઝેવિયર ગોવા બંદરે ઊતર્યા, ૧૫૪૨.
તા. ૮ હરિજનોની હાડમારી નિવારવા માટે ગાંધીજીએ ૨૧ દિવસના ઉપવાસ કર્યા, ૧૯૩૩.
તા. ૧૧ દિલ્હીનો કબજો લઈ બળવાખોરોએ બહાદુરશાહને શહેનશાહ જાહેર કર્યા, ૧૮૫૭.
તા. ૨૦ અમેરિકા ખંડની શોધ કરનાર સાહસસફરી ક્રિસ્ટોફર કોલંબસનું અવસાન, ૧૫૦૬.
તા. ૩૧ મુક્તિના બુલંદગાયક અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમનનો વેસ્ટહિલ્સ ખાતે જન્મ, ૧૮૧૯

વ્યક્તિવિશેષ : જગદ્‌ગુરુ શંકરાચાર્ય



પોતાની તેજસ્વી મેધા, અપ્રતિહત જ્ઞાનશક્તિ તથા પ્રજ્ઞાના પરમ વિકાસે કરીને ભારતમાં પ્રવર્તતી ધાર્મિક-નૈતિક અરાજકતા ને શિથિલતાના યુગમાં, જૈન-બૌદ્ધ આદિ ધર્મોના ઉમદા સિદ્ધાન્તોને હિંદુ ધર્મમાં સમાવી લઇને તેને દૃઢમૂલ કરી, ભારતભરમાં તેનો યુગ પ્રવર્તાવનાર આ પ્રકાંડ તત્ત્વપંડિત, શક્તિસંપન્ન કવિ, સાહિત્યકાર, સમાજસુધારક ને મહાન રાષ્ટ્રનિર્માતા સંન્યાસીનો જન્મ ઈ. ૭૮૮ની ૧૫મી મેના રોજ, મલબાર પ્રાંતના કાલડી કે કાલટી ગામમાં, પ્રસિદ્ધ નાંબુદ્રી બ્રાહ્મણ-કુળમાં થએલો. તેમના પિતાનું નામ શિવગુરુ ને માતાનું નામ સુભદ્રા હતું. તેમને ત્રીજે વર્ષે પિતાનું અવસાન થયું. પાંચમે વર્ષે તેમણે યજ્ઞોપવીત ધારણ કર્યું. આઠ વર્ષની ઉમરે તો તેઓ તલસ્પર્શી ધર્માધ્યયન કરીને દાર્શનિક સમસ્યાઓ પર મીમાંસા લખવા માંડયા હતા. સંન્યાસ લેવા માટે માતા તરફથી રજા ન મળતાં એક નદીમાં નાહવા પડયા પછી મગરે તેમનો પગ પકડયો ત્યારે એમણે માતાને કહ્યું કે જો હું સંન્યાસ લઉં તો જ આ મગર મને છોડશે. માતાએ રજા આપી. નર્મદાતટે આવેલા એક સુપ્રસિદ્ધ વિદ્યાકેન્દ્રના આચાર્ય ગોવિંદપાદ પાસે તેમણે દીક્ષા લીધી ને ગુરુએ તેમનું નામ ભગવત્પૂજ્યપાદાચાર્ય રાખ્યું.

તેઓ કાશી ગયા, જ્યાં તેમણે અકાટ્ય શબ્દવાણી તથા પ્રકાંડ દાર્શનિક યુક્તિઓ દ્વારા અદ્વૈત મતનો પ્રચાર આરંભ્યો. વખતોવખત તેઓ હિમાલયમાં બદરિકાશ્રમ જતા રહેતા. બાદ શિષ્યમંડળ સહિત તેમણે આખા ભારતમાં અદ્વૈત-મત પ્રચારની 'દિગ્વિજય યાત્રા' શરૂ કરી. પ્રકાંડ બૌદ્ધતત્ત્વજ્ઞ મંડનમિશ્ર સાથે તેમનાં પત્ની સરસ્વતીને મધ્યસ્થ રાખીને તેમણે શાસ્ત્રાર્થ કરેલો, જેમાં મંડનમિશ્ર અને પછી સરસ્વતીદેવી પણ હારતાં બંને શંકરાચાર્યનાં શિષ્ય બન્યાં. ઉત્તરાવસ્થામાં તેમણે દક્ષિણમાં શૃંગેરિ, પશ્ચિમમાં દ્વારકા, પૂર્વમાં પુરી અને ઉત્તરમાં બદરિકાશ્રમ ખાતે ચાર જ્ઞાનપીઠ-મઠ સ્થાપ્યા. માતાના અવસાન સમયે તેઓ પોતાને ગામ જઈ પહોંચેલા, અને પુત્ર તરીકેના પોતાના કર્તવ્ય પાસે સંન્યાસ નિયમો તથા લોકાપવાદને ગૌણ ગણી માતાના દેહનો અંત્યેષ્ટિસંસ્કાર કરેલો. ૩૨ વર્ષની યુવાન વયે ઈ. ૮૨૦માં હિમાલયમાં કેદાર ખાતે ભયંકર ભગંદર રોગની બીમારીમાં તેમણે દેહ છોડયો.

તેમના પ્રથમ શિષ્યનું નામ સુનંદન હતું. તોટકાચાર્ય, હસ્તામલક વગેરે તેમના અન્ય શિષ્યો હતા. વેદ, વેદાંતગ્રંથો પરનાં તેમનાં ભાષ્યોમાં પ્રકટ થતું તત્ત્વજ્ઞાન તલસ્પર્શી તર્કશક્તિ તથા વિચારશક્તિની પરાકોટિએ પહોંચેલું છે. 'વિવેકચૂડામણિ' એ તેમનો વધુ પ્રશસ્ત ગ્રંથ છે.

પ્રસંગવિશેષ : અંગ્રેજોએ જોન ઑવ આર્કને જીવતી બાળી મૂકી, ૩૦મી મે ૧૪૩૧ને

૧૫મી સદીમાં ફ્રાન્સ અંગ્રેજોએ પડાવી લીધું હતું, દેશના અમીરો માંહોમાંહે લડતા હતા, પરશાસનથી પ્રજા ત્રાસી ગઈ હતી. ફ્રાન્સની સ્વાતંત્ર્ય-દેવી જોન ઑવ આર્કે આત્મામાં ઊઠેલો સ્વાતંત્ર્યનો દૈવી અવાજ સાંભળ્યો. ઈ. ૧૪૨૯ની છઠ્ઠી માર્ચે તે ફ્રાન્સના ગાદીહીન રાજા ચાર્લ્સ સાતમાને મળી, જેણે એને લશ્કર આપી અંગ્રેજોએ ઘેરેલા ઑર્લીઆં નગરને છોડાવવા મોકલી. ૨૮મી એપ્રિલે એણે ઘેરો છોડાવી ઑર્લીઆંમાં પ્રવેશ કર્યો ને પછી બીજાં શહેરો પણ જીતી જુલાઈની ૧૭મીએ રહીમ નગરમાં ચાર્લ્સનો રાજ્યાભિષેક કર્યો. પણ ત્યાર પછી ૧૪૩૦ના મે માસમાં કૉંપીએન્ય ગામે એ લડતાં ઘવાઈ ને બર્ગંડીના જાં દ લુકસમ્બુર્ગને હાથે પકડાઈ જેણે તેને ૨૦,૦૦૦ પાઉંડમાં અંગ્રેજોને વેચી દીધી! છ માસના દુઃખદ કારાવાસમાં પીડયા બાદ અંગ્રેજોએ એને દોષિત ઠરાવી રૂઆં નગરના ચોકમાં ઈ. ૧૪૩૧ની ૩૦મીએ જીવતી બાળી મૂકી. તેના છેલ્લા શબ્દો હતા: 'મેં સાંભળેલા સાદ ભગવાનના હતા; એણે મને છેતરી નથી.'

હવિંગિયાંની લૂમ

ગ્રાહક : તમારી જાહેરખબરમાં લખ્યું છે કે હોટલ સ્ટેશનથી પાંચ મિનિટના રસ્તે જ છે, પણ મારે તો એક કલાક ટાંટિયા ઘસડવા પડયા.

હોટલ માલિક : તમે જાણતા નથી લાગતા કે અહીં જમનારા સૌ મોટરમાં બેસીને આવે છે.

આરામથી બીડી પી રહેલા એક સજ્જનને પોલીસે ઓચિંતા ટપાર્યા : 'સાહેબ, અહીં બીડી પીનારને પાંચ રૂપિયા દંડ થાય છે.'

બીડી પીનાર સજ્જને દસ રૂપિયાની નોટ પોલીસના હાથમાં મૂકી. પોલીસે કહ્યું : 'પણ મારી પાસે છૂટા નથી.'

સજ્જન પોલીસના હાથમાં બીજી બીડી મૂકતાં બોલ્યા : 'છૂટા પૈસા વળી કયાં શોધવા જવા? તમે બી એક લગાવો!'

એક છોકરો દોડતો દોડતો એક દુકાનમાં પ્રવેશ્યો ને દુકાનદારને કહેવા લાગ્યો: 'મારા બાપુજીની મચ્છવાડો મ્યાંખલો પડયો છે.'

દુકાનદાર : તેમાં હું શું કરી શકું?

આ કૅમેરામાં જલદી ફિલ્મ ભરી આપોને.'

પ્રસૂતિગૃહમાં સમાચાર જાણવા આતુર પિતાને નર્સે આવી કહ્યું : 'છોકરી આવી છે.'

પિતાએ નિરાંતનો શ્વાસ મૂકતાં કહ્યું : 'હાશ, મારી પોતાની દશાનો વિચાર કરતાં મેં હમેશાં ઇચ્છેલું કે છોકરો ન આવે તો સારું.'

'આખરે માનવતાને માટે તેં શું કર્યું છે? બોલ.' એક ખિસ્સાકાતરુને સજા ફરમાવતાં ન્યાયાધીશે ગુસ્સે થઈ પૂછયું.

ગુનેગારે અતિ શ્રદ્ધાપૂર્વક જવાબ આપ્યો: 'તમારી ત્રણથી ચાર જ્યૂરીઓને મેં નિયમિતપણે કામ કરતાં રાખ્યા છે.'

'વિપિનને નોકરીમાંથી રજા કેમ મળી?'

'તેની યાદશક્તિ બરાબર નહોતી.'

'પણ પાછો તે આજ તો તેની જૂની ઑફિસને બારણે જઇને ઊભો છે.'

'પહેલાં પોતે કયાં નોકરી કરતો એટલું યે બિચારો ભૂલી ગયો લાગે છે!'

'તમારે દિલ્હીની મુસાફરી થશે' એમ હસ્તજ્યોતિષીએ કહ્યું હોવાથી હાથ બતાવનાર તો બીજે દિવસે સીધો સ્ટેશને પહોંચ્યો અને દિલ્હીની ટિકિટ માગી. બુકિંગ-ક્લાર્કે પૂછયું : 'સિંગલ કે રીટર્ન?'

ભાઈએ હથેળી ફેલાવતાં કહ્યું : 'મને કશી જ ખબર પડતી નથી. હાથ જોતાં આવડતું હોય તો તમે જ જરા કહી આપોને!'

જબ મૈં થી તબ પિયુ નહીં, અબ પિયુ હૈં મૈં નાહિં;
પ્રેમગલી અતિ સાંકરિ, યા મેં દુઈ ન સમાહિં.

—કબીર

ન્યાય માટે જાણીતા ખલીફા હજરત ઉમરે કડક દારૂબંધી ફરમાવી હતી, અને તેના ભંગ માટે ઝેરી કોરડાના પચાસ ફટકાની સજા થતી. પરિણામે કલાલોનો ધંધો બંધ પડવાથી તેમણે એક યુક્તિ કરી. ખલીફાના ખુદ શાહજાદાને જ ભોળવી તેને દ્રાક્ષનો રસ પાઇને પછી જાતે ખલીફાને તેની જાણ કરી, એવી આશાએ કે હવે દારૂબંધી પાછી ખેંચાશે! પણ ન્યાયચુસ્ત ખલીફાએ તો તેને પણ ભર્યા દરબારમાં બોલાવીને પૂછતાં નિખાલસ શાહજાદાએ ગુનો કબૂલ કરી જણાવ્યું કે મને સજા થવી જોઇએ!

ખલીફાએ ફટકાનો હુકમ કર્યો. લોકો સમસમી ઊઠયા, ને ખલીફાને સમજાવવા લાગ્યા, પણ નિષ્ફળ. નાજુક શરીર પર માત્ર દસ ફટકા પડતાં જ શાહજાદો ઢળી પડયો. ખલીફાએ પુત્રની મૃત્યુક્રિયા કરી, ને બાકી રહેલા ચાળીસ ફટકા તેમણે શાહજાદાની કબર ઉપર મરાવ્યા.

અનેકાર્થી શબ્દ: **વર**=વરરાજા; વરદાન કે આશીર્વાદ; ઇચ્છા કે યાચના; ઇષ્ટ પદાર્થ; પસંદ કરવું તે; બક્ષિશ યા ભેટ; કરિયાવર; ગૂગળ; આદુ; કેસર; ચકલું; દાન કે સખાવત; વ્યભિચારી પુરુષ; જમાઈ; ઉત્તમ; મોટું; થોડું.

કહેવતોના અર્થ: છાણના દેવને કપાસિયાની આંખો (કે ખાસડાની પૂજા)—કોઈ પણ વ્યક્તિની યોગ્યતા અનુસાર તેની સાથે વર્તાવ કરવો જોઇએ એવો આ કહેવતનો ગર્ભિત અર્થ, દેવ જો છાણના બનાવેલા હોય તો તેમની આંખો કપાસિયા જેવી હલકી ચીજોની જ હોય એ રૂપક દ્વારા ચોટદાર બને છે.

ગણિતગમ્મત: ૧ થી શરૂ કરીને કોઈ પણ આંકડા સુધીની રકમના બધા જ આંકડાઓનો સરવાળો કરવા માટે, તેની બરાબર વચ્ચેના તથા તેના સૌથી મોટા આંકડાનો ગુણાકાર કરવો. જેમકે ૧ થી ૯ સુધીની રકમના બધા જ આંકડાઓનો સરવાળો કરવા માટે ૫ અને ૯નો ગુણાકાર કરવો; ૧ થી ૮ સુધીના અંકના સરવાળા માટે ૪॥ અને ૮નો ગુણાકાર કરવો.

દર્દી: એક સાધારણ ખાંસી થાય તો પણ તેનું પરિણામ કેટલું બૂરું આવે છે તેની મને આજે સમજ પડી.

ડૉક્ટર: કેવી રીતે?

દર્દી: આપનું બિલ જોઇને.

દાંત મજબૂત કરવા માટે ઝીપટાનું દાતણ એ અચૂક 'વજ્રદંતી' ઔષધ છે. ઝીપટાની બે જાત થાય છે: (૧) ગાડરિયો—જેમાંથી લોકો વાળવાના સાવરણા બનાવે છે, અને (૨) દાતણિયો ઝીપટો—જેનાં પાન આમલીથી પણ સાંકડાં થાય છે, અને તેનું દાતણ વજ્રદંતી ગણાય છે. દાતણ તીખું લાગે, પેઢાં ચટપટે, બાવળ જેવું મુલાયમ પણ નહિ; પરંતુ આઠદસ વર્ષ લગી ઝીપટાનું દાતણ કરનાર યુવાનને પાણી ભરેલી માટલી દાંત વડે ઊંચકતો નજરે જોયો છે. ગુણદૃષ્ટિએ સર્વ દાતણોમાં ઝીપટો શ્રેષ્ઠ છે.


ડાઘ પડયા છે?

કપડાં પરના ચાના ડાઘ કઈ રીતે દૂર કરશો? કપડાં પર ચાનો ડાઘ જેવો પડે કે તરત—તે સુકાય એ પહેલાં તેના પર દૂધ રેડી સાબુથી ધોઈ નાખવો. સફેદ કપડું સાબુવાળા પાણીમાં ઉકાળવું. જો ચાનો ડાઘ સુકાઈ ગયો હોય તો તેને સાબુ વતી ધોવો, મીઠું ને લીંબુનો રસ તેની પર ઘસવો અને પછી ડાઘ સખત તાપમાં સૂકવવો. આમ કરતાં યે ડાઘ દૂર ન થાય તો ફરી લીંબુનો રસ અને સોડા તેની પર ઘસવા, અને પછી ડાઘ સખત તાપમાં સૂકવવો (રંગીન રેશમ, ઊન કે રૅયૉન સખત તાપમાં સૂકવવાં નહિ). ઝાંખો ડાઘ રહી જતો હોય તો કપડાને સાબુવાળા પાણીમાં ઉકાળવાથી દૂર થશે.

ચાનો ડાઘ દૂર કરવાનો બીજો રસ્તો છે ડાઘવાળા ભાગને બટાટાના પાણીમાં પલાળીને તેને સાબુથી ધોવાનો. નાજુક ચીજો માટે ગ્લીસરિન ઉત્તમ કામ આપે છે. ગ્લીસરિનમાં થોડા કલાક સુધી કપડું પલાળી પછી સાબુથી ધોઇ નાખવું.



ઑલામાંથી ચૂલામાં ('અમૃત બજાર પત્રિકા'માં શ્રી પ્રફુલ્લચંદ્ર લાહિરી)



અંગ્રેજી મૂળાક્ષરોની ઉત્પત્તિ

જાન્યુઆરી અંકમાં શરૂ થએલી આ નવી માળામાં પ્રથમાક્ષર A અક્ષરનો વિકાસક્રમ આપ્યો હતો. તેની માફક જ B અક્ષર પણ મૂળ ઇજિપ્તની ચિત્રલિપિ હાએરોગ્લિફના બીજા એક પંખીના ચિત્રમાંથી ઊતરી આવ્યો છે. ઉપલા ચિત્રમાં મથાળાની પહેલી તકતીમાં એ પંખીનું આલેખન છે; તે પછી તેમાંથી ઇજિપ્તની લેખનલિપિમાં તેનું જે સાદું રેખાંકન થયું તે, અને ત્યાર બાદ તેમાંથી અનુક્રમે ફિનિશિયન, ગ્રીક, જૂની રોમન અને હાલની લિપિમાં 'બી' કેમ વિકસ્યો તે બતાવ્યું છે. નીચેની તકતીમાં એનું લેખન-સ્વરૂપ વિવિધ લિપિઓમાં જે રૂપે પ્રકટયું તે નીચેના ક્રમમાં દર્શાવ્યું છે: હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૅાસિંગ, ઈટાલિક, ટયૂડર, વિક્ટોરિયન અને આધુનિક લિપિ. તેમાં પહેલો કૅપિટલ અને તેની જોડે નાનો 'બી' બતાવ્યો છે.



કલાકણિકા: મધ્ય એશિયાના આ પ્રાચીન પાત્રનો ઘાટ તથા તે પરનાં સુશોભનો નોંધપાત્ર છે.